પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 14 MARCH, 2025 Vol. 23, No. 11 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



સુદાનના ઓમદુરમનમાં વિમાન ક્રેશ લશ્કરી કર્મચારીઓ સહિત 49ના મોત

PAGE NO. 18



જાફર એક્સપ્રેસ હાઈજેકમાં 21 યાત્રીની હત્યા, 33 આતંકી ઠાર

PAGE NO. 18

### અમેરિકામાં ગેરકાયદે રહેનારાઓ પર તવાઈ, ક્રિમિનલ એલિયન પ્રોગ્રામ અને 287g નામના કાર્યક્રમ હેઠળ કાર્યવાહી

# 32000ની ધરપકડ, 1.10 કરોડ લોકોને માથે સંકટ

### જાન્યુઆરી 2025 સુધીમાં આશરે 1 કરોડ 10 લાખ લોકો દસ્તાવેજ વગરના ઈમિગ્રન્ટ્સ હોવાનો ખુલાસો થયો

**વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદે સત્તા સંભાળ્યા બાદ દેશમાં ગેરકાયદેસર રહેનારા લોકો મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. અહેવાલો મુજબ ટ્રમ્પ તંત્રે ગેરકાયદે લોકો વિરુદ્ધ દેશનિકાલનું અભિયાન શરૂ કર્યા બાદ 50 દિવસમાં 32000 લોકોની ધરપકડ કરાઈ છે. જ્યારે જાન્યુઆરી 2025 સુધીમાં અંદાજ મુજબ આશરે 1 કરોડ 10 લાખ લોકો દસ્તાવેજ વગરના ઈમિગ્રન્ટ્સ હોવાનો ખુલાસો થયો છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ICE)ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના શપથ ગ્રહણના એક દિવસ બાદ એટલે કે 21 જાન્યુઆરીથી ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે દેશમાં ગેરકાયદે રહેતા 32,000થી વધુ ઈમિગ્રન્ટની ધરપકડ કરી છે. આઈસીઈ દ્વારા કરવામાં આવેલી મોટા પાયે ધરપકડો 'ક્રિમિનલ એલિયન પ્રોગ્રામ'



અને '287g' નામના કાર્યક્રમ હેઠળ કરાઈ છે. ઈમિગ્રેશન અધિકારીઓએ 50 દિવસમાં 14000થી વધુ દોષિત ગુનેગારો, 9800 સ્થળાંતર કરનારાઓ (ગુનાહિત આરોપો બાકી), 1155 શંકાસ્પદ ગેંગ સભ્યો, 44 વિદેશી ભાગેડુઓની ધરપકડ કરી છે.

**હજુ 1.10 કરોડ લોકો પર સંકટ**

પીઈડબલ્યુ રિસર્ચ સેન્ટર અને માઈગ્રેશન પોલિસી વેબસાઈટના ડેટા મુજબ, જાન્યુઆરી 2025 સુધીમાં અમેરિકામાં દસ્તાવેજ વગરના અંદાજે 11 મિલિયન (1 કરોડ 10 લાખ) ઈમિગ્રન્ટ્સ હોવાનો ખુલાસો થયો છે. ગેરકાયદે રહેનારા લોકોની સંખ્યાનો અંદાજ કુલ વસ્તીના આશરે 3.2% - 3.6% છે, જે સંખ્યા બદલાતી રહી છે, જોકે આ આંકડાને કુલ વસ્તીનો નોંધપાત્ર ભાગ કહી શકાય છે. PEW રિસર્ચ સેન્ટર અનુસાર, 2022માં યુનાઈટેડ સ્ટેટ્સમાં અનધિકૃત ઈમિગ્રન્ટ વસ્તી વધીને 1.10 કરોડ પર પહોંચી ગઈ હતી. 2007માં ગેરકાયદે રહેનારાઓની સંખ્યા 12.2 મિલિયને પહોંચી ગઈ હતી.


**2009થી 2024 દરમિયાન 16,000 ભારતીયોનો દેશનિકાલ કરાયો**

બીજીતરફ ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અમેરિકાએ 2009થી 2024ની વચ્ચે આશરે 16,000 ભારતીયોનો દેશનિકાલ કર્યો હતો. યુએસના પૂર્વ પ્રમુખ ઓબાના કાર્યકાળમાં 750 ભારતીયોનો, ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં 1550 લોકોનો જ્યારે બાઈડે સરકારના કાર્યકાળમાં 900 લોકોનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

## માર્ક કાર્નીનો રાજધાની ઓટ્ટાવામાં આજે શપથગ્રહણ સમારોહ

**ઓટ્ટાવા**

કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીનો શપથ ગ્રહણ સમારોહ 14 માર્ચે શુક્રવારના રોજ યોજાશે. તેઓ કેનેડાના 24મા વડાપ્રધાન તરીકે શપથ લેશે. રાજધાની ઓટ્ટાવામાં રીડો હોલના બોલરૂમમાં યોજાનાર કાર્યક્રમમાં કાર્ની ઉપરાંત તેમના મંત્રીમંડળના સભ્યો પણ શપથ લેશે. કાર્નીએ 9 ફેબ્રુઆરીના રોજ લિબરલ પાર્ટીના નેતાની ચૂંટણી જીતી હતી. કાર્નીને 85.9% મત મળ્યા હતા. માર્ક કાર્ની વર્તમાન કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના સ્થાને સત્તા સંભાળશે. પાર્ટી નેતાની ચૂંટણી જીત્યા બાદ કાર્નીએ વડાપ્રધાન ટ્રુડોને સાથે મુલાકાત કરી હતી. બંને વચ્ચે સત્તા સોંપવા અંગે ચર્ચા થઈ હતી. ટ્રુડોએ જાન્યુઆરીમાં વડાપ્રધાન પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી.



માર્ક કાર્ની એક અર્થશાસ્ત્રી અને ભૂતપૂર્વ સેન્ટ્રલ બેંકર છે. કાર્ની 2008માં બેંક ઓફ કેનેડાના ગવર્નર તરીકે ચૂંટાયા હતા. કેનેડાને મંદીમાંથી બહાર કાઢવા માટે તેમણે લીધેલા પગલાંને કારણે, બેંક ઓફ ઈંગ્લેન્ડે તેમને 2013માં ગવર્નર પદની ઓફર કરી હતી. બેંક ઓફ ઈંગ્લેન્ડના 300 વર્ષના ઈતિહાસમાં આ જવાબદારી સોંપવામાં આવનાર તેઓ પ્રથમ બિન-બ્રિટિશ નાગરિક હતા. તેઓ 2020 સુધી તેની સાથે જોડાયેલા રહ્યા. બ્રેક્ઝિટ દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોએ તેમને બ્રિટનમાં પ્રખ્યાત બનાવ્યા હતા. ઘણા મતદારો માને છે કે કાર્નીની આર્થિક ક્ષમતાઓ અને તેમનો સંતુલિત સ્વભાવ ટ્રમ્પને સાધવામાં મદદ કરશે.

# ટ્રમ્પ બરાબર ભેરવાયા : વાતચીત કરવા માટે મોકલેલા નેગોશિએટર્સને રશિયાએ ઠેંગો બતાવ્યો

### અધિકારીઓ યુક્રેનમાં 30 દિવસના યુદ્ધવિરામ અંગેની યોજના રજૂ કરવા રશિયા પહોંચ્યા હતા

**વોશિંગ્ટન**

વિશ્વભરના અનેક દેશો સાથે 'ટેરિફ વૉર' છંછેડનાર અને ઝેલેન્સ્કીને પોતાના દેશમાં બોલાવી ઝાટકણી કાઢનાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બરાબરના ફસાયા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે રકઝક કર્યા બાદ ટ્રમ્પે નેગોશિએટર્સને રશિયા સાથે વાતચીત કરવા માટે મોકલ્યા છે. જોકે એવા અહેવાલ સામે આવ્યા છે કે, રશિયાએ ટ્રમ્પના નેગોશિએટર્સને ઠેંગો બતાવી દીધો છે.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે ટ્રમ્પના નેગોશિએટર્સ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે, અમેરિકાના વાટાઘાટ કરનાર અધિકારીઓ રશિયા પહોંચ્યા છે અને બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં વાતચીત શરુ થશે. આ અધિકારીઓ યુક્રેનમાં 30 દિવસના યુદ્ધવિરામ અંગેની યોજના રજૂ કરવા માટે રશિયા પહોંચ્યા છે. જોકે રિપોર્ટ મુજબ રશિયાએ અમેરિકન યોજના અંગે ઠેંગો બતાવી હજુ સુધી હા કે નાનો જવાબ આપ્યો નથી.


બીજી તરફ ક્રેમલિનના ટોચના સહયોગીએ ગુરુવારે રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધવિરામ અંગે અમેરિકા-યુક્રેનના પ્રસ્તાવની ટીકા કરી છે અને કહ્યું છે કે, પ્રસ્તાવ માત્ર યુક્રેનની સેના માટે રાહત જેવો છે. ઉલ્લેખનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ત્રણ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આ ઉપરાંત અમેરિકા પણ યુદ્ધવિરામ માટે તેમજ ઝેલેન્સ્કી પર દબાણ કરવા માટે અનેક પ્રયાસો કરી રહ્યું છે. બંને દેશોના યુદ્ધના કારણે અનેક દેશોને આર્થિક નુકસાન થઈ રહ્યું છે, તેથી આ વાતચીત આંતરરાષ્ટ્રીય કુટનીતિની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.









# ટોરોન્ટોમાં કારજેકિંગ : 3 સગીર આરોપી, ધરપકડનો વીડિયો વાયરલ

## સગીરોને ટ્રેક કરવામાં યોર્ક રિજનલ પોલીસના હેલિકોપ્ટરે ટોરોન્ટો પોલીસને મદદ કરી

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં સપ્તાહના અંતે કારજેકિંગમાં પોલીસ દ્વારા ત્રણ સગીરની ધરપકડ કરવામાં આવી છે અને તેમના પર આરોપ મૂકવામાં આવ્યા છે.

ટોરોન્ટો પોલીસે શનિવારે સાંજે કારજેકિંગ બાદ ટોરોન્ટોના બે 16 વર્ષના અને એક 17 વર્ષના સગીરની ધરપકડના હેલિકોપ્ટર ફૂટેજ જાહેર કર્યા હતા. આ સાથે પોલીસે જણાવ્યું હતું કે વાહન ઉત્તર યોર્કમાં વિક્ટોરિયા પાર્ક એવન્યુ અને શેપર્ડ એવન્યુ E વિસ્તારમાંથી ચોરાયું હતું અને સ્કારબરોમાં નીલ્સન અને એલેસ્મેર રોડના વિસ્તારમાં રોકાયું હતું. આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

યોર્ક રિજનલ પોલીસના હેલિકોપ્ટરે ટોરોન્ટો પોલીસને સગીરોને ટ્રેક કરવામાં મદદ કરી હતી. કારણ કે તેઓ ચોરાયેલા વાહનમાંથી ભાગી ગયા પછી રહેણાંક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

ટોરોન્ટો પોલીસ વડા માયરોન ડેમકીવે બુધવારે જણાવ્યું હતું કે, આ ચાલુ મુદ્દાને ઉકેલવા અને આપણા શહેરને સુરક્ષિત રાખવા માટેની અમારી પ્રતિબદ્ધતા કાયમ છે.

શનિવારે રાત્રે 8:36 વાગ્યે આ વિસ્તારમાં લૂંટના કોલનો જવાબ આપતાં આ ઘટના શરૂ થઈ હતી.

પોલીસે આરોપ લગાવ્યો છે કે એક વ્યક્તિ વાહનમાં બેઠો હતો, ત્યારે એક સગીર પાછળના દરવાજામાંથી કારમાં ઘૂસી ગયો હતો. જે બાદ તેણે છરી કાઢી, તે વ્યક્તિના ગળા પર રાખી અને ચાવીઓ માંગી હતી. વ્યક્તિએ વાહનમાંથી બહાર નીકળતા પહેલા ચાવીઓ આપી દીધી હતી. ત્યારબાદ શંકાસ્પદ વ્યક્તિ ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે જણાવ્યું હતું કે અધિકારીઓએ ઝડપથી ચોરાયેલ વાહન શોધી કાઢ્યું હતું અને તેને ભગાડતા પહેલા ઘણા લોકોને તેમાં સવાર થતા જોયા હતા. અધિકારીઓએ ટોરોન્ટો પોલીસ ડિસ્પેચર્સની મદદથી વાહનને ટ્રેક કર્યું હતું, જો કે, તે સ્કારબરોમાં બંધ થયું હતુ.

# બી.સી.માં ટેકરી ઉપર પહોંચેલી કેબિન તૂટી પડતાં ભારે દોડધામ

### કેબિનમાં બેઠેલા લોકોને સામાન્ય ઈજા, ઘટનાનું કારણ જાણવા તપાસ શરૂ



**બ્રિટીશ કોલંબિયા**

બી.સી. માં કિકિંગ હોર્સ માઉન્ટેન રિસોર્ટમાં એક ગોંડોલા કેબિન જમીન પર તૂટી પડી છે. પ્રત્યક્ષદર્શી સ્કોટ વિલ્સને જણાવ્યું હતું કે લોકોથી ભરેલી ગોંડોલા કેબિન ટેકરી ઉપર ગયાની થોડા જ મિનિટોમાં ત્રણ મીટર નીચે પડી ગઈ હતી. આ ઘટના બાદ કેટલાક રાહદારીઓએ 911ને ફોન કર્યો હતો. બીજી તરફ કેબિનના દરવાજા ખુલી ગયા હતા, પરંતુ કોઈ પણ કેબિનમાંથી બહાર નીકળી શક્યું ન હતુ. જ્યારે મારો પુત્ર અને હું લગભગ પાંચ મિનિટ પછી અહીંથી ગયા, ત્યારે પણ મુસાફરો અંદર ફસાયેલા હતા. ટેકનિકલ સેફ્ટી બી.સી., જે હવે ઘટનાની તપાસ કરી રહી છે, તેણે ઈમેઈલ દ્વારા મોકલેલા નિવેદનમાં જણાવ્યું હતું કે "ફક્ત નાની ઈજાઓ નોંધાઈ છે." આ ઘટના ગોલ્ડન ઈગલ એક્સપ્રેસમાં સવારે 9:20 વાગ્યે આ ઘટના બની હતી.

# અમેરિકા સામે તેલ નિકાસ કર લાદવા સ્મીથને પ્રીમિયર ડોગ ફોર્ડની સલાહ

### તેલ અને ગેસ પર કરના વિકલ્પોની શોધ કરી આલ્બર્ટાએ પગલાં લેવા સમંતિ આપી

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડ તેમના પ્રાંતીય સમકક્ષોને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડિયન માલ પર લાદવામાં આવેલા ટેરિફ સામે બદલો લેવા સુચન કર્યું છે. સોમવારે ઓન્ટેરિયોએ ત્રણ યુએસ રાજ્યોમાં 1.5 મિલિયન ઘરોમાં નિકાસ થતી વીજળી ઉપર 25 ટકાનો સરચાર્જ લાદી દીધો હતો. આ ઘટના બાદ ફોર્ડે ડેનિયલ સ્મિથને સંદેશ આપ્યો હતો કે, એક દિવસ મને લાગે છે કે તમારે તે ટ્રમ્પ કાર્ડનો ઉપયોગ કરવો પડશે અને નિકાસ કર માટે મંજૂરી આપવી પડશે. સ્મિથે કહ્યું છે કે, આલ્બર્ટાએ પગલાં લેવાની જરૂર છે, પરંતુ તે તેલ અને ગેસ શિપમેન્ટ ઉપર પ્રતિ-ટેરિફ ઘટાડશે નહીં, કારણ કે તે યુ.એસ. તરફથી બદલો વધારી શકે છે અને કેનેડિયનોને નુકસાન પહોંચાડી શકે છે. સ્મિથે કહ્યું કે તેલ અને ગેસ પર નિકાસ કર "ઓન્ટારિયો ઓટો પાર્ટ્સ પર નિકાસ ટેરિફ મૂકવા જેવો હશે. તે પણ એક ખરાબ વિચાર છે. સ્મિથે આલ્બર્ટા અને ફેડરલ સરકાર પર ટ્રમ્પને માર્ગ બદલવા માટે દબાણ કરવા સાથે મળીને કામ કરવાનો વિચાર પણ રજૂ કર્યો હતો. સ્મિથે કહ્યું કે આલ્બર્ટા હવે અમેરિકન દારૂ અથવા VLTS ખરીદી રહ્યું નથી, અથવા અમેરિકન કંપનીઓ સાથે કરાર પર હસ્તાક્ષર કરી રહ્યું નથી. આલ્બર્ટાના અંદાજ મુજબ 2023-24માં પ્રાંતમાં $292 મિલિયન યુએસ દારૂના ઉત્પાદનો વેચાયા હતા. આલ્બર્ટા સરકાર કેનેડિયન કંપનીઓ અથવા વેપાર કરારોનું ઉલ્લંઘન ન કરતા દેશોની કંપનીઓ પાસેથી ખરીદીને પ્રાથમિકતા આપવાનું પણ વિચારી રહી છે.













# અમેરિકા અમને સન્માન ન આપે ત્યાં સુધી વળતા ટેરિફ : માર્ક કાની

## ભારત સાથે સબંધ સુધારવા કેનેડાની તૈયારી : અમેરિકા તરફથી થતાં કોઈપણ પ્રહારનો જવાબ આપવા કટિબદ્ધતા

**ઓટ્ટાવા**

કેનેડાના શાસક પક્ષ લિબરલ પાર્ટીના નવા ચૂંટાઈ આવેલા નેતા અને ભાવિ વડાપ્રધાન માર્ક કાર્નીએ ભારત સાથે બગડેલા સંબંધો સુધારવાને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે. તેમના પુરાગામી ટ્રુડોના સમયમાં કેનેડાના ભારત સાથેના સંબંધો તળિયે પહોંચી ગયા હતા. તેમણે લગભગ ૮૬ ટકા મત સાથે લિબરલ પાર્ટીની લીડરશિપમાં વિજય મેળવ્યો હતો.

એકબાજુએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડા પર ટેરિફ લાદવાની ધમકીઓ આપી રહ્યા છે, ત્યારે કેનેડાના નવા ભાવિ વડાપ્રધાને ટ્રમ્પને તેમની જ ભાષામાં જવાબ આપવાનો નિર્ણય લઈ લીધો છે. તેમણે પોતાના પ્રથમ સંબોધનમાં જણાવ્યું હતું કે, કેનેડા તેના જેવા દેશો સાથે સમકક્ષ વ્યાપારી સાથે સંબંધો બાંધવા માંગે છે અને નવી દિલ્હી તેમાનું એક છે.

માર્ક કાર્ની કરતાં ભારત સાથેના વ્યાપારી સંબંધોનું મહત્ત્વ બીજું કોઈ સમજે તેવી સંભાવના પણ નથી, કારણ કે તેઓ બેન્ક ઓફ કેનેડા અને બેન્ક ઓફ ઈંગ્લેન્ડના ગવર્નર બન્યા તેના પછી બ્રૂકલીન બોર્ડ ઓફ એસેટ મેનેજમેન્ટના વડા રહી ચૂક્યા છે. આ



એજ એસેટ મેનેજમેન્ટ કંપની છે જેની માલિકીની બૂરકફિલ્ડે ભારતમાં રિયલ્ટી, રીન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરમાં જંગી રોકાણ કર્યુ છે. તેમણે જાન્યુઆરીમાં જ આ હોદ્દો છોડયો હતો.


કેનેડા અને ભારત બંને ટ્રમ્પના ટેરિફનો સામનો કરી રહ્યા છે, ત્યારે ઓટ્ટાવાની સંબંધો સુધારવાની વાતનો નવી દિલ્હીએ પણ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આના પગલે દિલ્હીની કેનેડા સમક્ષ ભારતીયોને વિઝા આપવાના મર્યાદિત કરાયા અને નવી કેનેડિયન સિટિઝનશિપ માટેના વિઝાના ધારાધોરણો આકરા કરવામાં આવ્યા, તે અંગે ફેરવિચારની વિનંતીનો પડઘો પણ પડી શકે છે. આ ઉપરાંત તેઓ ખાલિસ્તાનવાદીઓની આળપંપાળમાં જરા પણ માનતા ન હોવાથી ભારતને તે મોરચે ઘણી શાંતિ રહેશે તેમ મનાય છે. તેમણે ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ટેરિફ અંગે સામાન્ય કેનેડિયનોની લાગણીનો પડઘો પાડતા જણાવ્યું હતું કે, કોઈ આપણા અર્થતંત્રને નબળું પાડવા પ્રયત્ન કરી રહ્યુ છે, આપણે જે બનાવીએ છીએ, વેચીએ છીએ અને આપણે જે રીતે જીવન પસાર કરીએ છીએ તેના પર અયોગ્ય રીતે ટેરિફ લગાવાયા છે. આ કેનેડિયન કુટુંબો, શ્રમિકો અને કારોબારો પર હુમલો છે. અમે તેને સફળ થવા નહીં દઈએ.

અમેરિકા જ્યાં સુધી અમને સન્માન નહીં આપે, ત્યાં સુધી વળતા ટેરિફ જારી રહેશે. તેમણે ઉમેર્યું કે, આ લડાઈ અમે શરૂ કરી ન હતી, પણ હવે જો કોઈ લડવા જ માંગતુ હોય તો કેનેડિયન તેના માટે હંમેશા તૈયાર રહે છે.

# કેનેડા ઉપર 50% ટેરિફ ઝીંકવાનો આદેશ અમેરિકાએ ફરી અટકાવ્યો

**અમેરિકામાં એલ્યુમિનિયમની 50 ટકા આયાત કેનેડામાંથી**

| દેશ | આયાત |
|---|---|
| કેનેડા | 3.2 મિલિયન |
| યુએઈ | 0.3 મિલિયન |
| ચીન | 0.2 મિલિયન |
| સાઉથ કોરિયા | 0.2 મિલિયન |
| આર્જેન્ટિના | 0.2 મિલિયન |
| ભારત | 0.2 મિલિયન |



**ન્યૂ યોર્ક**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી પાછી ગુલાંટ મારી છે. 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદથી તેઓ સતત કેનેડા, મેક્સિકો, ચીન સહિત વિશ્વના અન્ય દેશો પર ટેરિફ લાગુ કરવાની જાહેરાતો કરી રહ્યા છે, તેમાં અલ્ટીમેટમ પણ આપી રહ્યા છે. પરંતુ આ અલ્ટીમેટમનો અમલ કરી રહ્યા નથી. ટ્રમ્પે ફરી પાછી કેનેડામાં સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 50 ટકા ટેરિફ લાદવાનો નિર્ણય સ્થગિત કર્યો છે. બંને દેશો વચ્ચે ટ્રેડવોર અંગે સવાલો અને અનિશ્ચિતતાઓના કારણે ટ્રમ્પે કેનેડા પર આ ટેરિફનો અમલ થતો અટકાવ્યો હોવાનું ડોનાલ્ડ ટ્રમ્પના વરિષ્ઠ આર્થિક સલાહકારે જણાવ્યું છે.

મીડિયા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પના વરિષ્ઠ આર્થિક સલાહકાર પીટર નવારોએ જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા કેનેડા પર 12 માર્ચ, બુધવારે લાગુ થવા જઈ રહેલો ટેરિફ નિર્ણય હાલ અટકાવ્યો છે. નવોરાનું આ નિવેદન કેનેડાના ઓન્ટારિયોના ડગ ફોર્ડ દ્વારા અમેરિકાની વીજ નિકાસ પર લાગુ સરચાર્જ કામચલાઉ ધોરણે રદ કરવાની જાહેરાત બાદ આવ્યું છે.

ટ્રમ્પની ટેરિફ નીતિનો વિશ્વના તમામ દેશો આકરો જવાબ આપવા તૈયાર છે. કેનેડા, ચીન અને મેક્સિકોએ અમેરિકાના ટેરિફ પર સામો ટેરિફ લાદવાની તૈયારીઓ દર્શાવી છે. અન્ય દેશોની આ તૈયારીઓના કારણે ટ્રમ્પ સરકાર વારંવાર ટેરિફ લાગુ કરવાની નીતિ પર યુ ટર્ન લેવા મજબૂર બની છે.

જસ્ટિન ટ્રુડોના સ્થાને કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ અમેરિકાની ટેરિફ નીતિ પર આક્રમક વલણ દર્શાવ્યું છે. કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનાવવાની ટ્રમ્પની ધમકીઓ પર કાર્નીએ આકરી પ્રતિક્રિયા આપી છે કે, ટ્રમ્પે અમારી પ્રોડક્ટ્સ પર અયોગ્ય ટેરિફ લાદ્યો છે. જેનાથી કેનેડાના લાખો પરિવાર, મજૂર વર્ગ અને બિઝનેસ પર અસર થઈ રહી છે.

# ટેરિફના સંકટ વચ્ચે બેંક ઓફ કેનેડાએ વ્યાજ દર ઘટાડીને 2.75 ટકા કરી દીધો

ઓન્ટેરિયો : યુ.એસ. સાથે ચાલી રહેલા વેપાર યુદ્ધથી કેનેડિયન અર્થતંત્ર પર દબાણ આવવા લાગ્યું છે. જેથી બેંક ઓફ કેનેડાએ બુધવારે તેના રાતોરાત ધિરાણ દર 25 બેસિસ પોઈન્ટ ઘટાડીને 2.75 ટકા કર્યા છે. બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે આ અંગેની જાહેરાત કરતા કહ્યું હતુ કે, અર્થતંત્રએ વર્ષની શરૂઆત મજબૂત રીતે કરી હતી, જેમાં મજબૂત GDP વૃદ્ધિ અને ફુગાવો તેના બે ટકાના લક્ષ્યાંકની અંદર હતો. પરંતુ કેનેડા અને યુએસ વચ્ચે ફરી એકવાર વેપાર યુદ્ધને કારણે ટેરિફ અનિશ્ચિતતાએ વ્યવસાયિક ખર્ચ અને ભરતી ઉપર ભાર મૂક્યો છે, અને ગ્રાહક વિશ્વાસને હચમચાવી દીધો છે. ખાસ કરીને ઉત્પાદન વ્યવસાયોએ તેમના વેચાણના અંદાજ ઘટાડ્યા છે. આર્થિક પ્રવૃત્તિ પર નવા ટેરિફની મોટી અસર જોવાનું હજુ વહેલું નથી, પરંતુ અમારા સર્વે સૂચવે છે કે નવા ટેરિફના ભય અને કેનેડા-યુએસ વેપાર સંબંધો અંગેની અનિશ્ચિતતા પહેલાથી જ વ્યવસાય અને ગ્રાહક ઈરાદાઓ પર મોટી અસર કરી રહી છે. જૂન 2024માં દર ઘટાડવાનું શરૂ કર્યું ત્યારથી બેંકે આ સતત સાતમો ઘટાડો કર્યો છે.






તંત્રી સ્થાનેથી

# માર્ક કાર્નીનો મર્દાના મિજાજ US સાથે વધુ ઘર્ષણનો વર્તારો

કેનેડામાં જસ્ટિન ટ્રુડો સામે 2024ના મધ્યેથી ઉઠેલ વિરોધે સમીકરણો બદલી નાંખ્યા છે. ટ્રુડોએ જાન્યુઆરીમાં પીએમ પદેથી રાજીનામું આપવાની જાહેરાત કર્યા બાદ નવા વડાપ્રધાનની અટકળો ચાલતી રહી હતી. પરંતુ હવે એનો અંત આવી ગયો છે. લિબરલ પાર્ટી ઓફ કેનેડાએ માર્ક કાર્નીને નવા નેતા તરીકે ચૂંટી કાઢતા કાર્ની હવે ટ્રુડોના સ્થાને વડાપ્રધાન પદે શુક્રવારે શપથ લેશે અને તે માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે. માર્ક જાણીતાં અર્થશાસ્ત્રી ડાયના ફોક્સને પરણ્યા છે. યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડમાં ભણતાં ભણતાં માર્ક ડાયનાના પ્રેમમાં પડેલા અને પરણી ગયા. બંનેને ચાર સંતાન છે. ડાયના પર્યાવરણ અને સામાજિક ન્યાયના ક્ષેત્રમાં કામ કરે છે. કાર્નીને નેતાપદે ચૂંટીને લિબરલ પાર્ટીએ અમેરિકા સામે જંગની જસ્ટિન ટ્રુડોની નીતિને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે, અમેરિકાની દાદાગીરી સામે ઝૂકવાના બદલે લડી લેવાનો નિર્ધાર પણ પાર્ટીએ વ્યક્ત કર્યો છે. એટલે હવે કેનેડાના મામલે ટ્રમ્પ નમતું નહીં જોખે તો બંન્ને દેશ વચ્ચે ઘર્ષણની સ્થિતિ જોવા મળી શકે છે.



તંત્રી - સ્વદેશ

ચૂંટણમાં ટ્રુડોનાં ખાસ મનાતાં ૫૬ વર્ષનાં ક્રિસ્ટિયા રાજીનામું આપ્યા પછી અમેરિકાની તરફેણમાં બોલવા લાગ્યા હતા. તેથી લિબરલ પાર્ટીના કાર્યકરોએ તેમને જાકારો આપ્યો છે. કરીના ગૌલ્ડ માત્ર ૩૭ વર્ષનાં છે. કેનેડાના રાજકારણમાં નવી પેઢીને તક મળવી જોઈએ, તેની તરફેણ કરીના મંત્રી હતાં. લિબરલ પાર્ટીનાં નેતા બનવા ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ અને માર્ક કાર્ની વચ્ચે સ્પર્ધા હતી. માર્ક કેની વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી છે અને યુરોપના દેશો સાથે ગાઢ સંબંધો ધરાવે છે. કાર્ની ૨૦૧૩માં બેંક એફ ઈંગ્લેન્ડના ગવર્નર બન્યા હતા. આ સાથે જ બ્રિટનમાં ઈતિહાસ રચાયો હતો. કારણ કે, કાર્ની બિન બ્રિટીશર હતા. બ્રિટનમાં નહીં જન્મ્યા હોવા છતાં બેંક ઓફ ઈંગ્લેન્ડના ગવર્નર બનનાર તેઓ એક માત્ર વ્યક્તિ છે. જ્યારે માર્ક કાર્નીની ઈમેજ પહેલેથી જ ટ્રમ્પના વિરોધી તરીકેની છે. અમેરિકામા ટ્રમ્પ પ્રમુખ પદે ચૂંટાયા પછી કેનેડાનું સતત નીચું દેખાડવા પ્રયાસો કરતા રહ્યા છે. એક તબક્કે તો તેમણે કેનેડાને અમેરિકાનું જ રાજ્ય ગણાવી ટ્રુડોની મજાક પણ કરી હતી. આ ઉપરાંત ટ્રમ્પ કેનેડાને સતત ટેરિફની ધમકી આપતા રહ્યા છે. હવે માર્ક અમેરિકા સામે શરણાગતિ સ્વીકારવાના બદલે લડી લેવાનો મત ધરાવે છે. કાર્ની માને છે કે, આર્થિક રીતે કેનેડા અમેરિકા ઉપર નિર્ભર નથી. પણ અમેરિકા કેનેડા પર નિર્ભર છે. તેથી અમેરિકા કેનેડાના માલ ઉપર જેટલો ટેરિફ લાદે એટલો જ ટેરિફ કેનેડા પણ અમેરિકાના માલ પર લાદી શકે છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન કાર્ની આ વાત પર સતત ભાર મૂકતા હતા. લિબરલ પાર્ટીના કાર્યકરોને કાર્નીનો આ મિજાજ પસંદ આવ્યો છે. તેથી ચૂંટણીમાં તેઓ વિજયી થયા છે. કાર્ની આ વાતને સારી રીતે જાણે છે એટલે જ તેમણે નેતાપદે ચૂંટાયા પછી હુંકાર કર્યો છે કે, અમેરિકા કેનેડા નથી અને કેનેડા ક્યારેય, કોઈપણ સ્વરૂપમાં અમેરિકાનો ભાગ બનશે નહીં. કેનેડિયનોએ આ લડાઈ શરૃ કરી નથી. પરંતુ અમેરિકા કેનેડાને મજબૂર કરશે તો અમે લડી લેવા માટે તૈયાર છીએ.

હકીકતમાં માર્ક કેની અમેરિકા સામે લડવાની માત્ર વાતો જ નથી કરી રહ્યા, પરંતુ તેની પાસે લડવા માટેની વ્યૂહરચના પહેલેથી તૈયાર છે. કેનેડાનું અર્થતંત્ર નિકાસલક્ષી છે. અને વધારે પડતું અમેરિકા પર નિર્ભર છે. એટલે કાર્ની પહેલેથી અમેરિકા પરની નિર્ભરતા ઘટાડીને દુનિયાના બીજા દેશો સાથે અને ખાસ તો વિકાસશીલ દેશો સાથે આર્થિક સંબંધો ગાઢ બનાવવાની તરફેણ કરતા રહ્યા છે. કેનેડા પાસે જંગી પ્રમાણમાં પેટ્રોલીયમના ભંડારો છે. આ સિવાય ઝિંક, યુરેનિયમ, ગોલ્ડ, નિકલ, પ્લેટિનોઈડ્સ. એલ્યુમિનિયમ, સ્ટીલ, આયર્ન ઓરસ કોકિંગ કોલ, લીડ, કોપર, મોલીબ્ડેનમ, કોબાલ્ટ, કેડિયમના પણ ભંડાર છે. કેનેડા અત્યારે આ બધી ખનિજોની નિકાસ કરે છે, પણ મોટાભાગની ખનિજ અમેરિકાને આપે છે. આ ખનિજો એવી છે કે, દુનિયાનો કોઈ પણ દેશ લેવા માટે તૈયાર થઈ જાય. કેનેડા કૃષિ ઉત્પાદનમાં પણ વિશ્વમાં ટોચના દેશોમાં છે. કેનેડા વીજળી પણ જંગી પ્રમાણમાં ઉત્પન્ન કરે છે. અમેરિકાના કેટલાક રાજ્યોમાં કેનેડામાંથી જ વીજળીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. ટ્રમ્પે કેનેડાના બીજા માલ ઉપર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. પણ એનર્જી ઉપર ૧૦ ટકા ટેરિફ જ લાદ્યો છે. તેના પરથી જ ખબર પડે કે, એનર્જી સપ્લાય માટે અમેરિકા કેનેડા પર નિર્ભર છે. કેનેડા પાસે તોતિંગ ફિશિંગ ઈન્ડસ્ટ્રી પણ છે અને ઓટો પાર્ટ્સના ઉત્પાદનમાં પણ કેનેડા આગળ પડતું છે. કાર્ની આ તાકાતનો ઉપયોગ કેનેડાને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવા માટે કરવા ધારે છે. કાર્ની કેનેડાના વડાપ્રધાનપદે એવા સમયે આ કાર્નીને આ પ્રકારની સ્થિતિનો પણ અનુભવ છે. કાર્ની બેંક ઓફ ઈંગ્લેન્ડના ગવર્નર બન્યા ત્યારે યુકેમાં યુરોપીયન યુનિયનથી અલગ થવાની માગ જોરશોરથી ચાલી રહી હતી. યુકે યુરોપીયન યુનિયનથી અલગ થાય તો તેના અર્થતંત્રને મોટો ફટકો પડશે એવી ચેતવણીઓ અપાતી હતી. પણ કાર્નીએ એવી બ્લુપ્રિન્ટ આપી હતી કે, યુકે યુરોપીયન યુનિયનથી અલગ થાય તો પણ આર્થિક રીતે કોઈ નુકસાન ના થાય. ૨૦૨૦માં કાર્નીનો કાર્યકાળ પૂરો થવાનો હતો ત્યારે કોરોનાનું મહાસંકટ હતી. કાર્નીએ ત્યારે વ્યાજ દરમાં અડધા ટકાનો ઘટાડો કરીને બેંકોની રોકડ અર્થતંત્રમાં ફરતી કરીને યુકેને મંદીથી બચાવી લીધું હતુ.

કાર્નીનું બીજુ જમણુ પાસુ એ છે કે, તે યુકે, યુરોપીયન યુનિયન અને ભારત સહિતના દેશો સાથે આર્થિક સહકારની ધરી રચીને માત્ર કેનેડાને જ નહીં પણ દુનિયાને પણ નવી દિશા આપવા માંગે છે. વળી, ટ્રુડોએ ખાલિસ્તાનવાદી મતબેંકની લાલચમાં ભારત સાથેના સંબંધો બગાડી નાંખ્યા હતા. પણ માર્ક કાર્ની ભારત સાથે ગાઢ સંબંધોના તરફદાર છે. કાર્નીએ ચૂંટણી પ્રચાર દરમિયાન જ કહેલું કે, સત્તામાં આવીશ તો ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરીશ. કાર્નીના કહેવા પ્રમાણે કેનેડા હવે પોતાના વ્યાપારી સંબંધોમાં વિવિધતા લાવવા માગે છે અને પોતાના જેવી માનસિકતા ધરાવતા દેશો સાથે પોતાના વ્યાપારી સંબંધો મજબૂત કરવા માગે છે. અમેરિકા ભારતને પોતાના માલ પર ટેરિફ ઓછો કરવા માટે દબાણ કર્યા કરે છે એ સંદર્ભમાં કાર્નીએ આ વાત કરી હતી. કાર્ની ભારતના અર્થતંત્રને સારી રીતે સમજે છે. ભારતમાં રીયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીન્યુએલ એનર્જી, પ્રાઈવેટ ઈક્વિટી વગેરે ક્ષેત્રોમાં લગભગ ૩૦ અબજ ડોલરનું રોકાણ ધરાવતી બુરક્સફિલ્ડ એસેટ મેનેજમેન્ટમાં કાર્ની કામ કરી ચૂક્યા છે. બુરક્સફિલ્ડને ભારતમાં મોટા ભાગનું રોકાણ કાર્નીએ કરાવ્યું છે. તેથી ભારતમાં કમાણીની કેવી તકો છે તેનો તેમને અંદાજ છે. જો કેનેડા-ભારતના સંબંધો મજબૂત થાય તો કેનેડાને ભારે ફાયદો થશે તેની તેમને જાણ છે.



manoj1968@yahoo. ca






# બિલ્ડરોની જમીનના ભાવ વધારવા સાંસદ મિતેષ પટેલે ગામોને મનપામાં ભેળવ્યાનો આક્ષેપ

## સાંસદ સરકારી દલાલ બન્યા હોવાનો સરદાર સંકલ્પ સમિતિના અધ્યક્ષનો આરોપ

**આણંદ**

આંકલાવના કહાનવાડી ગામની ૨૩૭ વીઘા જમીન રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળને માત્ર રૂ. ૩૮ કરોડમાં પાણીના ભાવે આપી દેવા મામલે આણંદના ભાજપના સાંસદ મિતેષ પટેલનું નામ ખૂલ્યા બાદ રાજકારણ ગરમાયું છે. તેવામાં કરમસદના અલગ અસ્તિત્વની માંગ કરનારા સરદાર સન્માન સંકલ્પ સમિતિના અધ્યક્ષ મિથિલેશ અમીને સાંસદની પૂતના સાથે સરખામણી કરીને, સાંસદે ગેરરીતિ કરવા કરમસદ, વિદ્યાનગર, જિટોડિયા અને બાકરોલને મનપામાં સમાવ્યા હોવાના આક્ષેપ લગાવ્યા હતા. સરદાર સન્માન સંકલ્પ સમિતિના અધ્યક્ષે એક વીડિયો વાયરલ કરી જણાવ્યું હતું કે, હાલ કહાનવાડી ગામની કરોડો રૂપિયાની જમીન રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળને આપી દીધી છે. આણંદના સાંસદ મિતેષ પટેલ જ્યારે ચૂંટણી વખતે કરમસદ આવ્યા હતા ત્યારે કરમસદને વિકાસ નગરી બનાવવાની વાતો કરી હતી. ચૂંટણી જીત્યા બાદ ગ્રામજનો અને ભાજપના નેતાઓને અંધારામાં રાખીને કરમસદ, વિદ્યાનગર, જિટોડિયા, બાકરોલ સહિતના ગામોને મનપામાં ભેળવવાની ભલામણ કરી આવ્યા હતા.

દરેક ગામમાં વિકાસના નામે વોટ લીધા પરંતુ પછીથી સરકારી દલાલ થઈને જમીનો રાખનારા બિલ્ડરોની જમીનના ભાવ વધે તે માટે આ ગામોને મનપામાં ભેળવી દેવાયાનો આક્ષેપ લગાવ્યો હતો.

# પંચમહાલના દેરાસરમાં મૂર્તિ ખંડિત કરનાર ત્રણ લોકોની ધરપકડ કરાઈ

**પંચમહાલ**

ધનેશ્વર ગામમાં વિજય ઈન્દ્ર જગત વિદ્યાલયના પટાંગણમાં ભગવાન મહાવીર સ્વામીનું જિનાલય આવેલું છે. રવિવારે કેટલાંક અજાણ્યા ઈસમો દ્વારા દેરાસરના મિજાગરા નકુચા તોડી અંદર બિરાજમાન ભગવાન મહાવીર સ્વામીની મૂર્તિને ખંડિત કરવામાં આવી હતી. પલાઠી અને હાથ તોડી નાખવામાં આવ્યા હતા. ગર્ભગૃહ બહાર સ્થાપિત ગૌતમ સ્વામીની પ્રતિમાનો તો પલાઠી સિવાયનો સંપૂર્ણ ભાગ તોડી પડાયો હતો અને વલ્લભસૂરી મહારાજની મૂર્તિનું માથું ધડથી અલગ કરી દેવાયું હતું. આ ઘટનાની જાણ વાયુવેગે જૈન સમાજમાં પ્રસરી જતાં ભારે આક્રોશનું વાતાવરણ જોવા મળ્યું હતું.

આ મામલે જૈન અગ્રણીઓએ મંગળવારે ઘોઘંબાના રાયગઢ પોલીસ સ્ટેશનના મહિલા પી.આઈ. બી.ટી. બુટીયાને રજૂઆત કરી હતી કે, આરોપીઓને શોધી કાઢવામાં આવે. દુનિયાભરમાં વસતા લાખો જૈનોની ધાર્મિક લાગણી દુભાણી છે. મામલાની ગંભીરતા જોતાં પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું છે અને શકમંદો તથા સીસીટીવીના ફૂટેજના આધારે આ ઘટનાને અંજામ આપનાર તત્ત્વો ઉપર ગાળીયો કસવામાં આવ્યો હતો.

# કોમર્સ ફેકલ્ટીમાં ધુળેટીની ઉજવણી દરમિયાન બે જૂથો વચ્ચે મારામારી

**વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં આજે ધુળેટીની ઉજવણી વચ્ચે વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા દોડધામ મચી ગઈ હતી.

મળતી વિગતો પ્રમાણે એક તરફ ફેકલ્ટીના કેમ્પસમાં વિદ્યાર્થીઓ એક બીજા પર રંગ ઉડાડીને ધુળેટી મનાવી રહ્યા હતા ત્યારે પોલીટેકનિકના એક વિદ્યાર્થી અને તેના મિત્રો પણ ત્યાં હાજર હતા.આ વિદ્યાર્થીએ કોમર્સ ફેકલ્ટીની એક વિદ્યાર્થિનીનું સોશયલ મીડિયા આઈડી અને મોબાઈલ નંબર માગતા વિદ્યાર્થિનીના ગુરુપમાં સામેલ બીજા વિદ્યાર્થીઓએ પોલીટેકનિકના વિદ્યાર્થીના ગ્રુપ સાથે બોલાચાલી કરી હતી અને એ પછી છુટ્ટા હાથની મારામારી થતા દોડધામ થઈ ગઈ હતી.સયાજીગંજ પોલીસની પણ કોમર્સ ફેકલ્ટીમાં એન્ટ્રી પડી હતી.જોકે આ મામલામાં કોઈ પોલીસ ફરિયાદ નોધાઈ નથી.

બીજી તરફ મારામારીના કારણે કુખ્યાત બનેલી આર્ટસ ફેકલ્ટીની કેન્ટીનમાં પણ બે જૂથો આજે બાખડી પડયા હતા.પહેલા બોલાચાલી બાદ બંને જૂથો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

# વડોદરામાં બ્યૂટી પાર્લરની કેબિનમાં પત્ની અને તેના પ્રેમીને કઢંગી હાલતમાં પતિએ ઝડપ્યા

## પતિ કૂદીને કેબિનમાં ઘૂસ્યો તો પત્નીએ બચકૂ ભર્યું અને તેના પ્રેમીએ લાતો મારી

**વડોદરા**

ડભોઈ તાલુકાના એક ગામમાં રહેતા વિશ્વાસે બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું માતા સાથે રહી ખેતી કામ કરું છું. ઓગસ્ટ-૨૦૦૯માં મેં વડોદરામાં રહેતી દિપીકા સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. મારે અને પત્ની સાથે વારંવાર ઝઘડો થતાં એક વર્ષ પહેલાં તે વડોદરા ખાતે તેના પિતાના ઘેર રહેવા માટે જતી રહી હતી.

મારી પત્નીને ગામમાં રહેતા પ્રેમ પટેલ સાથે આડા સંબંધો છે. મારી પત્ની વડોદરામાં આજવારોડ પર પંચમ પાર્ટી પ્લોટની સામેના કોમ્પ્લેક્સમાં એક બ્યૂટી પાર્લર ચલાવે છે અને પ્રેમ વારંવાર મારી પત્નીને મળવા જાય છે તેવો મને શક હતો. તા.ઉના રોજ બપોરે હું અને મારો મિત્ર આજવારોડ જતા હતા ત્યારે મારી પત્નીના બ્યૂટીપાર્લરના કોમ્પ્લેક્સના પાર્કિંગમાં તેના પ્રેમીની કાર જોતાં મને શક ગયો હતો અને હું તેમજ મારો મિત્ર બંને બ્યૂટી પાર્લર પર ગયા હતાં.

અને છથી સાત ફૂટ ઊંચા કેબિનમાં ઉપર ચડીને જોયું તો પત્ની અને તેનો પ્રેમી બંને કઢંગી હાલતમાં હતાં. હું કૂદીને અંદર ઉતર્યો તો પત્નીએ મને ખભા પર બચકું ભર્યું હતું અને તેના પ્રેમીએ મને લાત મારી હતી. મારો મિત્ર કેબિનની ઉપર ચડીને મોબાઈલમાં શુંટિંગ ઉતારતો હતો ત્યારે પત્નીએ મોબાઈલ ઝૂંટવી લીધો હતો જેથી મિત્ર પણ કૂદીને અંદર આવતા તેને પગે ફેક્ચર થયું હતું.

# ડાકોરમાં ઠાકોરજી ગજરાજ પર શાહી સવારી સોનાની પિચકારી વડે ભગવાન રંગે રમ્યાં

**આણંદ**

ડાકોર રણછોડરાયજીના મંદિરે સોમવારે કુંજ એકાદશીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. મંગળા આરતી બાદ ઠાકોરજીને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવામાં આવ્યા હતા. શૃંગાર ભોગથી શયન ભોગ સુધી ઠાકોરજીને હોળીનો ખેલ ખેલવામાં આવ્યો હતો. પરંપરા મુજબ ફૂલદોડ સુધી ખેલ ઉજવવામાં આવશે.

ઠાકોરજીને સોનાની પિચકારીઓથી કેસુડાના જળ અને નવરંગોનો છડો ઉછાળીને ભક્તોને હોળી ઉત્સવનો લાભ અપાયો હતો. ઉત્થાપન આરતી પછી ગજરાજની શાહી સવારી ઉપર ચાંદીની અંબાડી બાંધીને અબીલ ગુલાલના થેલા ભરાવી, મંદિરના મુખ્યગેટ પાસેથી ગૌશાળામાં ભજન મંડળીઓ ડંકા નિશાન સાથે શાહી સવારી પર લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ઠાકોરજીને હોળી ઉત્સવ ભક્તો સાથે



ઉજવવામાં આવ્યો હતો અને પછી સવારી પાછી મંદિરે પરત લાવી લક્ષ્મીજી મંદિરે લઈ જવામાં આવી હતી. રાત્રિના ૯ વાગ્યાના અરસામાં ઠાકોરજીને નિજમંદિર પરત લાવ્યા હતા. ત્યાં તેમની ઈન્ડિપિંડીથી નજર ઉતારવામાં આવી હતી.

# મુસ્લિમ પરિવારો ઝઘડ્યા, પોલીસ છોડાવવા જતા વાન પર પથ્થરમારો : 11 વિરુદ્ધ ગુનો

**વડોદરા**

વડોદરા શહેરના આજવા રોડ એકતાનગરમાં મોટાભાગે મુસ્લિમ વસ્તી રહે છે. જેમાં ગઈકાલે બે લઘુમતી ગોમના યોગ વચ્ચે તાવીજ પહેરવા બાબતે ઝઘડો થયો હતો. જેમાં યુવકે અન્ય યુવકને માર માર્યો હતો. જેથી બનનાર યુવકના પરિવારના સભ્યો કહેવા જતા બંને પરિવારો વચ્ચે પણ ઝઘડો થયો હતો. જેમાં બંને યુવકના પરિવારના સભ્યો પણ આવી જતા મામલો વધુ ગરમાયો હતો. લોકોએ એકબીજા પર સામસામે પથ્થરમારો કરવા સાથે મરચાની ભૂકી પણ ફેંકી હતી. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં મોટી માત્રામાં લોકો ભેગા થઈ ગયા હતા. જોકે ઘટનાની જાણ બાપોદ પોલીસને થતા પોલીસ વાનમાં કર્મચારીઓ ત્યાં પહોંચી ગયા હતા. જોકે પોલીસને જોઈને મુસ્લિમ લોકોનું ટોળું અકળાયું હતું અને હવે તેમની પકડીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવશે તેવા ડરથી પોલીસ વાન પર ટોળાએ પથ્થરથી હુમલો કર્યો હતો. જેમાં બાપોદ પોલીસે બંને પરિવારો 11 લોકો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુસ્લિમ લોકો વચ્ચે થયેલી મારામારીના કારણે પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

Warehouse Person Required

Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store

Near Eglinton Ave East, Mississauga.
Reference Required.

: Please Contact :
achristie1124@Yahoo.Com
Tel : 416-709-1424

શિવશ્રધ્ધા જ્યોતિષ

UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય

મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ

Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem

પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે

On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન

84/A, શ્રીકુંજરો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# બોડેલીમાં પાંચ વર્ષની બાળકીની બલી, ભુવાએ કુહાડીથી ગળું કાપ્યું

## પુત્રને પણ ખેંચવાનો પ્રયાસ કર્યો પણ માતાએ બચાવ્યો, ગ્રામજનોએ હત્યારાને મેથીપાક ચખાડ્યો, પોલીસ દ્વારા તાંત્રિકની ધરપકડ કરાઇ

**છોટાઉદેપુર**

બોડેલી તાલુકાના પાણેજ ગામે તાંત્રિક વિધિ માટે એક ભુવાએ પાંચ વર્ષની બાળકીને કુહાડીના ઘા મારી બલી ચઢાવી બાળકીનું લોહી મૂર્તિઓ ઉપર ચઢાવ્યું હતું. આ તાંત્રિક એક બાળકીની હત્યા કરી બલી ચઢાવ્યા બાદ ખભે કુહાડી મૂકી અને બાળકીના નાના ભાઈની બલી ચઢાવવા માટે લઈ જવાનો પ્રયાસ કરતા બાળકની માતા તાંત્રિક સામે સિંહ ગર્જના કરી અને વાઘણ બની તાંત્રિક સામે પડકાર ફેંકી અને દોઢ વર્ષના પુત્રને બચાવ્યો હતો. માતાએ બોડેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાંત્રિકની ધડપકડ કરી રિમાન્ડની તજવીજ શરૂ કરી છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાનું પાણેજ ગામ ના આઠમ ફળિયામાં આદિવાસી સમાજની વસ્તી આવેલી છે. જ્યારે આ વિસ્તારમાં રહેતા તાંત્રિક લાલુભાઇ હિંમતભાઈ તડવી (ઉ.વ.45) આવાસની ઓરડીમાં રહે છે. તાંત્રિકનું પરિવારના લોકો સાથે રહેતા નથી પત્ની અને બાળકો સાથે ના રહેતા હોવાથી તાંત્રિક એકલો રહેતો હતોય જ્યારે તેના મકાનની સામે રાજુભાઈ કાળુભાઇ તડવી રહે છે. તેના પરિવારમાં એક બાળકી પાંચ વર્ષની અને એક પુત્ર દોઢ વર્ષનો છે સોમવારના રોજ બંનેવ બાળકો સવારના નવ વાગ્યાની આસપાસ ઘરના આંગણામાં રમતા હતા. જ્યારે તેની માતા નજીકમાં કપડાં ધોતી હતી. જ્યારે તાંત્રિક તેના ઘરમાંથી નીકળી અને પાંચ વર્ષની બાળકી રિટાબેન રાજુભાઈને તાંત્રિક હાથ પકડીને તેની ઓરડીમાં લઈ ગયો હતો. તે વખતે બાળકી રડતી હતી પરંતુ તાંત્રિક તેને ખેંચીને લઈ જતા માતા કાને અવાજ પહોચતા માતા તેને જોવા માટે દોડતા આ સમય દરમિયાન તાંત્રિકે બાળકીને તેના મકાનમાં મૂકેલી મૂર્તિઓની સામે કુહાડીના ઘા મારી તેની બલી ચઢાવી દીધી હતી. આ સમય દરમિયાન તેની માતા પહોંચી જતા આ તાંત્રિક કુહાડી ખભા ઉપર મૂકી મહિલાને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને મહિલાની નજીકમાં તેનો દોઢ વર્ષનો પુત્ર હતો. તેને તાંત્રિક બલી ચઢાવવા માટે ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ જે માતાની દીકરી લોહી લુહાણ અને તળફળતી હતી. તે બાળકીને પડતી મૂકીને તેની નજીકમાં તાંત્રિક તેના પુત્રને ખેંચવાનો પ્રયાસ કરતા નારી શક્તિની તાકાત લગાવી અને આક્રોશમાં આવી અને તાંત્રિકનો સામનો કર્યો હતો અને પુત્રને બચાવી લીધો હતો. આ સમય દરમિયાન બૂમાબૂમ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે તાંત્રિકે પાંચ વર્ષની બાળકીને બલી ચઢાવ્યા બાદ તેનું લોહી મૂર્તિઓને ચઢાવ્યું હતું. તાંત્રિકના હાથમાં કુહાડી હતી. તે લોહીથી લથબથ હતી. ત્યારે લોકોમાં આક્રોશ ફાટી નીકળતા લોકોએ તાંત્રિકને પકડીને મેથી પાક આપ્યો હતો અને તાત્કાલિક ઘટના સ્થળે પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે જ પોલીસ ફરિયાદ દાખલ કરી અને તાંત્રિક ની ધરપકડ કરી હતી જ્યારે કુહાડી પણ કબ્જે લીધી હતી.

# ગાંધીનગરમાં 27 મંદિરો તોડવા નોટિસ હિંદુ સંગઠનો દ્વારા આંદોલનની ચીમકી

**ગાંધીનગર**

ગુજરાતમાં ગેરકાયદે ઉભા કરાયેલા ધાર્મિક દબાણોને તોડવા માટે અનેક જગ્યાએ ઝૂંબેશ ચાલી રહી છે. ગાંધીનગર કોર્પોરેશને 27 મંદિરો તોડવા માટે નોટીસો પાઠવતા હિંદુ સંગઠનોમાં રોષ ફેલાયો હતો. કોઈપણ પ્રકારની કાર્યવાહી થશે તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરમાં 27 જેટલા મંદિરોને તોડવા માટે મહાનગરપાલિકાએ નોટીસો પાઠવી હતી. મંદિરોને આ નોટીસ મળતાં ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોએ એકઠા થઈને બેઠકો શરૂ કરી હતી. આ મંદિરોના ટ્રસ્ટીઓ અને હિંદુ સંગઠનોએ ગાંધીનગર કલેક્ટરને આવેદન આપીને નોટીસો પરત ખેંચવા માટે રજૂઆત કરવાનું નક્કી કર્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મંદિરોને તોડવાની નોટીસો મુદ્દે સોમવારે બેઠક કરશે. મંદિરોના ટ્રસ્ટીઓ અને પૂજારીઓ સાથે ભારત માતા મંદિર ખાતે સોમવારે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુદ્દે મુખ્યપ્રધાન અને ગૃહરાજ્યપ્રધાનને પણ રજૂઆત કરવામાં આવશે તેવું હિંદુ સંગઠનોના કાર્યકરો દ્વારા જાણવા મળ્યું હતું.

# ચેક રિટર્ન કેસમાં બોરસદ તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી શૈલેષ પટેલને 1 વર્ષની સજા

## શૈલેષ પટેલે તમાકુના ધંધા માટે મિત્ર પાસે ઉછીના લીધેલા રૂા. 8 લાખ પરત ન કર્યા

**આણંદ**

બોરસદ રહેતા અને ખોડલ ઓટોના માલિક મનહરસિંહ જસવંતસિંહ ઝાલા વાહનોના લે-વેચનો ધંધો અને ખેતી કરે છે. બોરસદ તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી અને પામોલ ગામના પૂર્વ સરપંચ શૈલેષ ચતુરભાઈ પટેલ મનહરસિંહ ઝાલાના મિત્ર હતા. શૈલેષ પટેલ અવાર નવાર હાથ ઉછીના પેટે મનહરસિંહ પાસેથી રૂપિયા લઈ જતા હતા. ત્યારે શૈલેષ પટેલે તમાકુના ધંધાર્થે ઓક્ટોબર-૨૦૨૧થી માર્ચ-૨૦૨૩ સુધીમાં મનહરસિંહ ઝાલા પાસેથી ૮ લાખ રૂપિયા ટુકડે ટુકડે ચાર વખતમાં હાથ ઉછીના લઈ ગયા હતા. બાદમાં મિત્ર મનહરસિંહ ઝાલાએ નાણાં પરત આપવા માટે માંગણી કરી હતી. ત્યારે શૈલેષ પટેલે બેંક ઓફ બરોડા બોરસદ શાખાનો રૂા. ૮ લાખની રકમ ભરેલો ચેક તા. ૧૩-૧૦-૨૦૨૩ના રોજ આપ્યો હતો. જે બેંકમાં આપતા તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજ ફંડ ઈન્સફિસિયંડના શેરા સાથે ચેક રિટર્ન થયો હતો. ફરી ચેક તા. ૨૪-૧૧-૨૦૨૩ના રોજ પણ રિટર્ન થયો હતો. આ અંગે શૈલેષ પટેલને મૌખિક જાણ કરતા મનહરસિંહ ઝાલા સાથે ઉદ્ધતાઈથી વર્તન કરી રૂા. ૮ લાખ પરત આપ્ય ન હતા.

બોરસદની કોર્ટમાં કેસ ચાલી જતા એડિશનલ ચીફ જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ મનિષભાઈ નંદાણીએ બોરસદ તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી અને પામોલના પૂર્વ સરપંચ શૈલેષ પટેલને એક વર્ષની કેદની સજા ફટકારી છે. આરોપી શૈલેષ પટેલે ચેકની બમણી રકમ એટલે કે રૂા. ૧૬ લાખ મનહરસિંહ ઝાલાને ૬૦ દિવસમાં ચૂકવી દેવા હુકમ કર્યો છે.

# ખેડા કોર્ટનો ચૂકાદો : 4 વર્ષના બાળકની જાતીય સતામણી કરનારા શખ્સને ત્રણ વર્ષની સખત કેદ

**નડિયાદ**

ખેડા જિલ્લામાં ચાર વર્ષના બાળકની જાતીય સતામણી કરનારા ખેડાના લાલીવડીના શખ્સને જિલ્લા સેશન્સ કોર્ટ દ્વારા ત્રણ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરાયો હતો. તેમજ રૂ.૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જેમાંથી ભોગ બનનારને વળતર પેટે રૂ.૪૫ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો.

ખેડાના લાલીવડી ખાતે રહેતા રવિભાઈ ગોપાલભાઈ વસાવા (ઉ.વ.૨૦)એ તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ બપોરે ૪ વર્ષના બાળકને ઘરની અંદર બોલાવી, બાળકની જાતીય સતામણી કરી હતી. આ અંગે બાળકના પિતાએ ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શખ્સ સામે પોક્સો સહિતની કલમ મુજબ ગુનો નોંધ્યો હતો. તેમજ તપાસ હાથ ધરીને સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

તાજેતરમાં આ કેસ ખેડા જિલ્લા સ્પે. સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો. સ્પે. પોક્સો જજ એસ.પી.રાહતકરએ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ, વકીલની દલીલોને ધ્યાને લઈ રવિ વસાવાને તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૫૦ હજારનો દંડની સજા ફટકારી હતી. તેમજ દંડ ન ભરે તો વધુ પાંચ મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. ઉપરાંત દંડની રકમમાંથી રૂ. ૪૫ હજાર ભોગ બનનારને વળતર પેટે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# દહેગામમાં ભારતના વિજયની ઉજવણી વેળા બાઈક રેલી ઉપર હુમલો : વાહનોમાં તોડફોડ

**દહેગામ**

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન ટ્રોફીની ફાઈનલ મેચ હતી તે દરમિયાન ભારતે વિજય મેળવી લેતા લોકોમાં અનેરો ઉત્સાહ હતો અને ઠેર ઠેર બાઈક રેલી અને સરઘસ નીકળ્યા હતા ત્યારે દહેગામમાં પણ યુવાનો દ્વારા બાઈક રેલી કરવામાં આવી હતી. દહેગામમાં આથમણા દરવાજા થઈને ગોપાલજી મંદિર ચોકસી બજાર ઘેલાશાના ડેલા થઈ મુસ્લિમ કસ્બા તરફ રેલી પસાર થઈ હતી તે દરમિયાન મોટી મસ્જિદ આગળ આ રેલી પહોંચી ત્યારે ત્યાં ૧૫ થી વધુ લોકો બેઠા હતા અને તેમણે કહ્યું હતું કે તમે અહીં કેમ આવ્યો છો તેમ કહી ગાળા ગળી કરવા લાગ્યા હતા અને બૂમાબૂમ થતા બેથી ત્રણ લોકો પોતાના હાથમાં લાકડીઓ લઈને આવી ગયા હતા અને રેલીમાં રહેલા વ્યક્તિઓ ઉપર લાકડીઓથી હુમલો કર્યો હતો અને ત્યારબાદ વાહનોમાં તોડફોડ કરી હતી. જેના પગલે ભારે દોડધામ મચી ગઈ હતી ત્યાં હાજર લોકો વાહન મૂકીને નાસી છૂટયા હતા. જે ઘટના અંગે પોલીસને જાણ થતા દહેગામ પોલીસ ઉપરાંત આસપાસના વિસ્તારને પોલીસને પણ બોલાવી લેવામાં આવી હતી અને ચાર જેટલા ઘાયલને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અન્ય પક્ષ દ્વારા પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે, આ બાઈક રેલી આવી ત્યારે આ શખ્સો દ્વારા ભારે હોબાળો કરવામાં આવ્યો હતો અને તેમને શાંત રહેવાનું કહેતા હુમલો કર્યો હતો.

# સરગાસણ ગામમાં પત્ની અને પુત્રની હત્યા કરનાર હરેશ વાઘેલા જેલમાં ધકેલાયો

**ગાંધીનગર**

ગાંધીનગરના સરગાસણ ખાતે આવેલી શ્રી રંગ નેનોસિટી વસાહતમાં મકાન નંબર આઈ-૩૦૩માં રહેતા મૂળ સુરેન્દ્રનગરના હરેશ કનુભાઈ વાઘેલાએ પત્ની આશાની ગળે ટૂંપો આપીને હત્યા કરી હતી અને ત્યારબાદ તેના પાંચ વર્ષના પુત્ર ધ્રુવનું પણ માથું પછાડીને હત્યા કરી નાંખી હતી. હરેશ દ્વારા પણ હાથની નસ કાપીને આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો ત્યારે તેની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેને કોર્ટમાં રજૂ કરીને એક દિવસના રિમાન્ડ ઉપર લેવામાં આવ્યો હતો પોલીસ પૂછપરછમાં તેણે કબુલાત કરી હતી કે, રમી સર્કલ નામની ગેમમાં ચાર લાખ રૂપિયાનું દેવું થઈ ગયું હતું અને તેના કારણે પતિ પત્ની વચ્ચે તકરાર થઈ હતી.

# ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા 167 કેસ પરત ખેંચાયા

**પાલનપુર**

વર્ષ 2015માં પાટીદાર સમાજનાં યુવકોને અનામત મળે તે માટે સમાજનાં યુવાનો દ્વારા સરકાર વિરૂદ્ધ રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવ્યું હતું, જે હેઠળ ઓગસ્ટ 2015માં અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડમાં મોટી સંખ્યામાં સમાજનાં યુવકો એકત્ર થયા હતા. આ યુવકોએ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને અનામતની બુલંદ માંગણી કરી હતી. જો કે, આ આંદોલનને વિખેરવા સરકારે લાઠીચાર્જ પણ કર્યો હતો અને જવાબદાર યુવકો વિરૂદ્ધ રાજદ્રોહ કક્ષાનાં કેસ પણ કર્યા હતા.

પાટીદાર અનામત આંદોલન વખતે થયેલા 167 કેસ સરકારે પરત ખેંચ્યા હતા. પાલનપુરના ગઢ પંથકમાં 167 સામે ફરિયાદ નોંધાઈ હતી.ગઢ પંથકમાં આંદોલન સમયે 2 યુવકોના મોત થયા થયા હતા. લોક અદાલત દ્વારા આવતીકાલે ચુકાદાની નકલ અપાઈ શકે છે. સમગ્ર ઘટનાને લઈ કેસ પરત ખેંચતા બનાસકાંઠાના પાટીદારોમાં ખુશીનો માહોલ છવાયો હતો. પાટીદાર અનામત આંદોલન સમયના વધુ 167 કેસ પરત ખેંચવામાં આવતા આ નિર્ણયને નિર્ણયને પાટીદાર સમાજે આવકાર્યો હતો.

# વિજયની ઉજવણી દરમિયાન મારામારી કરનાર બાર યુવકો સામે ગુનો દાખલ

**વડોદરા**

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચમાં ભારતનો ભવ્ય વિજય થયો હતો. દરમિયાન અલગ અલગ વિસ્તારોમાંથી માંડવીના ગેટ પાસે ભારતની જીતનો જશ્ન મનાવવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. તે દરમિયાન બે યુવકોના જૂથો વચ્ચે અગમ્ય કારણોસર છુટા હાથની મારા મારી થઈ હતી. જેના પગલે માંડવી પાસે નાસભાગના દ્રશ્યો પણ સર્જાયા હતા. આખરે પોલીસે દરમિયાનગીરી કરીને મામલો હતો થાળી પાડ્યો હતો. પરંતુ પોલીસે જાહેરમાં મારામારી કરીને શહેરની સુલે અને શાંતિનો ભંગ કરવા બદલ પોલીસે બંને જૂથના યુવકોને વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે મારામારીનો વિડિયો મેળવ્યો હતો.

# સુરત-પુણામાં તાંત્રિક વિધિના નામે ભુવાએ ભાભી પર આચર્યું દુષ્કર્મ

## મંત્રો બોલાવી આંખો બંધ કરાવી દંપતીને નિર્વસ્ત્ર કરાવ્યું

**સુરત**

મૂળ અમરેલીના વતની અને સુરતમાં પુણાગામ વિસ્તારમાં 17 વર્ષની પુત્રી અને 15 વર્ષના પુત્ર સાથે રહેતા રત્નકલાકારની 42 વર્ષીય પત્ની નિશા (નામ બદલ્યું છે) ઘરે સાડી ઉપર સ્ટોન લગાવવાનું કામ કરે છે. ગત 19 જાન્યુઆરીના રોજ અમરેલીના રહેવાસી ભુવા તરીકે વિધિ કરતો નિશાના ફોઈજીનો દીકરો ભરત કુંજડીયા, પિતરાઈ ભાઈ અતુલ, પુત્ર ધ્રુવ અને સેવક સાથે સુરત આવ્યો હતો. બે દિવસ બાદ તેઓ નિશાના પતિને લઈ સંબંધીઓને ત્યાં ગયા હતા. ઘરે પરત ફરતી વેળા ભરતે નિશાના પતિ પાસે બજારમાંથી ફૂલ લેવડાવ્યા હતા અને ઘરે આવી જમી પરવારી રાત્રે નિશા અને તેના પતિને કહ્યું હતું કે, તમારે યોગ પાક્યો છે તેથી તમારા ભાગ્ય ખુલી ગયા છે. બાદમાં ભરતે વિધિનો સામાન મંગાવી પોતાની પાસેનો સામાન કાઢી વિધિમાં નિશા અને તેના પતિને બેસાડી ઘરમાં અંધારું કરાવી મંત્રો બોલવાનું શરૂ કર્યું હતું.

ભરતે નિશા અને તેના પતિ પાસે પણ મંત્રો બોલાવી તેમની આંખો ઉપર રૂદ્રાક્ષ લગાડી બંનેને નિર્વસ્ત્ર થવા કહેતાં બંનેએ કપડાં કાઢી નાંખ્યા હતાં. બાદમાં ભરતે બંનેને પોતાના ખોળામાં બેસાડી હાથપગ ધોઈ કપડાં પહેરવા કહ્યું હતું. પણ તે અચાનક ધુણવા લાગ્યો અને નિશાના પતિને બહાર મોકલી નિશા સાથે અડપલાં કરી વિધિના ભાગરૂપે બળાત્કાર કર્યો હતો.

નિશાએ બાદમાં તેને ધક્કો મારી ત્યાંથી ભાગીને લાઈટ ચાલુ કરી પોતાના પતિને અંદર બોલાવ્યા હતાં. જોકે, ત્યારે ભરતની કરતૂત અંગે તે પતિને પૂરી વાત કરી નહતો શકી. બાદમાં ભરતે તેમને ભભૂતિ આપી વિધિ પૂર્ણ થઈ છે તેમ કહ્યું અને નિશાને જવા કહ્યું હતું. બીજા દિવસે સવારે નિશાનો પતિ તેમને મૂકવા ગયો હતો. રાત્રે તે પરત ફર્યો ત્યારે નિશાએ તેને ભરતની કરતૂત વિશે જાણ કરી હતી.

# બીલીમોરામાં ટ્રેન અડફેટે બે યુવકોના મોત: પોલીસે અંતિમવિધિ કરી દેતાં રોષ

**નવસારી**

જિલ્લાના બીલીમોરા રેલવે સ્ટેશને ટ્રેનની અડફેટે બે યુવકના મોત નિપજ્યા હતા. પોલીસની ઘોર બેદરકારીનો પર્દાફાશ થયો છે. મૃતદેહોની ઓળખ કર્યા વગર બન્ને યુવકોના અંતિમસંસ્કાર કરી નાંખ્યા હતાં. પોલીસે અંતિમવિધિ કરવા 24 કલાકની પણ રાહ ન જોતાં પરિવારમાં રોષ ફેલાયો છે. પરિવારે પોલીસ સમક્ષ ન્યાયની માગણી કરી છે.

બીલીમોરામાં ટ્રેનની અડફેટે આવતા બે યુવકોના મોતની ઘટનામાં પરિવારમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આ ઘટનામાં બે પૈકી એક યુવકનું માથું અને પગનોન પંજો છૂટા પડી ગયા હતા. બંને યુવકના શરીરના અંગો ક્ષતવિક્ષત થઈ જતાં પોલીસે તાત્કાલિક અંતિમ સંસ્કાર કર્યા હોવાનું પણ જણાવ્યું હતું. જોકે એક યુવકના ફોટા પરથી પરિવારજનોએ ઓળખ કર્યા બાદ વિવાદ થયો હતો. ઘટના અંગે મૃતક યુવકના પરિવારજનો અને સમાજના આગેવાનોને પ્રાંત અધિકારીને રજૂઆત કરી ઉતાવળે અંગ્નિસંસ્કાર કરનાર સામે પગલા ભરવા માંગ કરી હતી.

# સુરતમાં પોલીસને જોઈ જુગારી નદીમાં કૂદી પડ્યા, બેના મોત, બેની ધરપકડ

**સુરત**

રાંદેર ખાતે માલમવાડ સ્ટ્રીટમાં રહેતા 52 વર્ષીય ગુલામ નબી ઉર્ફે મંજુ ગુલામ મહોમ્મદ સફેદ અને 50 વર્ષીય મહોમ્મદ અમીન, મહોમ્મદ હુસેન હોટલવાલા અને તેમના ચાર મિત્ર સાથે મંગળવારે (11 માર્ચ) બપોરે રાંદેરના ઈકબાલ નગર પાસે કોઝવે નજીક આવેલી અવાવરૂ જગ્યામાં જુગાર રમી રહ્યા હતા. તે સમયે ત્યાં અચાનક આવેલી પોલીસને જોઈને જુગારીઓ આમતેમ ભાગવા લાગ્યા હતા. જેમાં ગુલામ નબી અને મોહમદ અમીન કોઝવેમાં કૂદી પડ્યા હતા. બંનેને કૂદતા જોઈ તાત્કાલિક ફાયર બ્રિગેડનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. જોકે, ફાયરની ટીમ ત્યાં પહોંચે તે પહેલા સ્થાનિકોએ બંનેને બહાર કાઢી નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા, જ્યાં બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં.

મૃત્યુ પામેલા શખસના સંબંધીએ કહ્યું કે, 'કોઝવે પાસે છ જેટલા વ્યકિત પાના રમતા હતા. તે સમયે પોલીસ પહોંચતા ડરી ગયેલા બે શખસો બચવા માટે વિયરમાં કૂદી પડ્યા હતા. તેમની સાથેના એક મિત્રને તરતા આવડતું હોવાથી બંનેને બચાવવા જવા કહ્યું પરંતુ, પોલીસે તેને વિયરમાં જવા ન દીધો અને ફાયરની ટીમની રાહ જોઈ. જો તેને વિયરમાં જવા દીધો હોત તો મિત્રોને બચાવી શક્યો હોત.' બંને વ્યક્તિના મોતને પગલે પરિવાર અને તેમના સંબંધીઓમાં પોલીસ પ્રત્યે રોષ જોવા મળ્યો હતો.

રાંદેર પોલીસ મથકમાં પી.આઈ આર.જે ચૌધરીએ જણાવ્યું કે, પોલીસ મથકના ગુનાનો વોન્ટેડ આરોપી રાશીદ તુડો કોઝવે પાસે હોવાની બાતમી મળતા પોલીસ ટીમે તેને પકડવા કોઝવે પાસે ગઈ હતી અને ત્યાંથી તે મળી આવતા તેને ઝડપી લેવાયો હતો. તે સમયે અહીં જુગાર રમતા લોકો પોલીસને જોઈને આમતેમ ભાગવા લાગ્યા હતાં. જેમાં બે શખસો વિયરના પાણીમાં કૂદી પડ્યા હતાં, બે ફરાર થઈ ગયા હતાં અને અન્ય બે શખસને ઝડપી લેવાયા હતાં. સમગ્ર ઘટના અંગે હાલ તપાસ શરૂ છે.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગારિયાધારમાં પિતાએ પુત્રીનું ગળું દબાવીને હત્યા કરી ચૂપચાપ લાશ બાળી પણ નાખી

## પુત્રીના અન્ય સાથે પ્રેમ સંબંધ હોવાથી પિતા રોષે ભરાયા : હત્યાનો ગુનો દાખલ

ભાવનગર : પુત્રીના અન્ય સાથે પ્રેમ સંબંધ હોય પિતાએ પુત્રીનું ગળું દબાવી હત્યા કર્યાનું તેમજ પોતાના ભાઈની મદદથી હત્યા બાદ પુત્રીના મૃતદેહને કોઈને પણ જાણ કર્યા વિના અગ્નિદાહ આપી પુરાવાઓનો નાશ કરી સાહેદને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવાતા પાલીતાણા રૂરલ પોલીસે ગુનો દાખલ કરી બન્નેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી, ગારિયાધાર તાલુકાના સાંઢખાખરા ગામે રહેતા પોપટભાઈ મનજીભાઈ ગોહિલ(ઉ. વ. ૬૩)એ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, પોતાની ભાણેજ જલ્પાબેન(ઉ.વ. ૧૯)ને અન્ય સમાજના વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેના પિતા દિપક ધીરૂભાઈ રાઠોડે ગત તા. ૭-૦૩ના રોજ સવારના સમયે તેના પ્રેમસંબંધ અંગે બોલાચાલી કરી ઝાપટ મારી એકદમથી ઉશ્કેરાઈને જલ્પાબેનનું ગળું દાબી હત્યા કરી નાખી હતી.હત્યા બાદ દિપક રાઠોડ અને તેના ભાઈ ભાવસંગ ઉર્ફે લાલજી ધીરૂભાઈ રાઠોડે સગા-સંબંધીઓને જાણ કર્યા વીના જ જલ્પાબેનના મૃતદેહને ગામના મોક્ષ મંદિરે લઈ જઈ તેને અગ્નિદાહ આપી દઈ પૂરાવાઓનો નાશ કરી સાહેદ વાંશીબેનને પણ ધમકી આપી હતી. પોપટભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે પાલીતાણા રૂરલ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રબારીએ દિપક ધીરૂભાઈ રાઠોડ અને ભાવસંગ ઉર્ફે લાલજી ધીરૂભાઈ રાઠોડ સામે હત્યા સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરી બન્નેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# વિદેશમાં નોકરીની લાલચ આપીને જૂનાગઢના 8 યુવાન સાથે છેતરપિંડી

## યુવાનો બેંગ્લોર પહોંચ્યાં ત્યારે ટિકિટ અને વિઝા બોગસ નીકળ્યા

**જૂનાગઢ**

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલી એક કન્સલટન્સી દ્વારા યુવાનોને વિદેશમાં નોકરીની લાલચ આપવામાં આવી હતી, જેના આધારે સુમિત મેવાડા, ભૂમિત ગોહેલ સહિત આઠ યુવાનોને યુરોપમાં નોકરી આપવા તથા ત્યાંની ટિકિટ તેમજ વિઝા કરી આપવા કહી ૫-૫ લાખ રૂપિયા લીધા હતા. ત્યારબાદ કોઈ કાર્યવાહી કરી ન હતી. થોડા સમય પહેલા આ યુવાનોને વિદેશમાં મોકલવા માટે ઓફર લેટર ઉપરાંત મુંબઈથી બેંગ્લોર, ત્યાંથી મલેશીયા અને ત્યાંથી અલ્બેનીયાની ફ્લાઈટ ટિકિટ આપવામાં આવી હતી.

આ યુવાનો બેંગ્લોર એરપોર્ટ પર ગયા ત્યારે ફ્લાઈટ ટિકિટ અને વિઝા ફેક હોવાનું જાણવા મળ્યું હતું, જ્યારે ઓફર લેટર આપ્યો હતો તેમાં તા. ૩૦ ફેબ્રુઆરી હતી પણ ૩૦ ફેબ્રુઆરી તો ક્યારેય આવતી જ નથી! આમ છતાં આ યુવાનો સાથે આવી રીતે છેતરપિંડી કરી હતી. આજે આ યુવાનો બેંગ્લોરથી જૂનાગઢ પરત આવ્યા હતા. મધુરમમાં આવેલી કન્સલટન્સી ઓફિસ ખાતે પહોંચ્યા તો ત્યાં તાળાં જોવા મળ્યા હતા.

# જામનગરમાં લુખ્ખા તત્વોની ટોળકીનો આતંક : બસ અટકાવીને ચાલકને માર્યો

**જામનગર**

જામનગરના ટાઉનહોલ સર્કલ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લુખ્ખા તત્વોની ટોળકીનો આતંક વધી ગયો છે, અને દિન પ્રતિદિન વાહનચાલકો તથા અન્ય પ્રજાજનોને પરેશાની કરવા અંગેના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે, તેવો જ એક કિસ્સો ટાઉનહોલ સર્કલમાં બન્યો હતો.

લુખ્ખા તત્વોની ટોળકીએ એક સીટી બસને જાહેર માર્ગ પર થંભાવી દીધી હતી, ત્યારબાદ બસમાં ચડી જઈ તેના ચાલકને ધોકાવી નાખ્યો હતો. જેથી ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. બસ માર્ગની વચ્ચોવચ થંભી ગઈ હોવાથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી, અને વાહનોના થપ્પા લાગી ગયા હતા. જે સમયે ભારે દેકરો થવાના કારણે લુખ્ખા તત્વોની ટોળકી ત્યાંથી ભાગી છૂટી હતી. આખરે મોડેથી સીટી બસના ચાલકે સ્વસ્થ થઈને ફરીથી પોતાના કબજાની સીટી બસને આગળ જવા દીધી હતી, જેથી ધીમે ધીમે ટ્રાફિક મુક્ત થયો હતો. છેલ્લા કેટલાક સમયથી ટાઉનહોલ સર્કલ વિસ્તારમાં પડ્યા રહેતા લુખ્ખા તત્વોને પોલીસ તંત્રએ તાત્કાલિક અસરથી ઝડપી લઈ તેઓ સામે કામગીરી કરવાની માંગ ઉઠી રહી છે.

# અર્ધો લાખ ભાવિકોએ છ'ગાઉ યાત્રા કરી પુણ્યનું ભાથું બાંધ્યું, 'જય જય આદિનાથ'નો નાદ ગુંજ્યો

**પાલિતાણા**



જૈન સમાજના શાશ્વત તીર્થંકર પાલિતાણામાં ફાગણ સુદ-૧૩ના પવિત્ર દિવસે પરંપરાગત રીતે છ'ગાઉ યાત્રા કરવામાં આવી હતી. છ'ગાઉની યાત્રામાં રાજ્ય સહિત દેશભરમાંથી આશરે અર્ધો લાખથી વધુ ભાવિકોએ જોડાઈ પુણ્યનું ભાથું બાંધ્યું હતું. છ'ગાઉ યાત્રાના પ્રારંભ સાથે જ પવિત્ર શેત્રુંજય પર્વત 'જય જય આદિનાથ'ના નાદથી ગુંજી ઉઠયો હતો. યાત્રિકોને સગવડતાને ધ્યાને લઈ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સિક્યુરીટી સ્ટાફ, ઉકાળેલું પાણી અને મેડિકલ ટીમની વ્યવસ્થા જાળવી રાખવામાં આવી હતી. છ'ગાઉ યાત્રા કરવા આવેલા યાત્રિકો માટે ૧૫૦૦થી વધુ સ્વયંસેવકો જય તળેટીથી સિદ્ધવડ સુધી સેવામાં ખડેપગે રહ્યા હતા. સખત ગરમી વચ્ચે પણ ખુલ્લા પગે યાત્રા કરનારની સંખ્યા મોટા પ્રમાણમાં રહી હતી. એક અંદાજ મુજબ આશરે ૫૦,૦૦૦થી વધુ ભાવિકોએ પાલિતાણામાં છ'ગાઉની યાત્રા કરી હતી. જેના કારણે યાત્રા રૂટના ડુંગર પર ભાવિકોનું કીડિયાળું ઉભરાયેલું જોવા મળ્યું હતું.

# કચ્છમાં 13 વર્ષના બાળકની મિત્રો દ્વારા હત્યા : ગેમની પ્રો-આઈડી આપવાની ના પાડી દેતાં છરીના ઘા માર્યા

## ધોરણ-6નો વિધાર્થી વાડીએ કામ કરી મિત્રો સાથે બગીચામાં ગેમ રમતો હતો

**ગાંધીધામ**

રાપર તાલુકાનાં બેલા ગામે બિલેશ્વર મહાદેવનાં બગીચા પાસે મંગળવારે બપોરે ૧૩ વષય પ્રવીણ નામેરીભાઈ રાઠોડની હત્યા કરવામાં આવી હતી. હતભાગી અને તેના મિત્રો બગીચામાં ગેમ રમતા હતા ત્યારે પ્રવીણના મોબાઈલમાં રહેલી ફ્રી ફાયર ગેમની આઈડી તેના મિત્રોએ માંગી હતી. પ્રવિણે પોતાના મોબાઈલ ફોનમાં ગેમ રમતાં રમતાં આઈ.ડી. આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા તેના સાથી મિત્રોએ ગુનાહીત કાવતરું રચ્યું હોય તેવું કારસ્તાન આચર્યું હતું. એક મિત્રએ પ્રવિણને પકડી રાખ્યો અને બીજા બે મિત્રોએ ઉપરા ઉપરી છરીના ઘા મારી દીધા હતા. જેમાં ગંભીર ઈજાના કારણે પ્રવીણનું મોત થયું હતું. મોબાઈલ ગેમ રવાના મુદ્દે ૧૩ વર્ષનાં સગીરની હત્યા થયાની ઘટનાથી પોલીસમાં દોડધામ મચી હતી. બાલાસર પોલીસમાં પ્રવીણના ભાઈ જગદીશભાઈ રાઠોડે હત્યાનો ગુનો દાખલ કરાવ્યો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતું કે, મૃતક બાળક અને આરોપી એકબીજાના સંબંધી પણ છે અને ગેમ રમવાનો તેમને ચસ્કો હોવાથી દરરોજ સાથે મળી બગીચામાં ગેમ રમતા હતા. મૃતક બાળક છઠા ધોરણમાં અભ્યાસ કરતો હતો. રજાના દિવસે તે વાડીએ મૂલ કરવા પણ જતા હતો. મંગળવારે પણ તે વાડીએથી આવી ગેમ રમવા ગયો હતો ત્યારે મિત્રો સાથે મોબાઈલ ફોન ઉપર રમવા માટે ફ્રી ફાયર ગેમની આઈડી આપવાના મુદ્દે મનદુઃખ થતાં હત્યાની ઘટના બની હતી.

# બગસરામાં પિતા-પુત્રીના સંબંધોને લાંછન દુષ્કર્મ આચરનાર હેવાન પિતાની ધરપકડ

**બગસરા**

બગસરા તાલુકાના ગ્રામ્યવિસ્તારની ધોરણ અગિયારમાં અભ્યાસ કરતી સગી દીકરી સાથે પિતા દુષ્કર્મ આચરતો હોવાની દીકરીના ફોઈએ બગસરા પોલીસ મથકમાં હરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે આરોપી પિતા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

આ બાબતે પીડિતા દીકરીના ફોઈએ બગસરા પોલીસને જાણ કરી હતી કે ભોગ બનનાર દીકરીના મમ્મી અને તેના ભાઈના આશરે 10 વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયા છે. જ્યારે શનિવારે રાત્રિના મારો ભાઈએ નોકરી પરથી પરત આવીને જમવા તથા સુવા બાબતે બોલાચાલી કરી માથાકૂટ કરી હતી. ત્યારે ભોગ બનનાર દીકરીને પૂછતા તેમણે કહ્યું કે મારે અહીંયાથી જતું રહેવું છે, મારા પપ્પા મારી સાથે છેલ્લા બે મહિનાથી દુષ્કર્મ ગુજારી રહ્યા છે.

પીડિતાએ જણાવ્યું હતું કે તેના પિતા વારંવાર ધમકી આપતાં હતા કે 'જો તું આ બાબતની જાણ કોઈને કરીશ તો હું તને મારી નાખીશ'. આવી ધમકી આપીને મારી સાથે અવારનવાર દુષ્કર્મ આચરતા હતા અને દરરોજ મારઝૂડ કરતા હતા. જે બાબતે ભોગ બનનાર દીકરીએ આ બાબતે તેના ફોઈને જાણ કરતા બગસરા પોલીસ સ્ટેશનમાં આ બાબતની ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં 24 કલાકમાં ત્રણે જીવન ટૂંકાવ્યું

**ભુજ**

અંજાર તાલુકાના વરસાણામાં હકુભા જેઠુભા વાઘેલા(ઉ.વ.૬૬)એ એસિડ ગટગટાવીને, જ્યારે ભુજ તાલુકાના ગળપાદરના વાડી વિસ્તારમાં રહેનારી ૧૮ વર્ષીય પુષ્પા નાનાભાઈ ભુરિયાએ કપાસમાં છાંટવાની દવા પી લઈને આત્મઘાતી પગલું ભરી લીધું હતું, તેમજ ભચાઉ તાલુકાના ચોપડવામાં ભરત સોઢા ઠાકોર (ઉ.વ.૧૮) નામના યુવાને ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, વરસાણામાં રહેનાર હકુભા વાઘેલાએ ગત રાત્રીના સમયે અગમ્ય કારણોસર એસિડ ગટગટાવી લેતાં તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે આદિપુરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેમણે ટૂંકી સારવાર દરમ્યાન છેલ્લા શ્વાસ લીધા હતા. આ પ્રકારનો અન્ય બનાવ ગાંધીધામના ગળપાદર ખાતે બન્યો હતો, જેમાં અહીંના વાડી વિસ્તારમાં રહેતી પુષ્પા પગમાં અસહ્ય દુઃખાવાની બીમારીથી પીડાતી હતી. આ અસાધ્ય તકલીફથી કંટાળીને તેણે કપાસમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી મોતનો માર્ગ અપનાવી લેતાં માધાપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાદ હાથ ધરી છે.

વધુ એક આપઘાતનો બનાવ ચોપડવા વાડી વિસ્તારમાં બન્યો હતો. અહીં રહી અને ખેતમજુરી કરનાર ભરત ઠાકોર નામના યુવકે પોતાના ઘરે અગમ્ય કારણોસર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ પોતાનો જીવ દીધો હતો. બીમારી, ગરીબી, બેરોજગારી, પ્રેમ પ્રકરણો કે કોઈપણ જાતનો બોજ કે હતાશા આત્મહ્યાના મુખ્ય કારણો છે. આ સાથે દેખાડાનું જીવન અને ખોટી લાઈફસ્ટાઈલ પર ડિપ્રેશન તરફ લઈ જાય છે.

# રાજકોટમાં 76 વર્ષના પિતાને બીજીવાર કરવા હતા લગ્ન, પુત્રએ ના પાડતાં ગોળી ધરબી દીધી


**રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ શહેર ખાતે રામભાઈ ઉર્ફે રામકુભાઈ બોરીચા (ઉ.વ.76) દ્વારા પોતાના પુત્ર પ્રતાપ બોરીચા (ઉ.વ.52) પર બે રાઉન્ડ ફાયરિંગ કરીને તેની હત્યા કર્યાની મૃતકની પત્ની દ્વારા પોતાના સસરા અને હત્યારા પિતા રામભાઈ ઉર્ફે રામકુભાઈ બોરીચા વિરુદ્ધ જસદણ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવવામાં આવ્યો હતો. જસદણ પોલીસ દ્વારા રામભાઈ ઉર્ફે રામકુભાઈ બોરીચાની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ 1995માં મારા લગ્ન પ્રતાપ બોરીચા નામના મારા મામાના દીકરા સાથે થયા હતા. રવિવારના રોજ સવારના 10:00 વાગ્યાના અરસામાં હું તેમજ મારા પતિ પ્રતાપભાઈ અમારા ઘરે હતા. દીકરો બહાર દૂધ લેવા માટે ગયો હતો. ત્યારે હું મારા સસરા રામ ભાઈને ચા આપવા ગઈ હતી. ત્યાંથી હું અમારા ઘરમાં પરત ફરી રહી હતી ત્યારે બંદૂકના ફાયરિંગનો અવાજ આવ્યો હતો. તેમજ મારા પતિ પ્રતાપભાઈ હોય તેવો અવાજ આવતા હું મારા સસરાના ઘરના હોલના દરવાજે પહોંચતા દરવાજો બંધ હતો. બીજો ફાયરિંગનો અવાજ આવતા મેં હોલનો દરવાજો ખખડાવતા મારા સસરા દ્વારા હોલનો દરવાજો ખોલવામાં આવ્યો હતો. તેમજ તેમના હાથમાં પિસ્તોલ જેવું હથિયાર હતું તે લઈ મારી પાછળ દોડતા હું ત્યાંથી ભાગી ગઈ હતી. તેમજ અમારા મકાનમાં જઈ બંનેના મકાન વચ્ચે આવેલો દરવાજો બંધ કરી દીધો હતો.

સ્વદેશ






## કાર્તિકને હવે શ્રીલીલા સાથે અફેરની ચર્ચા ચલાવી

મુંબઇ : કાર્તિક આર્યનની અનુરાગ બસુ દિગ્દર્શિત ફિલ્મમાં હિરોઈન તરીકે શ્રીલીલાને સાઈન કરવામાં આવ્યા બાદ હવે કાર્તિક દ્વારા પ્રચાર ખાતર શ્રીલીલા સાથે અફેરની ચર્ચા ચલાવાઈ રહી છે. કાર્તિક ભૂતકાળમાં પણ તેની જુદી જુદી અનેક ફિલ્મોની સહકલાકાર હિરોઈનો સાથે અફેરની અફવાની પીઆર ગેમ રમી ચૂક્યો હોવાનું કહેવાય છે. સોશિયલ મીડિયા પર કેટલાક ફિલ્મ સમીક્ષકોએ આ બાબતની નોંધ લીધી હતી અને આ વખતે શ્રીલીલા સાથે અફેરની ચર્ચા ચલાવવા બદલ કાર્તિકની ઝાટકણી કાઢી હતી.

## ધનુષે નયનતારા સામે એક કરોડની નુકસાનીનો દાવો માંડયો



મુંબઇ : ધનુષનાં પ્રોડકશનહાઉસ વંડરબાર ફિલ્મ્સે અભિનેત્રી નયનતારા અને તેના પતિ વિગેન્શ શિવનની નેટફ્લિકસ ડોક્યૂમેન્ટ્રી, નયનતારા : ધ ફેયરીટેલના વિરુદ્ધ સિવિલ કેસને આગળ વધારવાનો નિર્ણય લીધો છે.અભિનેતાએ પોતાને થયેલા નુકસાન પટે એક કરોડ રૂપિયાની માંગણી કરી છે. કોર્ટે આ મુદ્દે નવમી એપ્રિલે વધુ સુનાવણી યોજવાનું નક્કી કર્યું છે. વંડરબાર ફિલ્મસે જણાવ્યું હતું કે વિગ્નેશ શિવને અનાવશ્યક રીતે ફક્ત નયનતારા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ફિલ્મના અન્ય કલાકારો અને ક્રૂને નજરઅંદાજ કરીને નયનતારા સાથે જોડાયેલા દ્રશ્યોને શ્રેષ્ઠ દાખવવા માટે વારંવાર રીટેક કરવામાં આવ્યા હતા. કોપીરાઇટના ઉલ્લનંઘન પર આધારિત આ મામલામાં આરોપ મુકવામાં આવ્યો છે કે, નેટફ્લિક્સ ડોક્યૂમેન્ટ્રીમાં નાનુમ રાઉડી ધાનના શૂટિંગનાં દ્રશ્યો પરવાનગી વગર ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નયનતારાએ ૨૦૧૫માં તમિલ ફિલ્મ નાનુમ રાઉડી ધાનમાં વિજય સેતુપતિ સાથે કામ કર્યું હતું.

# આઈટમ સોન્ગ તો હીટ થયા પણ મને એક પૈસો ન મળ્યો! : નોરા ફાતેહી



નોરા ફતેહી બોલિવૂડ એક્ટ્રેસ હોવાની સાથે-સાથે શાનદાર ડાન્સર પણ છે. પોતાના આ જ ટેલેન્ટના કારણે તેણે અનેક ફિલ્મોમાં આઈટમ સોન્ગ કર્યા છે. જોકે, હવે 'દિલબર ગર્લ'ના નામથી ઓળખાતી નોરા ફતેહીએ જણાવ્યું કે, 'ભલે મારા આઈટમ સોન્ગે ફિલ્મો હિટ થયા હોય અને ઈન્ટરનેટ પર ધૂમ મચાવી હોય પરંતુ તેના માટે મને એક પૈસો નથી મળ્યો.'

નોરા ફતેહીએ જણાવ્યું કે, 'જ્યારે મેં આ સોન્ગમાં દેખાવાનું શરૂ કર્યું, જે ઈન્ટરનેટ પર છવાઈ ગયા હતા, ફિલ્મો હિટ કરાવી રહ્યા હતા અને બોક્સ ઓફિસ નંબર્સ પર પ્રભાવ પાડી રહ્યા હતા અને મને સમજાયું કે મારા સિવાય બધા પૈસા કમાઈ રહ્યા છે. YouTubeથી પૈસા આવી રહ્યા હતા. સફળ સોન્ગના કારણે ફિલ્મોને ફાયદો થઈ રહ્યો છે, પરંતુ આ સોન્ગ હું તેમના માટે ફ્રીમાં કરી રહી હતી.' નોરા ફતેહીએ આગળ કહ્યું કે, 'હું જે પણ પૈસા કમાઈ રહી હતી તે લાઈવ પર્ફોર્મન્સ અને ઈવેન્ટ્સમાંથી હતા. પરંતુ મારા માટે કોઈ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, સ્ટ્રીમિંગના નફા જેવી કંઈ વસ્તુ નહોતી.'

નોરાએ જણાવ્યું કે, 'સિસ્ટમ વિરુદ્ધ જવાના બદલે મેં તેમાં રહીને પૈસા કમાવાનો રસ્તો શોધી લીધો. મેં પબ્લિશિંગ રાઈટ્સ અને રોયલિટીમાં પોતાનો હિસ્સો લેવાનું શરૂ કર્યું.' એક્ટ્રેસે કહ્યું કે,'દિલબર ગર્લ'હોવાનો શું ફાયદો, 'જ્યારે મારી પાસે પોતાના બાળકોને બતાવવા માટે કોઈ શોહરત જ નહીં હશે? જનરેશનલ વેલ્થ મોટી બાબત છે અને હવે હું તેના પર ફોકસ કરવા માગું છું.'

## શનાયાની નવી ફિલ્મનું ટીઝર રીલિઝ, અનન્યા-સુહાના ખુશ

**મુંબઇ : શનાયા કપૂર અને આદર્શ ગોરવે પોતાની આવનારી ફિલ્મ 'તુ યા મૈં'નું ટીઝર આજ રીલિઝ કર્યું હતું. જે જોઇને તેની ખાસ સહેલીઓ સુહાના ખાન, અનન્યા પાંડે અને નવ્યા નવેલી નંદા સહિત ઉપરાંત કઝિન્સ જાહ્નવી કપૂર, ખુશી અને અર્જુને પણ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમાં ખાસ કરીને નવ્યા નંદાએ 'આખિરકાર..' એવી કોમેન્ટ દ્વારા સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ઉલ્લેખનીય છે કે શનાયાને અગાઉ કરણ જોહર 'બેધડક' ફિલ્મ દ્વારા લોન્ચ કરવાનો હતો. આ ફિલ્મ એનાઉન્સ પણ કરાઈ હતી. જોકે, બાદમાં કોઈ કારણોસર આ પ્રોજેક્ટ પડતો મૂકાયો હતો. હવે 'તુ યા મૈં' દ્વારા શનાયાનું બોલીવૂડ ડેબ્યૂ નક્કી થતાં તેની સહેલીઓ તથા કઝિન્સ ખુશ થયાં છે.**

## સામંથા અને દિગ્દર્શક રાજ વચ્ચે અફેરની અફવા ચગી



મુંબઇ : સામંથા રૂથ પ્રભુ અને દિગ્દર્શક રાજ નિદિમોરુ ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા ને ફરી બળ મળ્યું છે. બન્નેએ 'સિટાડેલ : હની બની'માં સાથે કામ કર્યું હતું. હવે તો ફરી એક મિત્રની બર્થ ડે પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા તેમજ તસવીરકારોને સાથે પોઝ પણ આપ્યો હતો. જોકે સામંથા તેમજ રાજ નિદિમોરુએ તેમના સંબંધ વિશે કોઇ સ્પષ્ટતા કરી નથી.

સામંથા અને રાજ નિદિમોરુ ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા અભિનેત્રીએ એક સ્પોર્ટસ ઈવેન્ટની તસવીરો સોશિયલમીડિયા પર શેર કરી હતી ત્યારથી થઈ રહી છે.

ઉલ્લેખનીય છ`કે, સામંથાએ અગાઉ નાગા ચૈતન્યા સાથે લગ્ન કર્યા હતા અને તેમણે ૨૦૨૧માં છૂટાછેડા લઇ લીધા છે. હવે નાગા ચૈતન્યા શોભિતા ધુલીપાલા સાથે લગ્ન કરી લીધાં છે. હવે સામંથાએ પણ નવો સાથી શોધી લીધો હોવાનું મનાય છે.

# 'મારું સપનું છે કે, હું લગ્ન ના કરું, સંબંધોથી મને ડર લાગે છે...' : અદા શર્માનું નિવેદન



એક્ટ્રેસ અદા શર્માની ફિલ્મ 'કેરલા સ્ટોરી' બ્લોકબસ્ટર રહી હતી. બોક્સ ઓફિસ પર તેણે ધૂંઆધાર કમાણી કરી હતી. તે બાદ આ સુશાંત સિંહ રાજપૂતનું ઘર ખરીદવાને લઈને ચર્ચામાં રહી. હવે પોતાના એક નિવેદનને લઈને આ ચર્ચામાં આવી છે. અદાથી લગ્ન કરવાને લઈને સવાલ કરવામાં આવ્યો. તેની પર તેણે કહ્યું કે 'હું લગ્ન કરવા માગતી નથી. મારું સ્વપ્ન છે કે હું લગ્ન ન કરું. લગ્નના સ્વપ્નને જોવું મારા માટે ખરાબ સ્વપ્ન જેવું હશે. હું કોઈ સંબંધમાં આવવાથી ગભરાઈ રહી નથી. હું પહેલા જ ઘણી વખત દુલ્હનનું પાત્ર સ્ક્રીન પર નિભાવી ચૂકી છું. રિયલ લાઈફથી લગ્નની ઈચ્છા જ જતી રહી છે હવે મન ઉઠી ગયું છે. જો ભવિષ્યમાં મને લાગે છે કે લગ્ન કરવા જોઈએ તો હું આરામદાયક વસ્ત્રોમાં લગ્ન કરીશ. ભારે લહેંઘામાં નહીં.' અદા શર્માની પાસે હજુ ઘણા પ્રોજેક્ટ્સ છે. જેના વિશે તે વિચારી રહી છે. અત્યાર સુધી કોઈ ફિલ્મની જાહેરાત કરી નથી.



## ॥ સંસ્કૃતિ ॥


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH

### બલુચિસ્તાન લિબરેશન આર્મીએ પરફેક્ટ પ્લાનિંગ સાથે પાર પાડેલું ઓપરેશન

# ટ્રેન હાઈજેક, અનેક બંધક : પાકિસ્તાનનું નાક વઢાયું

**પ્રાસંગિક**

ધવલ શુક્લ



પ્રતિબંધિત સંગઠન બલુચિસ્તાન લિબરેશન આર્મીએ ચાર દિવસ પહેલાં દક્ષિણ પશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતના ક્વેટાથી ખૈબર પખ્તુનખ્વાના પેશાવર જઈ રહેલી જાફ઼ એક્સપ્રેસ ટ્રેનને હાઈજેક કરી હતી. આ ઘટનામાં મોટી સંખ્યામાં લોકોના મોતની આશંકા છે. ટ્રેન હાઈજેકની ઘટનાને ૨૮ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પાકિસ્તાન સેના તમામ બંધકોને છોડાવી શકી ન હતી. પાકિસ્તાનના સૌથી મોટા પ્રાંત બલુચિસ્તાનની આઝાદી માટે લડતી બલુચ લિબરેશન આર્મીના પરફેક્ટ પ્લાનિંગ સાથે ટ્રેન હાઈજેકના આ ઓપરેશનથી પાકિસ્તાનનું નાક કપાયું છે.

પાકિસ્તાની મીડિયાનાં અહેવાલો અનુસાર અત્યાર સુધીમાં ૧૫૫ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા છે. અને બચાવ કામગીરીમાં બલૂચ લિબરેશન આર્મી (BLA)ના ૨૭ લોકોને ઠાર મરાયા છે. તાજેતરનાં નિવેદનમાં BLAએ ૩૦ પાકિસ્તાની સૈનિકોને માર્યા ગયાનો દાવો કર્યો હતો. ટ્રેનમાં સવાર ૫૦૦ જેટલા મુસાફરોએ બીએલએએ ૨૪૦ જેટલા પ્રવાસીઓને બંદી બનાવ્યા હતા પણ તેમાંથી ૮૦ જેટલી સ્ત્રીઓ અને નાનાં બાળકોને છોડી મૂક્યાં હતા. બીએલએએ પાકિસ્તાનની જેલોમાં બંધ પોતાના માણસોના બદલામાં આ પ્રવાસીઓને છોડવાની તૈયારી બતાવી હતી. ટ્રેનમાં પાકિસ્તાન આર્મી, પોલીસ, એન્ટિ ટેરરિઝમ ફ઼ેર્સ અને ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સના માણસો મોટી સંખ્યામાં હતા અને પંજાબ જઈ રહ્યા હતા. બીએલએએએ બધાંને બંદી બનાવીને રાખતાં પાકિસ્તાન સરકારની હાલત કફેડી થઈ ગઈ છે.

જાફ઼ એક્સપ્રેસના રૂટ ઉપર મશકાફ઼માં ૧૭ ટનલ આવે છે. બીએલએએ બરાબર વચ્ચે આવેલી ૮મી ટનલમાં પાટા ઉડાવી દીધા હતા. તેથી ટ્રેન પાટા પરથી ખડી ગઈ. ટ્રેનમાં પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈના માણસો છે તેની બીએલએને પહેલેથી ખબર હતી. એટલે તેમના ડબ્બાને ટાર્ગેટ કરીને અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. આર્મી-આઈએસઆઈએ વળતો જવાબ આપવાની કોશિશ કરી પણ ઝાઝી સફળતા મળી ન હતી.

પાકિસ્તાનની ટ્રેન હાઈજેકની ઘટનાએ બલુચિસ્તાનની આઝાદીની લડાઈ માટે ચાલી રહેલા સંઘર્ષ તરફ આખી દુનિયાનું ધ્યાન ગયું છે. પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું, ત્યારે પહેલાં બલુચિસ્તાનનો કલાત વિસ્તાર પાકિસ્તાનમાં નહોતો ભળ્યો, પણ પાકિસ્તાને કલાતના શાસકનું કાંડું આમળીને ફરજ પાડી હતી. જો કે, બલોચ પ્રજા આ નિર્ણયની વિરૂદ્ધ હતી. તેથી કલાતના શાસક અહમદ યાર ખાનના નાના ભાઈ પ્રિન્સ કરીમની આગેવાનીમાં બલોચ પ્રજાએ હથિયાર ઉઠાવ્યાં. પાકિસ્તાન સામે ત્યારથી હિંસક સંઘર્ષ ચાલે છે. ભારતના ભાગલા થયા ત્યારથી અલગ બલુચિસ્તાનની માગણી સાથે જંગ ચાલે છે. પણ ચીનની પાકિસ્તાનમાં એન્ટ્રી પછી આ જંગ ઉગ્ર બન્યો છે. બૂલચિસ્તાનનો વિસ્તાર બહુ મોટો છે. લગભગ ૩.૫૦ લાખ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફ઼ેલાયેલા આ વિસ્તારની માત્ર સવા કરોડની વસતી છે. મોટાભાગની વસતી આદિવાસી અને કબિલામાં ફ઼ેલાયેલી છે. આ વિસ્તાર પાકિસ્તાન માટે દૂઝણી ગાય છે. બલુચિસ્તાનમાં ખનિજો તથા પેટ્રોલીયમનો ભંડાર છે. કુદરતી ગેસ અને ક્રૂડ ઓઈલ, તાંબા, સલ્ફ અને ફ્લોરાઈડની ખાણોમાં મોટા પ્રમાણમાં ખનિજો ધરબાયેલી છે. આ વિસ્તારની સોનાની ખાણોમાંથી સોનું પણ મોટા પ્રમાણમા મળે છે. પાકિસ્તાને મોટા પ્રમાણમાં ખનિજો તથા બીજી કુદરતી સંપત્તિની લૂંટ ચલાવી પણ આ વિસ્તારને પછાત રાખ્યો. તેના કારણે પાકિસ્તાનના સૌથી ગરીબ વિસ્તારોમાં બલુચિસ્તાનનો સમાવેશ થાય છે.

પાકિસ્તાને વરસો સુધી બલૂચિસ્તાનને લૂંટયું અને પછી ચીનને હવાલે કરી દીધું. ચીને બલુચિસ્તાનમાં ૪૬ અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરીને ઈકોનોમિક કોરીડોર બનાવવાનું શરૂ કરતાં બલૂચ પ્રજામાં આક્રોશ છે. છૂટાછવાયા કબિલાઓમાં રહેતા લડવૈયા પાકિસ્તાન અને ચીન સામે એક થઈને લડે છે. અલગ બલૂચ રાષ્ટ્રનું નિર્માણ તેમનો ઉદ્દેશ છે. ચીને પોતાની સુરક્ષા માટે લશ્કરી છાવણીઓ ઉભી કરે છે. પણ તેના પર પણ હુમલા કરાય છે. ત્રણ વર્ષ પહેલાં કરાચીમાં બલૂચ લિબરેશન આર્મીએ ચીનના દૂતાવાસ પર પણ હુમલો કર્યો હતો.

હાલના બલુચિસ્તાનનો મોટા ભાગનો વિસ્તાર જૂના કલાત રાજ્યનો બનેલો છે. ભારતના ભાગલા પડયા ત્યારે કલાતના શાસક અહમદ યાર ખાન પાકિસ્તાનમાં ભળવા નહોતા માગતા. કલાતની આસપાસનાં ખારાન, લાસ બેલા અને મકરાણ પાકિસ્તાનમાં ભળી જતાં કલાત પાકિસ્તાનના પ્રદેશોથી ઘેરાયેલો જમીની ટાપુ બની ગયો હતો. યાર ખાન પર ભારે દબાણ હતું. પણ યાર ખાને મચક ના આપતાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭થી ૨૭ માર્ચ ૧૯૪૮ સુધી કસાત સંપૂર્ણપણે સ્વતંત્ર પ્રદેશ રહ્યો હતો.

કલાતે પાકિસ્તાનમાં ભળવું પડયું એ માટે ઓલ ઈન્ડિયા રેડિયોની બેવકૂફ઼ીને કારણભૂત માનવામાં આવે છે. ૨૭ માર્ચ, ૧૯૪૮ની રાત્રે ઓલ ઈન્ડિયા રેડિયોએ અહેવાલ પ્રસારિત કર્યો કે, યાર ખાને ભારત સાથે જોડાણની ઓફ઼ કરી છે. ફ઼ેબ્રુઆરીમાં યાર ખાને મોકલેલી દરખાસ્ત અંગે નિર્ણય નહી લેવાયો હોવાનો દાવો અહેવાલમાં કરાયો હતો. આ અહેવાલે પાકિસ્તાનને ચોંકાવી દીધું. કલાતમાં ભારતનું શાસન હોય તો પાકિસ્તાનની હાલત કફેડી થઈ જાય તેમ હતુ. તેથી પાકિસ્તાને રાત્રે જ યાર ખાનને હુમલાની ધમકી આપી. ભારત કલાતને મદદ કરી શકે તેમ નહોતું. તેથી ખાને બીજા દિવસે પાકિસ્તાન સાથે જોડાણના કરાર પર સહી કરવી પડી.

બીએલએ સત્તાવાર રીતે ૨૦૦૦ની સાલમાં અસ્તિત્વમાં આવ્યું, પણ તેનાં મૂળિયાં ૧૯૭૩થી શરૂ થયેલી લડાઈમાં છે. સોવિયેત યુનિયન એટલે કે, રશિયાની જાસૂસી સંસ્થા કેજીબીના બે એજન્ટ 'મિશા' અને 'શાશા'એ બલોચ લડવૈયાઓને હથિયારો પૂરાં પાડીને જંગ શરૂ કરાવ્યો હતો એવું મનાય છે. અફ઼ઘાનિસ્તાનમાં ૧૯૮૦ના દાયકામાં રશિયાના લશ્કર સામે દુનિયાભરના કટ્ટરવાદી મુસ્લિમો લડવા ઉતરી પડયા પછી બલુચિસ્તાનની આઝાદીની લડત ઠંડી પડી ગઈ હતી. પરંતુ અમેરિકાએ નાઈન ઈલેવનના હુમલા પછી અફ઼ઘાનિસ્તાનને ધમરોળી નાંખીને તાલિબાનને ભગાડયા હતા. તેથી આ લડત પાછી શરૂ થઈ અને ધીરે ધીરે ઉગ્ર બની રહી છે. તેથી પાકિસ્તાન જ નહીં પણ ચીનના શાસકોની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે. બલુચિસ્તાનમાં બુગતી પરિવાર બહુ પાવરફુલ મનાય છે. બુગતી પરિવાર બલુચિસ્તાનની સ્વાયત્તતા માટે લડે છે. બીજા રાજકીય પક્ષો પણ તેમની સાથે હોવાથી ૨૦૦૩થી લોકોએ રસ્તા પર આવીને પાકિસ્તાન સરકાર સામે મોરચો માંડી દીધો છે. પાકિસ્તાન સરકારે તેને દબાવવા દમન શરૂ કર્યું, તેમાં સ્વાયત્તાતાની વાત બાજુ પર જતી રહી. લડાયક બલોચ પ્રજાને પાકિસ્તાનના શાસકોના શોષણ સામે પણ વાંધો છે. હવે બલુચિસ્તાનમાં લોકો પાકિસ્તાનના નામથી જ ભડકે છે અને આઝાદીથી ઓછું કશું ના ખપે તેવા નારા બુલંદ થઈ ગયા છે. તેનો ફ઼યદો બલુચ લિબરેશન આર્મી જેવાં સંગઠનોને મળ્યો છે. લોકોના સમર્થનને કારણે સશસ્ત્ર સંગઠનો વધારે આક્રમક બન્યાં છે. આ વિસ્તારમાં શિયાઓની વસતી મોટા પ્રમાણમાં છે. બલુચિસ્તાન વિશ્વના શિયાઓના સૌથી મોટા દેશ ઈરાનની નજીક હોવાથી ઈરાન પણ તેમને મદદ કરે છે. બલુચિસ્તાન અરબી સમુદ્ર પાસે છે અને ભારતની નજીક છે. તેથી ભારત પણ મદદ કરતું હોવાનું કહેવાય છે. જો કે પાકિસ્તાન ગમે તે કરે, બલુચિસ્તાનને પોતાની સાથે રાખવામાં સફ઼ળ થાય એવી શક્યતા ઓછી છે.

**ભારતના ભાગલા થયા ત્યારથી અલગ બલુચિસ્તાનની માગણી સાથે જંગ ચાલે છે. પણ ચીનની એન્ટ્રી પછી આ જંગ ઉગ્ર બન્યો છે. અહીંના લોકોનુ માનવું છે કે, પાકિસ્તાને ગેરકાયદે કબજો કર્યો છે. તેથી સાથીદારોને પાક.ની જેલમાંથી છોડાવવા ટ્રેન હાઈજેક કરાઈ**

# પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે હોળી અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



ટોરોન્ટો : 9 માર્ચ, 2025ના રોજ પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે હોળી અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમમાં મેયર પેટ્રિક બ્રાઉન સહિતના માનવંતા મહેમાનો સહિત 100થી વધુ વરિષ્ઠ નાગરિકો એક જીવંત અને આનંદદાયક મેળાવડામાં ભેગા થયા હતા. સૌએ તહેવારની મહત્તા વિશે વાતો કરી હતી.

# ટૂંક સમય માટે US મુસાફરી કરવા ઈચ્છતા લોકોએ ફિંગર પ્રિન્ટ્સ સબમિટ કરવા પડશે

## નવો નિયમ 11મી એપ્રિલથી અસ્તિત્વમાં આવવાની સંભાવના

**ટોરન્ટો**

કેનેડિયનો અને અન્ય વિદેશી નાગરિકો કે જેઓ 30 દિવસ કે તેથી વધુ સમય માટે યુ.એસ.માં રહેવાની યોજના ધરાવે છે, તેમણે ટૂંક સમયમાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીમાં નોંધણી અને ફિંગરપ્રિન્ટિંગ માટે અરજી કરવાની રહેશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર 20 જાન્યુઆરીના એક્ઝિક્યુટિવ ઓર્ડરથી ઉદભવેલો આ ડ્રાફ્ટ નિયમ 11 એપ્રિલથી અમલમાં આવે તેવી અપેક્ષા છે. યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS)એ પ્રકાશન સમય સુધીમાં મીડિયાની વિનંતીનો જવાબ આપ્યો ન હતો. જો કે, કેનેડિયનો લાંબા સમયથી દેશોના ગાઢ સંબંધોને કારણે કેટલાક યુ.એસ. મુસાફરી કાયદાઓમાં અપવાદોથી લાભ મેળવતા આવ્યા છે. ફક્ત નાગરિકતા જ સ્નોબર્ડ્સ સહિતના પ્રવાસીઓને આ નવા નિયમોમાંથી મુક્તિ આપશે નહીં. ગ્લોબલ અફેર્સ કેનેડાના પ્રવક્તા કહે છે કે, તે "આ વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે. કેનેડિયન એસોસિએશન ઓફ રિટાયર્ડ પર્સન્સોના પ્રમુખે જણાવ્યું હતું કે, સરહદની દક્ષિણે આવેલા સમુદાયોમાં પોતાને સ્થાપિત કર્યા પછી વર્ષના છ મહિના માટે નિયમિતપણે યુ.એસ.ની મુલાકાત લેતા સ્નોબર્ડ્સ "એલિયન્સ જેવા વર્તનથી ખરેખર આઘાત પામે છે.

# નાયગ્રામાં ગાંજાના 4,000 ગેરકાયદે છોડ જપ્ત, બે ઇસમો સામે આરોપ

## વેનફ્લીટમાં હાઇવે નંબર 3 પાસે પોલીસે બાતમીને આધારે રેડ કરી

**ઓન્ટેરિયો**

પ્રાંતીય પોલીસે જણાવ્યું છે કે, તેમણે નાયગ્રા પ્રદેશમાં 4,000થી વધુ ગેરકાયદે ગાંજાના છોડ જપ્ત કર્યા બાદ ઓન્ટેરિયોના બે લોકો પર આરોપ મુકાયો છે. અધિકારીઓએ 26 ફેબ્રુઆરીના રોજ બાતમીને આધારે વેનફ્લીટમાં હાઈવે નંબર 3 ઉપરના એક સ્થળે કાર્યવાહી કરી હતી. હેલ્થ કેનેડાના નિરીક્ષકોના રેફરલ બાદ તેમણે કહ્યું હતું કે ગાંજો ગેરકાયદેસર રીતે ઉગાડવામાં આવી રહ્યો હતો. અધિકારીઓને 4,098 ગાંજાના છોડ અને 15 કિલોગ્રામથી વધુ સૂકા અને પ્રોસેસ્ડ ગાંજો મળી આવ્યો હતો. જેની કુલ કિંમત $2 મિલિયનથી વધુ છે. 58 વર્ષીય અને 35 વર્ષીય વ્યક્તિ ઉપર ગાંજાના કાયદા હેઠળ બે ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં વિતરણના હેતુ માટે ડ્રગ રાખવાનો સમાવેશ થાય છે. આ આરોપોનું કોર્ટમાં પરીક્ષણ કરવામાં આવ્યું નથી અને તપાસ ચાલુ છે.

**ફાગણ સુદ-13**
**ફાગણ ફેરી**

# પાલિતાણાના શેત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા

**આ દિવસ હિંદુ વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ વર્ષના ચોથા મહિનાનો તેરમો દિવસ છે, જ્યારે શક સંવત મુજબ વર્ષના અગિયારમાં મહિનાનો તેરમો દિવસ છે. પાલીતાણા શત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા વર્ષમાં એક જ દિવસ ફાગણ સુદ તેરસના દિવસે થાય છે. આ વિસ્તાર છ ગાઉનો હોવાથી એને ફાગણ ફેરી અથવા છ ગાઉ યાત્રા કહેવામાં આવે છે.**

શત્રુંજયનો અર્થ "આંતરિક શત્રુઓ પર વિજય પમાડનાર સ્થળ" અથવા "આંતરિક શત્રુને જીતનાર" એવો થાય છે.

કેવો છે આ છ ગાઉની યાત્રાનો મહિમા, તે અંગે જાણવું જરૂરી છે. ફાગણ સુદ તેરસના આ દિવસે અનેક આત્માઓને છ ગાઉની યાત્રામાં આવવાનું મન થાય છે. આ યાત્રા એટલે ૧૮ કિ.મી. ફરી દહીં થેપલાં ખાવા એ નથી. પંડિત વીરવિજયજી ૯૯ પ્રકારી પૂજામાં કહે છે તેમ"તીરથની આશાતના નવિ કરીએ નવ કરીએ તો ભવજળ તરિયે."

પણ આ દિવસે ભાડવા ગિરિ (પર્વત) ઉપર શ્રી કૃષ્ણ મહારાજાના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્ન જે ગિરિ પર સાડા આઠ કરોડ મુનિઓની સાથે સિદ્ધિ પદને પામ્યા છે, તે પવિત્ર સ્થાનની સ્પર્શના કરવાનો અમૂલ્ય દિવસ છે.

ફાગણ સુદ ૧૩ને ગુજરાતીમાં ફાગણ સુદ ત્રયોદશી કે ફાગણ સુદ તેરસ કહેવાય છે. જ્યારે શક સંવત મુજબ વર્ષના અગિયારમાં મહિનાનો તેરમો દિવસ છે. પાલીતાણા શત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા વર્ષમાં એક જ દિવસ ફાગણ સુદ તેરસના દિવસે થાય છે. આ વિસ્તાર છ ગાઉનો હોવાથી એને ફાગણ ફેરી અથવા છ ગાઉ યાત્રા કહેવામાં આવે છે.

**છ ગાઉની ભાવ યાત્રાનો પ્રારંભઃ-** શેત્રુંજ્ય તીર્થની ૬ ગાઉની યાત્રાનો પ્રારંભ સંગીતકાર ગજાનન ઠાકુરના સ્તવનથી કરું છું" પરમ પુરુષનો પંથ મળ્યો છે ચાલો પાવન થઈએ, સિદ્ધાચળની યાત્રા કરવા ચાલો આપણે જઈએ" શત્રુંજયની જાત્રાનો પ્રારંભ જય તળેટીથી થાય છે. એક જમાનામાં તે મનમોહન પાગ તરીકે પ્રસિદ્ધ હતું.

"એકકું ડગલું ભરે, શંત્રુજય સમો જેહ;

ઋષભ કહે ભવ - ક્રોડના, કર્મ ખપાવે તેહ." જાત્રાનો પ્રારંભ કરતાં પહેલાં આપણે જય તળેટીએ આવીને ગિરિ રાજને મસ્તક નમાવીને પ્રથમ ચૈત્ય વંદન કરીને યાત્રાનો પ્રારંભ કરીશું. ચાલો આપણે પણ દાદાના ભાવ ગીતો ગાતા ગાતા ભાવ યાત્રામાં આગળ વધીએ.


" દાદા આદેશ્વરજી, દૂરથી આવ્યો, દાદા દરિશન દો "પર્વતાધિરાજની સ્પર્શના કરીને શત્રુંજયને ભેટવાનો લહાવો લઈએ. જય તળેટીમાં આદિનાથ દાદા, ચોમાસુ કરનાર અજિતનાથ અને શાંતિનાથ, આઠમા ઉદ્ધારના ઉપદેશક અભિનંદન સ્વામી વગેરેનાં પગલાઓ તેમજ બાબુનું દેરાસર, જલમંદિર, રત્નમંદિર, સમવસરણના દર્શન કરીને આગળ વધીએ. લ્યો હવે આવ્યો હિંગળાજ માતાનો હડો (મંદિર)

**(૧) હિંગળાજનો હડો (માહાત્મ્ય):-**

હવે આપણે સતત સીધું ચઢાણ ચડવાનું છે.

હે આવ્યો હિંગળાજ હડો, કેડે હાથ દઈને ચઢો,
ફૂટયો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો.

સિંધુ નદી તરફના વિસ્તારમાંની શ્રી શંત્રુજગિરિરાજની યાત્રા કરવા આવતા યાત્રિકોને કરાંચીના જંગલમાં હિંગુલ નામનો રાક્ષસ હેરાન કરતો હતો. નેમીનાથ પરમાત્માની અધિષ્ઠાયિકા અને સૌરાષ્ટ્ર દેશની રખેવાળી અંબિકાદેવીએ આ હિંગુલરાક્ષસનો પરાભવ કર્યો. હિંગુલરાક્ષસની વિનંતીથી તેઓ હિંગળાજમાતા તરીકે પ્રસિધ્ધ થયા. તેમની પ્રતિમાઅહીં



પૂજાતી હોવાથી આ ભાગ હિંગળાજના હડા તરીકે ઓળખાય છે. દાદાની ભક્તિ કરતા હનુમાનધારા, રામપોળ વાઘણ પોળ થઈને શાંતિનાથ દાદાના દર્શન કરીને પાવન થઈને હીરાબાઈનો કુંડ, ભુખણદાસનો કુંડ, સૂરજકુંડને નિહાળી પાવન થઈએ. વારે ઘડીયે આજ સ્તવન માતા હૈયે અને હોઠે રમી રહ્યું છે.

"ઊંચા ઊંચા શેત્રુંજ્યના શિખરો સોહાય,
વચ્ચે મારા દાદા કેરા દેરાં ઝગમગ થાય."

વાઘણ પોળ પસાર કરીને હવે પ્રવેશ કરીએ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ (આદિનાથ દાદા)ના ભવ્યાતિભવ્ય જિનાલયમાં. વીર વિજયની ૯૯ પ્રકારી પૂજાની ઢાળ ગાવાનું મન થાય છે.

"સિદ્ધાચળ શિખરે દીવો રે આદેશ્વર અલબેલો રે.
ઈહાં મોક્ષ ગયા ક કોટી રે હવે હાથ પ્રભુ ઝાલો રે
શુભવીરને હૈડે વ્હાલો રે આદેશ્વર અલબેલો રે."

**(૨) આદિનાથ ભગવાનનું જીન મંદિર** ઋષભદેવ પ્રભુના પ્રથમ ચક્રવર્તી પુત્ર ભરત મહારાજાએ અહીં સર્વ પ્રથમ જિનમંદિર નિર્માણ કર્યું. શત્રુંજય તીર્થ વિશ્વભરમાં કદાચ એકમાત્ર એવું તીર્થ છે કે, જેમાં ડુંગર ઉપર ૮૬૩ ઉપરાંત શિખરબંધી નાનાં-મોટાં દેરાસરો છે. જેમાં લગભગ ૧૭૦૦૦ ઉપરાંત પ્રતિમાઓ બિરાજમાન છે. ૬૦૩ મીટર ઊંચી શત્રુંજય પર્વતમાળા પર આવેલાં આ દેરાસરો મોટાભાગે આરસપહાણથી અને સફેદ પથ્થરોથી બંધાયેલાં છે. ત્યારબાદ અનેક તીર્થોદ્ધાર આ ક્ષેત્રમાં થયાં. આ ગિરિરાજ પર મોક્ષે ગયેલા આત્માઓ પણ અનંત છે. વિશાળ ગિરિરાજની તસુએ તસુ ભૂમિ એક એક કંકર પર ધ્યાનસ્થ બની, મુનિવરો આત્મકલ્યાણ સાધી સિદ્ધગતિને પામ્યા છે. જ્યાં આ તીર્થનાં દર્શન-સ્પર્શ કરનાર આત્મા અવશ્ય ભવ્ય જ હોય, આરાધનાનો કરોડ ગણો લાભ અત્યંત મહિમાશાળી છે. ધાર્મિક માન્યતા અનુસાર એવું માનવામાં આવે છે કે દાદાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા બાદ દાદાએ સાત વાર શ્વોચ્શ્વાસવાસ લીધા હતા...

**(૩) રાયણ વૃક્ષનો મહિમાઃ-** રાયણ વૃક્ષના દર્શન કરતાં ભાવ ગીત સ્ફુરે છે" જેવી રાયણ વૃક્ષની છાયા, એવી આદિશ્વરની માયા" અષ્ટાપદજી તીર્થથી આગળ વધીએ નાની મોટી દેરીઓમાં રહેલા ભગવંતોને વંદના કરતા રાયણવૃક્ષ પાસે આવી પહોંચ્યા છીએ..આ રાયણવૃક્ષ શાશ્વત છે. શ્રી આદેશ્વર ભગવાન ૯૯ પૂર્વવાર (૧ પૂર્વ =૭૦૫૬૦ અબજ) આ રાયણવૃક્ષ નીચે સમોસર્યા કર્યા હતા. તેથી આ વૃક્ષ તીર્થની જેમ જ વંદનીય છે. આ વૃક્ષનું પૂજન કરવાથી શાકીની -ભૂત -વૈતાળ -રાક્ષસ આદિનો વળગાડ પણ દૂર થઈ જાય છે. રાયણવૃક્ષમાંથી જેના ઉપર દૂધ ઝરે તે આત્મા ત્રીજા ભવે મોક્ષે જાય છે.

**(૪).રાયણ પગલાંના દર્શન :-** આ શંત્રુજય ગિરીરાજ ઉપર જે જે તીર્થંકર પરમાત્મા પધારે છે. તે તમામનો સમવસરણ આ રાયણવૃક્ષ નીચે મંડાય છે. આ વૃક્ષની નીચે, સુરાસુરેન્દ્રોએ સેવેલ શ્રી આદેશ્વર ભગવાનની ચરણ પાદુકા છે. જે રાયણ પગલાં તરીકે પ્રસિદ્ધ છે. તેની પ્રતિષ્ઠા કર્માશાએ કરાવી છે. હવે તીર્થપતિ શ્રી આદીશ્વરદાદાને ભાવપૂર્વક ભેટી રામપોળથી બહાર નીકળી જમણી તરફના રસ્તેથી છ ગાઉ પ્રદક્ષિણાયાત્રાનો પ્રારંભ કરીએ.

**(૫) દેવકીના ૬ પુત્રોની પ્રતિમાના દર્શન :-** જમણી બાજુ ઊંચી દેરીમાં દેવકીજીના છ પુત્રોની પ્રતિમાનાં દર્શન થાય છે. આ છ પ્રતિમાઓની કથા આ પ્રમાણે છે કે વાસુદેવની પત્ની દેવકીએ કૃષ્ણજીની પહેલાં ક્રમશઃ છ પુત્રોને જન્મ આપ્યો હતો. તેઓ મોટા થઈ શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ સાધના કરવા લાગ્યા. ત્યાર પછી આ છએ મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા અને આ શત્રુંજયગિરિ પર મોક્ષે ગયા.

**(૬) ચિલ્લણ સરોવરઃ- (ચંદન તલાવડી) :-** શ્રી યુગાદિદેવના સુધર્મ નામે એક ગણધર હતા. તે ગણધરના ચિલ્લણ નામના એક મહાતપસ્વી શિષ્ય પશ્ચિમ માર્ગથી ગિરિરાજ પર ચડી રહ્યા હતા. કૃશ થયેલી તેમની કાયા તેમની ઉગ્ર તપસાધનાનો પરિચય કરાવતી હતી. મુખમંડલ પર ચમકતા તેજવર્તુળો લબ્ધિધર મુનિ તરીકેની તેમની ઓળખ આપતા હતા. ભવ્યજનોના વિશાળ વૃંદથી મુનિવર પરિવૃત્ત હતા. ૧૦ યોજનનું ચઢાણ ચડયા પછી તે ભક્તજનો તૃષાતુર બન્યા. તૃષાની પીડા અસહ્ય બનતા તેમણે તપસ્વી મુનિને કાંઈક ઉપાય કરવા વિનંતી કરી. તપની લબ્ધિથી ભરપૂર જળ નિષ્પન્ન કરવા આ તપસ્વી મુનિને તેમણે પુનઃપુનઃ વિનંતી કરી. સંઘનું સાન્નિધ્ય ઈચ્છનારા ચિલ્લણ મુનિવરે તપોલબ્ધિથી એક સુંદર સરોવર ત્યાં નિષ્પન્ન કર્યું. અમૃતના સ્વાદનેય ટપી જાય તેવો આ સરોવરના નિર્મળ જળનો મધુર આસ્વાદ માણીને તે સહુ તૃષામુક્ત બન્યા. મુનિવરના નામથી તે સરોવર "ચિલ્લણ સરોવર"ના નામથી પ્રસિદ્ધ બન્યું. અપભ્રંશ થતા આજે તે 'ચંદન તલાવડી'ના નામથી ઓળખાય છે. સરોવર સર્વોપકારી હોવાથી અત્યંત પવિત્ર ગણાય છે. આ સરોવરના જલથી સ્નાન કરવું તે પણ શુદ્ધિ અને સિદ્ધિનું કારણ બને છે. આ સરોવરના જલનું પાન પણ પુનિત કરનારું છે. તેના જલથી પ્રભુનો અભિષેક કરવાથી અનાદિના કર્મમળ ધોવાઈ જાય છે. આ સરોવરના જલથી સ્નાન કરી જે પ્રભુના ચરણોનું પ્રક્ષાલન કરે છે, તે એકાવતારી થઈને મુક્તિ પામે છે.

- ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક.
(જૈન સંગીતકાર)

# ખરાબ ત્વચાને રિફ્રેશ કરવા મડ માસ્ક ઉત્તમ ઉપાય

માટીમાં અનેક પ્રકારના ગુણ રહેલા હોવાથી તેનો ઉપયોગ ચહેરાની સુંદરતા વધારવા માટે કરવામાં આવે છે. ખરાબ ત્વચાને રિફ્રેશ કરવા મડ માસ્ક ઉત્તમ ઉપાય છે. શરીરને જેમ ત્વચાને પણ ડિટોક્સિફાઇ કરવી જરૂરી છે. એનાથી આપણી સ્કિનમાં રહેલી ગંદકી સાફ થઈ જાય છે અને ત્વચા ચમકવા લાગે છે. આજે આપણે મડ દ્વારા માસ્ક બનાવવાનું શીખીશું.



## ડીપ ક્લીન્ઝિંગ મડ માસ્ક

ત્વચાને ડીપ ક્લીન કરવી બહુ જરૂરી છે. એક ચમચી બેન્ટોનાઈટ ક્લે, એક નાની ચમચી મધ, બે ચમચી પાણી, અડધી ચમચી કેમોમાઈલ પાઉડર, બે ટીપાં લવેન્ડર એસેન્શિયલ ઓઈલ લો. બધી સામગ્રીને એક બાઉલમાં મિક્સ કરીને પેક તૈયાર કરો. આ માસ્ક ચહેરા પર લગાવો. સુકાય એટલે સાદા પાણીથી ધોઈ લો.

## કોફી મડ માસ્ક

કોફીમાં એન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણ જોવા મળે છે. એપલ સાઈડર વિનેગર તમારી સ્કિનને ટોન કરશે, તેથી સ્કિન ડિટોક્સ માટે આ મડ માસ્ક બનાવી શકો છો. એક ચમચી ફ્રેન્ચ ગ્રીન ક્લે, એક ચમચી કોફી ગ્રાઉન્ડ્સ, એક ચમચી એપલ સાઈડર વિનેગર, એક ચમચી ગુલાબજળ, ચાર ચમચી ક્લે, બેથી ત્રણ ટીપાં ટી ટ્રી ઓઈલ. એક બાઉલમાં ક્લે, ફ્રેન્ચ ગ્રીન ક્લે અને કોફી ગ્રાઉન્ડ્સને નાંખીને મિક્સ કરો. હવે એપલ સાઈડર વિનેગરમાં એક ચમચી ગુલાબજળ નાંખીને તેને પાતળું કરો. હવે એમાં ટી ટ્રી ઓઈલ ઉમેરીને મિક્સ કરો. માસ્ક તૈયાર થઈ જશે. હવે સૌથી પહેલાં ચહેરાને પાણીથી ધોઈ લો. હવે બ્રશની મદદથી આ માસ્કને ચહેરા પર લગાવો. માસ્ક સુકાઈ જાય એટલે સાદા પાણીથી ચહેરો ધોઈ લો. પછી ચહેરા પર લાઈટ મોઈશ્ચરાઈઝર લગાવો. આ માસ્કનો ઉપયોગ વીકમાં એક વખત કરો.

## ચારકોલ મડ માસ્ક

ચહેરા પર એક્ટિવેટેડ ચારકોલના ઉપયોગથી ત્વચા એકદમ સાફ થઈ જશે. આ ઉપરાંત બ્લેકહેડ્સની સમસ્યા પણ ઓછી થઈ જશે. આ પેક બનાવવા ત્રણ મોટા ચમચા બેન્ટોનાઈટ ક્લે લો. એક ચમચી એક્ટિવેટેડ ચારકોલ, ત્રણ મોટી ચમચી વિચ હેઝલ અને 20 ટીપાં ટી ટ્રી ઓઈલ લો. એક બાઉલમાં બધી સામગ્રીને ભેગી કરી પાતળું માસ્ક તૈયાર કરો. આ માસ્કને તમારા ચહેરા અને ગરદન પર સારી રીતે લગાવી દો. જ્યારે માસ્ક સુકાઈ જાય ત્યારે સાદા પાણીથી ચહેરો ધોઈ લો. આ માસ્કનો ઉપયોગ વીકમાં એક વખત કરો.

## એવોકાડો મડ માસ્ક

આ મડ માસ્કથી ત્વચા હાઈડ્રેટ થશે અને ચહેરા પરની ગંદકીને પણ સાફ કરશે. એક મોટો ચમચો એવોકાડો પલ્પ, એક મોટો ચમચો બેન્ટોનાઈટ ક્લે, બે ચમચી એવોકાડો તેલ, બે ચમચી મધ લો. એક બાઉલમાં એક મોટો ચમચી એવોકાડો પલ્પ, એક મોટો ચમચો બેન્ટોનાઈટ ક્લે અને એવોકાડો તેલ અને મધ નાંખો. બધી સામગ્રીને મિક્સ કરીને ઘટ્ટ પેસ્ટ બનાવો. હવે આ માસ્કને બ્રશની મદદથી ચહેરા પર લગાવો. પછી ચહેરા ઉપર હળવા હાથે મસાજ કરો. સર્ક્યુલર મોશનમાં ચહેરા પર ત્રણથી પાંચ મિનિટ સુધી રબ કરો. પછી માસ્કને સુકાવા દો.

# મેકઅપની અવનવી આર્ટ બ્રશ વગર કરો આઇ મેકઅપ

મેકઅપ એક એવી આર્ટ છે, જે આપણી સુંદરતાને વધારવાનું કામ કરે છે. મેકઅપ દ્વારા કોઈ પણ વ્યક્તિની સુંદરતામાં ચાર ચાંદ લાગી જાય છે, તેથી યુવતીઓ મેકઅપ કરવાનું પસંદ કરે છે. મેકઅપ શબ્દ સાંભળવા અને બોલવામાં જેટલો સરળ છે એટલો એ કરવામાં અઘરો છે. જ્યારે આપણે ચહેરા પર મેકઅપ કરીએ છીએ ત્યારે આંખના મેકઅપ પર ધ્યાન આપવું જરૂરી છે. આંખનો મેકઅપ કરતી વખતે બેઝથી લઈને આપણે આઈશેડ એપ્લાય કરીએ છીએ. આ બધાની માહિતી હોવી જરૂરી છે. આપણે જ્યારે આઈ મેકઅપ કરીએ છીએ ત્યારે આપણે બ્રશનો ઉપયોગ કરીએ છીએ, પણ બ્રશ દ્વારા મેકઅપ કરવો સહેલો નથી. તમને મેકઅપ કરવાનો શોખ છે અને બ્રશ ચલાવતા ફાવતું નથી, તો બ્રશ વગર પણ તમે આઈ મેકઅપ કરી શકો છો.



## કોર્નર પર લગાવો ટેપ

આઈ મેકઅપ શરૂ કરતાં પહેલા આંખના કોર્નર પર ટેપ લગાવી દો. આમ કરવાથી મેકઅપ પરફેક્ટ શેપમાં દેખાશે અને બગડશે પણ નહીં. એનાથી તમે આંખ પર જે પણ શેપ આપવા ઈચ્છો છો સરળતાથી આપી શકો છો.

## કોટનથી લગાવો બેઝ

જે રીતે ફેસ મેકઅપ કરતી વખતે આપણે પહેલાં બેઝ તૈયાર કરીએ છીએ. એ રીતે આંખનો મેકઅપ કરવા માટે તેનો બેઝ તૈયાર કરવો જરૂરી છે. કોટનની મદદથી સરળતાથી તમે આંખ પર પ્રાઈમરથી બેઝ તૈયાર કરી શકો છો. આંખ માટે મળનાર બેઝનો ઉપયોગ પણ કરી શકાય છે.

## બડ્સથી આઇ લાઇનર

આઈશેડો એપ્લાય કર્યા પછી આંખ પર વિંગ્ડ લાઈનર લગાવવા ઈચ્છો છો તો એ પણ સરળતાથી એપ્લાય કરી શકાય છે. એ માટે ઈયર બડ્સ લો અને આંખના કોર્નર પર વિંગ તૈયાર કરો. વિંગ્ડ આઈ લાઈનર લાગી જશે.

## આંગળીથી લગાવો શિમર

મેકઅપને ગ્લેમરસ લુક આપવા ગ્લિટર અથવા શિમર એપ્લાય કરી શકો છો. એ માટે તમારે તેને તમારી આંગળીથી આંખની ઉપર લગાવીને ધીરે ધીરે રબ કરવાનું છે. આંગણીના ટેરવાથી એ સરળતાથી બ્લેન્ડ થઈ જશે અને તમારો મેકઅપ કમ્પ્લીટ દેખાશે.

## આટલું ધ્યાન રાખો

આઈ મેકઅપ કરતી વખતે થોડું ધ્યાન રાખવામાં આવે તો પરફેક્ટ મેકઅપ કરી શકીએ છીએ અને લાંબા સમય સુધી મેકઅપ ટકી પણ શકે છે. જેમ કે, મેકઅપ કરતાં પહેલાં પ્રાઈમર એપ્લાય કરવામાં આવે તો લાંબા સમય સુધી ટકી રહે છે. આઈશેડો પહેલાં એપ્લાય કરવામાં આવેલા પ્રાઈમર પાપણની ક્રિજને સ્મૂધ બનાવવાનું કામ કરે છે. આઈલેશને સુંદર બનાવવા ઈચ્છો છો, તો મસ્કારા એપ્લાય કરવાની સાથે લાઈટ હેરવાળા આઈલેશ લગાવી શકો છો.

# અનેક રોગોમાં ફાયદાકારક માટે સ્ટ્રોબેરી



### દાંતની સફાઇ

દાંતની સફાઈ માટે પણ સ્ટ્રોબેરીનું સેવન ફાયદાકારક છે. એક પાકેલી સ્ટ્રોબેરીને છુંદી તેમાં ચપટી ખાવાનો સોડા ભેળવવું, આ મિશ્રણને બ્રશ પર લગાડી દાંત પર ઘસવાથી દાંતની સફાઈ સારી થાય છે.

### આંખની રોશની

સ્ટ્રોબેરીમાં સમાયલે એન્જાઈમ આંખની રોશની વધારવામાં મદદ કરે છે. તેમાં સમાયેલ એન્ટીઓક્સીડન્ટસ આંખને મોતિયામાં રાહત આપે છે. તેમાં વિટામિન સી પણ પ્રચુર માત્રામાં સમાયેલુ ંહોવાથી તે આંખની રોશની માટે ગુણકારી માનવામાં આવે છે. એટલું જ નહીં આંખને સૂરજના હાનિકારક યૂવી કિરણોથી સુરક્ષા આપે છે.

### કેન્સર

સ્ટ્રોબેરીમાં એવા ઘણા એન્ટીઓક્સીડન્ટસ, ફ્લેવોનોયડ અને વિટામિન સમાયેલા હોય છ ેજે શરીરને કેન્સર જેવી બીમારીઓ સામે લડવાની તાકાત આપે છે.

### હૃદય સંબંધી

સ્ટ્રોબેરીનું સેવન નિયમિત કરવાથી શરીરમાંના બેડ કોલેસ્ટ્રોલ ઓછા થાય છે જેથી હૃદય સંબંધી બીમારીઓનીઆશંકા ઓછી થઈ જાય છે.

### ડાયાબિટીસ

સ્ટ્રોબેરીમાં એવા તત્વો પણ સમાયેલા હોય છે જે આપણા શરીરમાંના ગ્લુકોઝના સ્તર પર સારો પ્રભાવ નાખે છે. તેનું સેવન ડાયાબિટીસ ટુની આશંકાને ઓછી કરે છે.

### શરીર પરનો મેદ ઘટાડે

સ્ટ્રોબેરીમાં ભરપુર પ્રમાણમાં  ફાઈબર સમાયેલું હોય છે. તેના સેવનથી પેટ લાંબા સમય સુધી ભરેલું મહેસૂસ કરે છે. તથા વધુ પ્રમાણમાં ખાવાથી અન હેલ્ધી ચીજોનું સેવન કરવાથી બચાવે છે, જે વજન ઘટાડવા માટેનો એક ઉત્તમ ઉપાય છે. તેના સેવનથી વજન નિયંત્રિત કરવામાં ઘણી મદદ મળે છે.

### કબજિયાત

સ્ટ્રોબેરીમાં સમાયેલા ફાઈબર પાચનક્રિયાને ઠીક રાખીને કબજિયાત, એસિડિટી,ગેસ જેવી સામાન્ય સમસ્યાઓથી દૂર રાખે છે.

### ઇમ્યૂન સિસ્ટમ

સ્ટ્રોબેરીમાં પર્યાપ્ત માત્રામાં વિટામિન બી અને વિટામિન સી સમાયેલું હોય છે. જે શરીરને ઈમ્યૂન સિસ્ટમને મજબૂત કરવામાં મદદ કરે છે શરીરમાં ઉર્જાનું સ્તર જાળવે છે.

### હાડકા માટે ગુણકારી

સ્ટ્રોબેરીમાં  સમાયેલ પોટેશિયમ મેગેન્ઝી, કોપર , આર્યન, આયોડીન હાડકાઓના વિકાસની સમસ્યાથી રાહત અપાવે છે તથા સાંધાના સોજા અને દુખાવાની તકલીફ દૂર કરવામાં સહાયક છે.

### ત્વચાને સ્વસ્થ રાખે

સ્ટ્રોબેરીમાં  એન્થોસાયનિન્સ જેવા એન્ટી ઓક્સીડન્ટસ સમાયેલા હોય છે. જે શરીરમાં ફ્રી રેડિકલ્સથી લડતા હોય છે. આ એન્ટીઓક્સીડન્ટસ વય વધવાની પ્રક્રિયાને ધીમી કરે છે અને ત્વચાને યુવાન અને સ્વસ્થ રાખે છે.

### મગજ માટે ગુણકારી

સ્ટ્રોબેરીનું સેવન યાદશક્તિને વધારવામાં મદદ કરે છે. મગજમાં આવેલા સોજાને પણ ઓછો કરે છે અને અલ્ઝાઈમર જેવી બીમારીથી બચાવવામાં મદદ કરે છે. સ્ટ્રોબેરીમાં સમાયેલા એન્ટી ઓક્સીડન્ટસ કોશિકાઓની રક્ષા કરે છે અને તેને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આ રીતે તેનું સેવન મજગની બીમારીઓથી બચાવે છે.

### ઇમ્યુનિટી વધારે છે

સ્ટ્રોબેરી,ઈમ્યુનિટી વધારવામાં મદદગાર છે. તે શરીરમાંના બી અને ટી સેલ્સનો વધારો કરે છે.જેનાથી ઈમ્યૂન સિસ્ટમ મૌસમી બીમારીઓથી રક્ષણ આપે છે. આ ઉપરાંત તે શરીરને દરેક પ્રકારના ઈન્ફેકશન સામે લડવા માટે મજબૂત કરે છે.

# અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં નકલી સાધુએ નાગદોષના નામે 3 લાખનું કરી નાંખ્યું

**અમદાવાદ**

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારના એક વ્યક્તિ પાસેથી 'નાગદોષ' વિધિ કરવાના બહાને 3.01 લાખ રોકડા અને ઘરેણાં પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. ભીક્ષા માંગવા આવેલાં સાધુએ રોશનભાઈ ધોબી નામના વ્યક્તિ પાસેથી વિવિધ ધાર્મિક વિધિના નામે અલગ-અલગ રૂપિયા પડાવતા હતાં. લગભગ 2 મહિના બાદ તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી.

રોશનભાઈ ધોબીએ ફરિયાદમાં જણાવ્યું કે, '12 જાન્યુઆરી 2025ના દિવસે એક શખસ સાધુના પોશાકમાં ઘરે ભિક્ષા માંગવા આવ્યો હતો. દયાળુ થઈને ત્યારે મેં તેમને દસ રૂપિયા આપ્યા હતાં પરંતુ, બાદમાં સાધુએ મારા ભાગ્યમાં 'નાગદોષ' હોવાની ચેતવણી આપી અને તેને દૂર કરવા માટે ધાર્મિક વિધિ કરાવવી પડશે તેવું જણાવ્યું. બાદમાં અમે બંનેએ મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. ઘટનાના ત્રણ દિવસ બાદ 16 જાન્યુઆરીએ મને આ સાધુનો ફોન આવ્યો. ફોનમાં તેમણે ધાર્મિક વિધિ માટે 17 હજાર રૂપિયાની માંગણી કરી અને મેં તેમના પર વિશ્વાસ કરી UPI ના માધ્યમે પૈસા ટ્રાન્સફર કર્યા હતાં.' ત્યારબાદ 22 જાન્યુઆરીએ બીજો ફોન આવ્યો. જેમાં સાધુના ગુરૂ હોવાનો દાવો કરતાં એક અન્ય વ્યક્તિએ વાત કરી હતી. જેમના કહેવા મુજબ ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ સાધુએ અમને એક લાલ કપડાંમાં લપેટેલું વાસણ આપ્યું, જેમાં રોકડ અને દાગીના છે તેવું કહ્યું હતું. પરંતુ, આ વાસણમાંથી કઈ નીકળ્યું ન હતું. તેથી અમને ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો.

# સાબરકાંઠામાં પ્રેમિકાને મળવા માટે આવેલા યુવકને કપડાં કાઢી ફેરવ્યો

## યુવક પાસે માફીપત્ર પણ લખાવાયું, પોલીસે પ્રેક્ષક બની તમાશો જોયો

**સાબરકાંઠા**

સાબરકાંઠાના છેવાડા ગામોમાં અવાર-નવાર તાલિબાની સજા આપવામાં આવતી હોવાની ઘટના સામે છે. જ્યાં પ્રેમિકાને મળવા આવેલો યુવક ઝડપાઈ જતાં ગ્રામજનોને તેને માર મારી અને કપડાં ઉતારી આખા ગામમાં ફેરવ્યો હતો. એટલું જ નહી યુવક પાસે માફીપત્ર પણ લખાવવામાં આવ્યું હતું. તેમ છતાં આ સમગ્ર પોલીસ મૂક પ્રેક્ષક બની બનીને તમાશો જોયો હતો. ઈડરના જાદરના ચડાસણા ગામે યુવક પ્રેમિકાને મળવા આવ્યો હતો. આ દરમિયાન ગ્રામજનોએ તેને પકડી પાડ્યો હતો અને તેના કપડાં ઉતારીને ગામમાં ફેરવ્યો હતો. એટલું જ નહી યુવકને માર મારવામાં આવતાં તેને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

જોકે આ ઘટના બે દિવસ અગાઉની છે, પરંતુ હાલમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે હોબાળો મચી ગયો છે. તો બીજી તરફ પ્રેમિકા પરણિત છે. યુવતીના સાસરીયાઓએ બન્નેને નિવસ્ત્ર હાલતમાં પકડી પાડયા હતા,

# 14 મહિલા MLAને રસ્તાના કામો માટે 2 કરોડની વધારાની ગ્રાન્ટ મળશે

**અમદાવાદ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં રાજ્યનાં મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારના વિકાસ કામો માટે વિશેષ ભેટ આપી છે. મહિલા ધારાસભ્યોને ધારાસભ્યોને લોકહિતનાં કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં 2025-26ના વર્ષ માટે મહિલા ધારાસભ્યોને રૂ. 2 કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત વિધાનસભામાં વિધાયક તરીકે જન પ્રતિનિધિત્વ કરતા 14 મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના મત વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ વિકાસ કામો માટે વધારાના રૂ.2 કરોડની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરતાં મહિલા ધારાસભ્યઓએ મુખ્યમંત્રીના આ વિકાસલક્ષી નિર્ણય અંગે વિધાનસભા કાર્યાલયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ વધારાની રૂ. 2 કરોડની ગ્રાન્ટમાંથી પ્રત્યેક મહિલા ધારાસભ્ય 50 લાખ રૂપિયા "કેચ ધ રેઈન" અભિયાનના કામો માટે ઉપયોગમાં લઈને વરસાદી જળસંચય અને જળસિંચન અભિયાનને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

# રાજકોટના વૃદ્ધ ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી 6.31 લાખ પડાવાયા : મહિલા સહિત 7 સામે ગુનો

**રાજકોટ**

સઈ દેવળીયા ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા વસંતભાઈ નામના 62 વર્ષના ખેડૂતે કાલાવડ પંથકમાં 18 વીઘા જમીન ખરીદ કરી હતી. જે જમીનને વેચવાની હોવાથી તેના જરૂરી કાગળો અને નકશા વગેરે તૈયાર કરવા માટે જામનગરમાં આવેલી જમીન શાખાનો સંપર્ક કર્યો હતો, અને તેના નકશામાં ભૂલ હોવાથી સુધારો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવા માટે તેઓ જામનગર આવ્યા હતા.

જે દરમિયાન લાલ બંગલા સર્કલમાં એક શખ્સનો તેને ભેટો થયો હતો, અને મારા કુટુંબી માસા કે જેઓ જમીન શાખામાં નોકરી કરતા હતા, અને હાલ નિવૃત થઈ ગયા છે, તેઓ તમારા નકશા વગેરેનું કામ પૂરું કરાવી આપશે, તેમ જણાવી લોકેશન નાખ્યું હતું. જે આધારે વસંતભાઈ ઉપરોક્ત મકાને પહોંચ્યા હતા, અને તેઓને ઘરમાં બોલાવીને બેસાડ્યા હતા. જે દરમિયાન એક યુવતી પાણી દેવાના બહાને તેના રૂમમાં આવી હતી.અને પોતે નિર્વસ્ત્ર બની ગઈ હતી, અને ખેડૂતને પોતાના બાથમાં લીધા હતા. જે દરમિયાન અચાનક રૂમનો દરવાજો ખોલીને બે-ત્રણ વ્યક્તિ ધસી આવ્યા હતા, અને પોતાની પોલીસ તરીકે ખોટી ઓળખ આપીને ખેડૂતને ધાક ધમકીઓ આપી આવા ધંધા કરો છો, તમારી સામે પોલીસ કેસ કરવાનો થશે, તેમ જણાવી ડરાવ્યા ધમકાવ્યા હતા, અને આખરે 15 લાખ રૂપિયામાં સમાધાન કરવા જણાવ્યું હતું. જેમાં આખરે સેટલમેન્ટના ભાગરૂપે 6 લાખ રૂપિયાની માંગણી કરી હતી, અને સામાજિક બદનામીના ડરના કારણે વસંતભાઈએ પોતાના અન્ય મિત્રો વગેરેની મદદથી આંગડિયા મારફતે 5,96,500જેવી રકમ મંગાવી હતી.

# અમદાવાદ રિવરફ્રન્ટ ગાંધીનગર સુધી લંબાશે તિર્થસ્થળના વિકાસ માટે 200 કરોડ ફાળવાયા

## શહેર વિકાસ માટે વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ અંગે સરકારનો જવાબ

**અમદાવાદ**

ગુજરાતમાં શહેર વિકાસ માટે વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ અંગે વિધાનસભામાં ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ-2025ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાની જાહેરાત કરાઈ છે. જેના માટે શહેરી વિભાગનું બજેટ ગત્ વર્ષની સરખામણીએ 40 ટકા જેટલું વધારીને રૂ. 30,325 કરોડ કરવામાં આવ્યું છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-2ની કામગીરી જૂન, 2025માં પૂર્ણ કરવાનું આયોજન છે. આ સાથે સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી જલ્દી પૂરી થશે. શહેર વિકાસ માટે વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ અંગે તેમણે જણાવ્યું હતું કે, 'અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2ની 78.33 ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ છે. આગામી ત્રણ મહિનાની અંદરમાં આ પ્રોજેક્ટ પૂરો કરવાનું આયોજન હાથ ધરાયું છે. જ્યારે રિવરફ્રન્ટના વિકાસના કામ માટે વર્ષ 2025-26માં રૂ.100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ફેઝ-3થી લઈને ફેઝ-7 સુધીનો આગામી ત્રણ વર્ષમાં રિવરફ્રન્ટનો વિકાસ કરાશે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંગે તેમણે જણાવ્યું હતું કે, 'લગભગ 57.20 ટકા જેટલું સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયું છે, ત્યારે આગામી ઓક્ટોબર 2025 સુધીમાં પ્રોજેક્ટ પૂરો કરવાનું આયોજન છે' આ સાથે શહેરી વિકાસના બજેટમાં આ વર્ષે 40 ટકાનો વધારો કરાયો છે. જેમાં રૂ.30,325 કરોડ કરાયું છે.

# પોરબંદર નજીક શીપે ઠોકર મારતા ફિશિંગ બોટ ડૂબી; 1 ખલાસીનું મોત

**પોરબંદર**

અરબી સમુદ્રમાં દીવના વણાંકબારાથી 70 કિ.મી. એક અજાણી મોટી શીપે ફિશિંગ બોટને ઠોકર મારી નાસી છૂટતા બોટ પાણીમાં ડૂબી ગઈ હતી અને બોટમાં રબેલા 8 ખલાસીઓ પૈકી એક ખલાસીનું ડૂબી જતા મોત થયું છે, અન્ય ચાર ખલાસી સમુદ્રમાં લાપતા થયા શોધખોળ હાથ ધરાઈ છે. જ્યારે ૩ ખલાસીને અન્ય બોટે આવી બચાવી લીધા હતા. મૂળ મહારાષ્ટ્રના જલારામ ગોવિંદ વળવી નામના ફિશરમેને પોરબંદરના નવીબંદર પોલીસ સ્ટેશને ફરિયાદમાં જણાવ્યું છે કે તે ચુનીલાલ દેવા બારૈયાની 'નિશાલી' નામની ફિશીંગ બોટમાં સાઈડ ટંડેલ તરીકે ફિશીંગ કરવા જાય છે. તા. 18-2 ના વળાંકબારા દીવના બોટના ટંડેલ મિલન નરસિંહ જેઠવા તથા ફરીયાદી જલારામ વળવી ઉપરાંત અન્ય ખલાસીઓ કાજરડી ઉનાના દિલીપ બાબુ સોલંકી, મહારાષ્ટ્રના અમીત આહોક સુરુમ, મહારાષ્ટ્રના અનિલ રમેશ વાગડ, સૂરજ વિલાસ વળવી વગેરે ફિશીંગ બોટ લઈને માછીમારી માટે નીકળ્યા હતા અને તેમના માલિકની બીજી બે બોટ પણ સમુદ્રમાં હતી તે પૈકી રૂક્ષ્મણી નામની ફિશીંગ બોટમાંથી સૂર્યા વાળાને ફિશીંગ બોટમાં સાથે લીધો હતો. તેથી તેમની બોટમાં આઠ જેટલા માચ્છીમારો હતા.

## બગસરામાં દુષ્કર્મ આચરનાર હેવાન પિતાની ધરપકડ

**બગસરા**

બગસરા તાલુકાના ગ્રામ્યવિસ્તારની ધોરણ અગિયારમાં અભ્યાસ કરતી સગી દીકરી સાથે પિતા દુષ્કર્મ આચરતો હોવાની દીકરીના ફોઈએ બગસરા પોલીસ મથકમાં હરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે આરોપી પિતા વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

આ બાબતે પીડિતા દીકરીના ફોઈએ બગસરા પોલીસને જાણ કરી હતી કે ભોગ બનનાર દીકરીના મમ્મી અને તેના ભાઈના આશરે 10 વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયા છે. જ્યારે શનિવારે રાત્રિના મારો ભાઈએ નોકરી પરથી પરત આવીને જમવા તથા સુવા બાબતે બોલાચાલી કરી માથાકૂટ કરી હતી. ત્યારે ભોગ બનનાર દીકરીને પૂછતા તેમણે કહ્યું કે મારે અહીંયાથી જતું રહેવું છે, મારા પપ્પા મારી સાથે છેલ્લા બે મહિનાથી દુષ્કર્મ ગુજારી રહ્યા છે.

# તું મોડી રાત સુધી કોની સાથે વાતો કરે છે, કહી પતિએ પત્નીને ઢોર માર માર્યો

**અમદાવાદ**

શાહપુરમાં શંકાશીલ પતિએ પત્નીને માર મારીને તારા ફોનમાં કોના કોના નંબર છે, તું આખી રાત કોની સાથે વાત કરે છે કહીને ઢોર માર માર્યા બાદ પરિવારના સભ્યો લાકડીના ફટકા માર્યા હતા. હાલમાં મહિલા સારવાર હેઠળ છે, શાહપુર પોલીસે પતિ સહિત સાસરીના ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પત્ની ઉપર શંકા વહેમ રાખીને પતિ અવાર નવાર તકરાર કરતો મોબાઈલ પર વાતચીત બાબતે લાફા માર્યા બાદ લાકડીના ફટકા મારતાં મહિલા સારવાર હેઠળ શાહપુરમાં રહેતી મહિલાએ શાહપુર પોલીસ સ્ટેશનમાં પતિ અને સસરા સહિત સાસરીના ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના નવ વર્ષ પહેલા સમાજના રિતી રિવાજ મુજબ લગ્ન થયા હતા ત્યારથી મહિલા સયુક્ત પરિવારમાં રહેતી હતી. પતિ શંકા વહેમ રાખીને અવાર નવાર તકરાર કરતો હતો.

**તારા ફોનમાં કોના કોના નંબરો છે કહી પતિએ માર મારી મોબાઇલ પડાવી લીધો**

ગઈકાલે બપોરે પતિએ આવીને માર મારીને પત્નીનો મોબાઈલ પડાવી લીધો હતો. ત્યારબાદ તારા ફોનમાં કોના કોના નંબર છે, તું આખી રાત કોની સાથે વાત કરે છે કહીને ઢોર માર માર્યા બાદ પરિવારના સભ્યો લાકડીના ફટકા માર્યા હતા. હાલમાં મહિલા સારવાર હેઠળ છે, આ ઘટના અંગે શાહપુર પોલીસે પતિ સહિત સાસરીના ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સહકારી બેંકોની ડિપોઝીટમાં રૂપિયા 6500 કરોડનો વધારો

**અમદાવાદ**

ગુજરાતમા સહકાર મોડલ સફળ થઈ રહ્યું છે. જેના પગલે રાજ્યની સહકારી બેંકોની ડિપોઝીટોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. આ અંગે વિધાનસભા ગૃહમાં સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ ખેડૂતો સહકારી બેંક સાથે જોડાય તે હેતુસર રાજ્યમાં "કો-ઓપરેશન એમોન્ગ ધી કો-ઓપરેટીવ મૂવમેન્ટ" શરૂ થઈ છે. જેના પગલે સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા સભાસદોના 23 લાખથી વધુ નવા ખાતા રાજ્યની 18 જિલ્લા મધ્યસ્થ બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. પરિણામે સહકારી બેંકોની ડિપોઝીટમાં પણ રૂપિયા 6500 કરોડ જેટલો વધારો થયો છે. ગુજરાતના સહકારી ક્ષેત્ર અંગે વાત કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે કાર્યરત 89,000 થી વધુ કો-ઓપરેટીવ સોસાયટીમાં લગભગ 1.71 કરોડથી વધુ સભ્યો જોડાયા છે.

# અમરેલીમાં મિલકત વિવાદમાં સમાધાન કરવા ગયેલા યુવકની હત્યા, આરોપીની ધરપકડ

## લોખંડના પાઇપથી ફટકા મરાતા યુવકને ગંભીર ઇજા પહોંચી હતી

**અમરેલી**

અમરેલી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય તેમ ધારીના ચલાલા ગામ મિલકત વિવાદમાં યુવક ઉપર હુમલાના મામલામા સારવાર દરમ્યાન યુવકનું મોત નીપજતા મામલો હત્યામાં પલટાયો હતો. હત્યારા યુવકને અમરેલી LCB એ દબોચી લીધો હતો.

બે દિવસ પહેલા ચલાલા ખાતે હીરપરા કુટુંબમાં ભાઈઓ વચ્ચે મિલકત ભાગ પડાવવામાં 2 ભાઈઓ વચ્ચે મિત્રના ભાગરૂપે નિકુંજ મોણપરા આરોપી હત્યારાના ભાઈનો મિત્ર હોવાથી તેની જોડે સાવરકુંડલા કુટુંબી જોડે ગયો હતો. ત્યારે હત્યારા આ આરોપીને સારું નહીં લાગતા કેમ તેના ભાઈને સાથે ગયો તેવું ખુન્નસ રાખીને ભાવેશ ધીરુભાઈ હીરપરાએ નિકુંજને માથામાં લોખંડના પાઇપના ઘા કરી દીધા હતા. તેથી ગંભીર હાલતમાં નિકુંજ મોણપરાને ચલાલા, અને બાદમાં અમરેલી અને ત્યાંથી રાજકોટ રીફર કરવામાં આવ્યો હતો. ગંભીર હેમરેજ થવાથી મગજને નુકસાન થયું હતું. નિકુંજભાઈને રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. 24 કલાક સુધી તેઓ મરણ અને જીવન વચ્ચે ઝોલા ખાતા રહ્યા હતા. જે બાદ અમરેલી સારવાર દરમિયાન નિકુંજ મોણપરાનુ મોત નિપજ્યું હતું.

નિકુંજભાઈનું મોત થતાં મામલો હત્યામાં પલટાયો છે. પોલીસે આરોપી ભાવેશભાઈની ધરપકડ કરી લીધી છે. ચલાલા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે.

# શેર માર્કેટમાં પાયમાલ થયેલો ઘરનો જ સભ્ય નીકળ્યો દંપતીનો હત્યારો

## જમાઇના વાણી અને વર્તને પોલીસની શંકા વધારી હતી

**ભરૂચ**

ભરૂચના વાલીયા ગણેશ ગાર્ડન સોસયટીમાં થોડા દિવસ પહેલા શિક્ષક દંપતીની કરપીણ હત્યા થઈ હતી. આ કેસમાં ભરૂચ પોલીસે મોટી સફળતા મળી છે. શિક્ષક દંપતીની હત્યા બીજા કોઈએ નહીં પરંતુ તેમના જ જમાઈ કરી હોવો ચોંકાવનારો ખુલાસો થયો છે. જમાઈને શેર માર્કેટમાં 35 લાખની ખોટ આવી હોવાથી તેની ભરપાઈ કરવામાં માટે પોતાના સાસુ-સસરાનું ઢીમ ઢાળી દીધું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પોલીસે શિક્ષક દંપતીની હત્યાનો કેસ ઉકેલવા માટે હાઈ વે, ટોલપ્લાઝા, પેટ્રોલ પંપ અને હોટલો સહિત 130 જેટલા સીસીટીવી ફૂટેજ તપાસ્યા અને હત્યારાને દબોચી લીધો. વાલીયાની ગણેશ ગાર્ડન સોસયટીમાં રહેશા જીતેન્દ્રભાઈ બોરાધરા અને પત્ની લતા બોરાધરાની 4 માર્ચના રોજ તેમના જ મકાનમાં હત્યા કરી હોવાનું જમાઈ વિવેક રાજેન્દ્ર દુબે પોલીસે સામે કબૂલ્યું. પોલીસે કેસની તપાસમાં જેના પર શંકા હતી તેમની પુછપરછ કરી હતી જેમાં જમાઈ વિવેદ રાજેન્દ્ર દુબેનું વર્તન, તેની ભાષા અને જવાબોએ પોલીસની શંકાઓ વધારી હતી. બાદમાં પોલીસની પુછપરછમાં તે ભાંગી પડ્યો હતો.

# 50 કરોડના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર બનાવાશે

**ગાંધીનગર**

નર્મદા માટે વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી. આ દરમિયાન મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભાગૃહમાં કહ્યું હતું કે, નર્મદા માટેના આંદોલન ભૂતકાળ બન્યા છે, હવે ફક્ત નર્મદાના વિકાસની વાત થશે. એકતા નગર ખાતે અંદાજીત રૂ. 50 કરોડના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર નિર્માણ કરવામાં આવશે. આ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે અંદાજીત રૂ. 82,000 કરોડના ખર્ચે નર્મદા યોજના પૂર્ણ થવા જઈ રહી છે. વર્ષ- 2014 પહેલા સરદાર સરોવર દ્વારા રાજ્યમાં વિકસાવવામાં આવેલ સિંચાઈ ક્ષમતા અંદાજીત 1.62 લાખ હેક્ટર જેટલી હતી જેમાંથી અંદાજીત 2.53 લાખ હેક્ટર સિંચાઇ થતી. જે વર્ષ 2017માં આ ડેમ તેની સંપૂર્ણ સપાટીએ પહોંચ્યો ત્યારે સરદાર સરોવર યોજના દ્વારા રાજ્યમાં થયેલ સિંચાઈ આજે 16.22 લાખ હેક્ટરે પહોંચી છે. આ દરમિયાન તેમણે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં કહ્યું હતું કે એકતા નગર ખાતે અંદાજીત રૂ. 50 કરોડના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર આકાર પામશે.

# સુરત : ચરસના જથ્થા સાથે ઝડપાયેલા બે પૈકી એક આરોપીને 10 વર્ષની સખત કેદ

**સુરત**


સુરત પોલીસે પાંચ વર્ષ પહેલાં તા.17-9-2020 ના રોજ કતારગામ પારસ સોસાયટી સ્થિત વિમલનાથ આર્કેડની દુકાન નં.4માં રેડ પાડી હતી.જે દરમિયાન મૂળ અમરેલી સાવરકુંડલાના રામગઢના વતની 23 વર્ષીય જીગર મનસુખભાઈ ધોળકીયાએ ગેરકાયદે 2 કીલો 379 ગ્રામ ચરસનો જથ્થો વોન્ટેડ આરોપી પાસેથી મેળવીને પોતાની કબજા ભોગવટાની દુકાનમા વેચાણ માટે રાખતા ઝડપાયો હતો.જે દરમિયાન મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના બુઢાણાના વતની ૨૫ વર્ષીય આરોપી પાર્થ જયંતિલાલ તેજાણી ચરસનો જથ્થો ખરીદવા આવતા કતારગામ પોલીસે ઝડપી બંનેની એનડીપીએસ એક્ટના ભંગ બદલ ધરપકડ કરી હતી. આ કેસમાં સરકારપક્ષે એપીપી જીતેન્દ્ર પારડીવાલાએ કુલ 14 સાક્ષી તથા 33 દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. જેથી કોર્ટે આરોપી જીગર ધોળકીયાને દોષી ઠેરવી દસ વર્ષની સખ્તકેદ, રૂ.1 લાખ દંડ ન ભરે તો વધુ 1 વર્ષની સખ્તકેદ તથા સહઆરોપી પાર્થ તેજાણીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે આરોપી જીગર ધોળકીયાએ આચરેલો ગુનો રાષ્ટ્ર વિરોધી છે. હાલમાં દેશના યુવાધનનો નશો કરાવવાન ટેવ લગાવીને અન્ય ગુના આચરવા માટેના ખોટા રસ્તે ચઢાવવામાં આવી રહ્યા છે. સુરત શહેરમાં પણ નશાના વ્યાપારની પ્રવૃત્તિઓમાં પણ ખુબ જ વધારો થઈ રહ્યો હોય, આરોપીને મહત્તમ સજા તથા દંડ ફટકારવો ન્યાયના હિતમાં હોવાનું જણાવ્યું છે.

# ગુજરાતમાં વિટામિન, મિનરલ્સનું વેચાણ ૯૦૦ કરોડને પાર, ચાર વર્ષમાં બમણો ઉછાળો

## ઓનલાઈન પ્લેટફોર્મની નાના ગામડાઓ સુધી પહોંચ વધતાં પ્રોડક્ટના વેચાણને વેગ મળ્યો

**અમદાવાદ**

ઓનલાઈન પ્લેટફોર્મની નાના ગામડાઓ સુધી પહોંચ વધતાં પણ આ પ્રોડક્ટના વેચાણને વેગ મળ્યો છે. તેમજ સોશિયલ મીડિયા અને ડિજિટલ માર્કેટિંગ પણ મહત્ત્વનો રોલ ભજવી રહ્યા છે. ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ અને મેંટલ હેલ્થથી પીડાતા લોકોને પણ ઘણી વખત ડોક્ટર્સ દ્વારા સપ્લિમેંટ લેવાની સલાહ આપવામાં આવે છે. હેલ્થ એક્સપર્ટના જણાવ્યા મુજબ, વધુ પડતા ઉત્પાદનોના વેચાણ




સાથે બજાર ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે.નવા ન્યુટ્રાસ્યુટિકલ્સ બજારમાં છે.આંતરડાના સ્વાસ્થ્ય,માસિક સ્રાવ સંબંધિત સ્થિતિ તથા ચોક્કસ ખામીને દૂર કરવાની પ્રોડક્ટની માંગ વધી છે. જે દર્દીઓ પહેલાથી હૃદય રોગ અથવા ડાયાબિટીસથી પીડિત છે તેવા દર્દીઓને ઘણી વખત આંતરડાની સમસ્યા થતી હોય છે, આ લોકો ન્યુટ્રીકલ્સ પ્રોડક્ટનો ઉપયોગ વિશેષ કરે છે. બી-કોમ્પલેક્સ, કેલ્શિયમ, બી12,ડી3 જેવા વિટામિન અને મિનરલ્સની ભારે માંગ રહે છે. માનસિક તણાવ અને નબળી રોગ પ્રતિકારકશક્તિના કારણે પણ ઘણા લોકો તેનું સેવન કરે છે. હેલ્થકેર પ્રત્યે લોકો વધારે જાગૃત થઈ રહ્યા છે અને તેના કારણે લાઈનની સાથે કાઉન્ટર પરથી વેચાણમાં વધારો થયો છે.

# ગાંધીનગરમાં ગુજરાતનું સૌથી ઊંચું અને ભવ્ય હોળીકા દહન

## ભક્તોનું ઉમટ્યું ઘોડાપૂર: પાલજ ગામમાં મહાકાળી માતાનું પૂજન કરાયું




**ગાંધીનગર**

રાજયભરમાં હોળી પર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ગાંધીનગર જિલ્લાના પાલજ ગામમાં રાજ્યની સૌથી ઊંચી અને ભવ્ય હોળી પ્રગટાવવામાં આવી હતી. જે ૩૫ ફૂટની ઊંચાઈ ધરાવતી હતી. હોળીના દર્શન માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા અને મહાકાળી માતાના પૂજન સાથે આ પ્રગટ્યનો આરંભ થયો હતો. પાલજ ગામમાં ૭૦૦ વર્ષથી આ પરંપરા નિભાવાઈ રહી છે. અહીં ૩૦ ટ ૩૫ ફૂટની આકૃતિવાળી હોળી પ્રગટાવવામાં આવે છે,

# સગીરાના પરિવારની આજીજી: "મારી દીકરી પાછી લાવો, એ લોકો એને વેચી દેશે!

**રાજકોટ**

રાજકોટ શહેરની એક સગીર દીકરીની મહિનાથી ભાળ નથી મળી રહી. પરિવારે તેને તમામ જગ્યાએ શોધી લીધી પરંતુ ૧૭ વર્ષની દીકરી ક્યાંય મળી નથી રહી. જોકે, આ અંગે દીકરીના પરિવારે મનીષ અઘેરા નામના યુવક પર આક્ષેપ લગાવ્યો છે કે, તે અમારી દીકરીને ભગાડી ગયો છે. એ તેને વેચી પણ શકે છે. પોતાની વ્યથા જણાવતા પરિવારના આંસુ થમી નથી રહ્યા..રાજકોટના આ પરિવારે દાવો કર્યો છે કે, અમે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈને થાક્યા છે. પરિવારે કહ્યું હતું કે, ધોરણ ૧૧માં અભ્યાસ કરતી સગીર દીકરી ઘરેથી નાસ્તો લેવાનું કહીને ગુમ થઈ ગઈ હતી.

# રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોશીનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી ખંડણી મંગાઈ

અમદાવાદ : ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોશીના નામે એક નકલી ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે; આ નકલી એકાઉન્ટ દ્વારા પૈસાની માંગણી કરવામાં આવી છે. આ નકલી એકાઉન્ટ બનાવનાર વ્યક્તિએ પોતાને ઝઈ+ અધિકારી હોવાનો દાવો કરીને પૈસાની માંગણી કરી છે. બીજી તરફ, મુખ્ય સચિવ પંકજ જોશીએ પણ આ બાબતની પુષ્ટિ કરી છે અને ફેસબુક અને પોલીસને સમગ્ર મામલાની જાણ કરી છે. રાજ્યમાં ડિજિટલ ધરપકડના કિસ્સાઓ સહિત ઓનલાઈન છેતરપિંડીના કેસોમાં વધારો થયો છે. સાયબર છેતરપિંડી કરનાર વ્યક્તિ તમને ધરપકડના ડરથી ડરાવે છે. આમાં તે તમને તમારા ઘરમાં કેદ રાખે છે. આવા કિસ્સામાં, વીડિયો કોલ દરમિયાન, છેતરપિંડી કરનાર વ્યક્તિ પોતાનું બેકગ્રાઉન્ડ પોલીસ સ્ટેશન જેવું બનાવે છે, જેને જોઈને પીડિત ડરી જાય છે અને ડરના કારણે તે પોતાની વાતથી ખાતરી થઈ જાય છે. છેતરપિંડી કરનારાઓ જામીન માંગીને તમને છેતરવાનું શરૂ કરે છે. છેતરપિંડી કરનાર પીડિતાને વીડિયો કોલમાંથી બહાર નીકળવા કે કોઈનો સંપર્ક કરવા દેતો નથી. પીડિતાને નજરકેદ કરવામાં આવે છે અને તેને ધમકી આપવામાં આવે છે કે તેના આધાર કાર્ડ, સિમ કાર્ડ અને બેંક ખાતાનો ઉપયોગ કોઈ ગેરકાયદેસર હેતુ માટે કરવામાં આવ્યો છે.

**છેતરપિંડી કરનાર વ્યક્તિ ધરપકડનો ડર બતાવે છે**

# દિવ્યાંગ ખેલાડીઓ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું પેરા હાઇ પરફોર્મન્સ સેન્ટર બનશે

**અમદાવાદ**

ગાંધીનગર ખાતે રૂપિયા 316.82 કરોડના ખર્ચે નિર્માણ પામનાર માટે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરનું આજે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું.

મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે આયોજિત આ સમારોહ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં નાગરિકલક્ષી ડિજિટલ સેવા કેન્દ્રોની વ્યાપકતા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તેમજ ભારત સરકાર હેઠળના કોમન સર્વિસ સેન્ટર (CSC)વચ્ચે સમજૂતી કરાર (MoU)સંપન્ન થયા હતા.

# મુંબઈની લીલાવતી હોસ્પિ. ચલાવતા ટ્રસ્ટમાંથી રૂપિયા 1200 કરોડની ઉચાપત કર્યાનો આરોપ

## મેડિકલ ક્ષેત્રનું સૌથી મોટું કૌભાંડ : IT વિભાગે રૂ. 500 કરોડનાં ખોટા ખર્ચાનો કેસ કર્યો


**મુંબઈ**

મુંબઈની લીલાવતી હોસ્પિટલ ચલાવતા ટ્રસ્ટમાંથી રૂ. 1200 કરોડની ઉચાપત કરવામાં આવી હોવાની ઘટના બહાર આવી છે. ટ્રસ્ટે આરોપ લગાવ્યો છે કે પૂર્વ ટ્રસ્ટીઓ દ્વારા રૂ. 1200 કરોડ ઓળવી લેવામાં આવ્યા છે.

લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટનો દાવો છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉચાપત કરવામાં આવેલી રકમ રૂ. 2100 કરોડ થવા જાય છે. આ સંદર્ભમાં પહેલી જુલાઈ 2024માં કરવામાં આવી હતી. જો કે પૈસાની ઉચાપતનાં આરોપો 2001થી લગાવવામાં આવ્યા છે. હોસ્પિટલ દ્વારા પૈસા પાછા મેળવવા કોર્ટ કેસ કરાયો છે. 7મી માર્ચે ટ્રસ્ટ દ્વારા બાન્દ્રા પોલીસમાં નવી ફરિયાદ દાખલ કરાઈ છે. ઈડીમાં પણ ફરિયાદ કરાઈ છે. જેમાં આરોપ લગાવાયો છે કે પૈસાની અછતને કારણે હોસ્પિટલમાં દરરોજ દર્દીઓને આપવામાં આવતી સેવાઓ પ્રભાવિત થઈ છે. મેડિકલ ક્ષેત્રનું આ સૌથી મોટામાં મોટું કૌભાંડ છે. આઈટી વિભાગે રૂ. 500 કરોડનાં ખોટા ખર્ચાનો કેસ કર્યો છે. મુંબઈ પોલીસનાં પૂર્વ વડા અને હવે લીલાવતી હોસ્પિટલનાં કાર્યકારી વડા પરમબીર સિંહે કહ્યું હતું કે કથિત જવાબદાર ટ્રસ્ટીઓ બેલ્જિયમ અને દુબઈમાં છે. પૂર્વ ટ્રસ્ટીઓ દ્વારા જાદુ ટોના કરીને પૈસાની ઉચાપત કરાઈ હોવાનો આરોપ છે. ટ્રસ્ટીનાં કાર્યાલયની ફરશની નીચેથી માનવ અવશેષો અને હાડકા તેમજ વાળથી ભરેલા 8 કળશ મળી આવ્યા છે. આ વસ્તુઓને પૂરાવા તરીકે સીલ કરીને પોલીસને અપાઈ છે.

# દેશમાં પહેલીવાર આસામ સેટેલાઇટ લોન્ચ કરશે, સરહદી સુરક્ષા-વિકાસમાં મદદરૂપ થશે

**ઈમ્ફાલ**



આસામ દેશનું પહેલું એવું રાજ્ય બનશે કે, જેની પાસે પોતાનો સેટેલાઈટ હશે. નાણામંત્રી અજન્તા નિયોગે વર્ષ 2025 26માં રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે આ વાત કરી હતી. જે અંગે મુખ્યમંત્રી હિમંતા બિસ્વાએ કહ્યું કે, 'જો અમારી પાસે પોતાનો ઉપગ્રહ હશે તો તે અમને માહિતી આપશે કે, કોઈ બહારની વ્યક્તિ ખોટી રીતે રાજ્યમાં પ્રવેશ કરી રહી છે કે નહીં. પૂર જેવી આફતોની વિશે પણ આગોતરી માહિતી આપશે અને ખેડૂતો માટે હવામાન સંબંધિત રિપોર્ટ પણ આપશે. તેમજ આસામ દેશનું પહેલું રાજ્ય હશે, જેની પાસે પોતાનો ઉપગ્રહ હશે.'આસામ સરકારે સોમવારે એક મોટી જાહેરાત કરી છે. રાજ્યને પોતાનો સેટેલાઈટ મળશે જે સામાજિક અને આર્થિક વિકાસ પ્રોજેક્ટ્સને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે મહત્ત્વપૂર્ણ ડેટા એકત્રિત કરવામાં અને સરહદોનું નિરીક્ષણ કરવામાં પણ મદદ કરશે.

# બિહારમાં રેડ દરમિયાન ગુનેગારને બચાવવા ટોળાએ પોલીસની હત્યા કરી

**પટના**

બિહારમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિનો હવે પોલીસ કર્મીઓ પણ શિકાર બની રહ્યા છે. જેમાં રાજ્યના અરરિયા જિલ્લાના ફુલકાહા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનેગારને ઝડપવા રેડ દરમિયાન બિહાર પોલીસના એએસઆઈને માર મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

આ ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર ફુલકાહા પોલીસ સ્ટેશનના એએસઆઈ રાજીવ કુમાર એક ગુનેગારને પકડવા માટે લક્ષ્મીપુર ગામમાં પહોંચ્યા હતા. પોલીસે ગુનેગારને કસ્ટડીમાં પણ લઈ લીધો હતો. આ દરમિયાન ગામલોકોએ તેના પર હુમલો કર્યો. જેમાં એવો આરોપ છે કે ગામલોકોએ તેને ઘેરી લીધો અને તેને નિર્દયતાથી માર માર્યો જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. માહિતી મળતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો હતો.

# હરિયાણામાં 10ના 9 શહેરોમાં ભાજપનો મેયર બનશે : કોંગ્રેસ ઝીરો, હુડ્ડાના ગઢમાં પણ પછડાટ

**હરિયાણા**

હરિયાણાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત હાંસલ કરી છે. વિધાનસભા ચૂંટણી બાદ આ ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે એક પરીક્ષા જેવું હતું, જેમાં કોંગ્રેસ ફરી નિષ્ફળ થઈ છે.



સ્થિતિ એવી છે કે, હરિયાણાની કુલ 10 નગર પાલિકામાંથી 9 પર ભાજપે જીત હાંસલ કરી છે. વળી, માનેસર નગર પાલિકામાં બિનહરીફ ઉમેદવાર ડૉ. ઈન્દ્રજીત વિજેતા થયા છે. કોંગ્રેસનું 10 માંથી એકપણ બેઠક પર ખાતું નથી ખૂલ્યું. આ સિવાય 21 નગર પરિષદની ચૂંટણીમાં પણ કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. સોનીપત, પાનીપત, ગુરૂગ્રામથી લઈને ફરીદાબાદ સુધી ભાજપે જીત હાંસલ કરી છે. ત્યાં સુધી કે, જુલાના નગર પાલિકાના ચેરમેનનું પદ પણ ભાજપે જીત્યું છે. વિધાનસભામાં જુલાના બેઠક પરથી વિનેશ ફોગાટે જીત હાંસલ કરી હતી.


સોનીપત નગર નિગમમાં મેયર પદ માટે થયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહીં ભાજપના રાજીવ જૈને 34,749 મતોના અંતરથી જીત હાંસલ કરી છે.

વળી, કોંગ્રેસના કમલ દીવાન 23,109 મત સાથે બીજા નંબરે છે. જાટ પ્રભુત્વ ધરાવતા સોનીપતના શહેરી વિસ્તારોમાં ભાજપ પહેલાંથી જ મજબૂત રહી છે. લોકો હજુ પણ તેમના ઉપર વિશ્વાસ કરે છે.

# પંજાબ કોંગ્રેસના ધારાસભ્ય પર ડ્રગ તસ્કરો સાથે સંડોવણીનો આરોપ, 4 કરોડની હવેલી ટાંચમાં

**ચંડીગઢ**

ઈડીએ પંજાબમાં કોંગ્રેસ ધારાસભ્ય સુખપાલ ખૈરાના ઘરે દરોડા પાડ્યા છે. ભોલાથ બેઠક પરથી ધારાસભ્ય ખૈરા પર ડ્રગ તસ્કરો પાસેથી લેણ-દેણનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઈડીએ કાર્યવાહીના ભાગરૂપે ચંદીગઢ સેક્ટર-5ની હવેલી ટાંચમાં લીધી છે. જેની કિંમત રૂ. 3.82 કરોડ છે. ખૈરાએ ડ્રગ તસ્કર ગુરદેવ સિંહ સાથે સોદો કર્યો હોવાનો આરોપ છે. ઈડીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી. કોંગ્રેસ ધારાસભ્ય ખૈરા પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ 2002ની જોગવાઈઓ હેઠળ કેસ



નોંધ્યો હતો.

2015ના ફાઝિલ્કા જિલ્લામાં એનડીપીએસ એક્ટ હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા હતા. 28 સપ્ટેમ્બર, 2023ના રોજ ખૈરાની ચંદીગઢ સ્થિત નિવાસ સ્થાનેથી ધરપકડ થઈ હતી. ઈડીએ જણાવ્યું કે, પંજાબ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ગુરદેવ સિંહ પાસેથી કુલ 1800 ગ્રામ હેરોઈન, એક 315 બોર પિસ્તોલ અને બે કારતૂસ, 2 પાકિસ્તાની સીમકાર્ડ, એક 32 બોર પિસ્તોલ અને 24 બુલેટ્સ, 24 સોનાના બિસ્કિટ જપ્ત કર્યા હતા. ફાઝિલ્કા કોર્ટે પોતાના આદેશમાં ગુરદેવ સિંહ ઉપરાંત અન્ય આઠને દોષિત ઠેરવ્યા હતાં. ઈડીની તપાસમાં ખુલાસો થયો કે, સુખપાલ સિંહ ખૈરાએ આંતરરાષ્ટ્રીય ડ્રગ સિંડિકેટ દ્વારા ગુરદેવ સિંહ અને તેના વિદેશી સહયોગીઓ પાસેથી પ્રાપ્ત રૂ. 3.82 કરોડ મેળવ્યા હતા.

# ઈન્સ્ટા પર બ્રિટિશ મહિલાને ફ્રેન્ડ બનાવી દિલ્હી બોલાવી દુષ્કર્મ કર્યું, બેની ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં એક બ્રિટિશ મહિલા પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. પોલીસના જણાવ્યાનુસાર, મહિપાલપુરમાં એક હોટલમાં એક બ્રિટિશ મહિલા પર દુષ્કર્મ આચર્યું છે. આ મામલે બે આરોપીઓની ધરપકડ કરી છે અને બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

અહેવાલો અનુસાર, વસંત કુંજ પોલીસ આ મામલે કાર્યવાહી કરી, પીડિતા ઈંગ્લેન્ડની છે. તે થોડા દિવસ પહેલા મહારાષ્ટ્ર અને ગોવાની મુલાકાતે આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીડિતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કૈલાશ નામના છોકરા સાથે મિત્રતા કરી હતી.

મહિલાએ કૈલાશને ફોન કરીને મળવા કહ્યું હતું. પરંતુ કૈલાશે મહારાષ્ટ્ર જવા માટે અસમર્થતા દર્શાવી અને પીડિતાને દિલ્હી આવવા કહ્યું. જે બાદ પીડિતા મંગળવારે સાંજે દિલ્હી પહોંચી. તે મહિપાલપુરની એક હોટલમાં રોકાઈ રહી હતી. પીડિતાના ફોન પર, કૈલાશ તેના એક મિત્ર વસીમ સાથે હોટલ પહોંચ્યો, જ્યાં આરોપીએ દારૂના નશામાં યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું.

# ડિજિટલ અરેસ્ટ પર સરકારની કાર્યવાહી, 83 હજારથી વધુ વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કર્યા

**પટના**


ડિજિટલ અરેસ્ટના કેસોએ દેશભરમાં લૂંટ મચાવી છે. લોકોએ કરોડો રૂપિયા ગુમાવ્યા છે. સરકાર પણ તેનાથી ચિંતિત છે. છેલ્લા કેટલાક મહિનામાં, ડિજિટલ અરેસ્ટ કરનારાઓ સામે ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, સરકારે ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે 3,962થી વધુ સ્કાઈપ આઈડી અને 83 હજાર 668 વોટ્સએપ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે. આ આઈડીનો ઉપયોગ કરીને ડિજિટલ અરેસ્ટનો ગુનો આચરી રહ્યા છે. આ અંગે માહિતી કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી સંજય બંદી કુમારે આપી છે. આ સિવાય 28 ફેબ્રુઆરી સુધી 7.81 લાખથી વધુ સિમ કાર્ડ અને 2 લાખ 8 હજાર 469 IMEI નંબર બ્લોક કરવામાં આવ્યા છે.

# લખનઉની હોટેલમાં ઉઝબેકિસ્તાનની મહિલાનું રહસ્યમય મોતથી તંત્ર દોડતું થયું

**લખનઉ**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિભૂતિખંડ વિસ્તારની એક હોટલના રૂમમાં વિદેશી મહિલાનું રહસ્યમયી મોત નીપજ્યું. પોલીસે મંગળવારે મામલાની જાણકારી આપી. પોલીસના જણાવ્યા અનુસાર ઉઝબેકિસ્તાનની મહિલાનો મૃતદેહ એક હોટલના રૂમથી જપ્ત થયો અને હવે પોલીસ એ જાણકારી મેળવવાનો પ્રયત્ન કરી રહી છે કે તેમનું મોત હત્યા, આત્મહત્યા કે કોઈ અન્ય કારણથી થયું છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઉઝબેકિસ્તાનની નાગરિક 43 વર્ષીય એગંબરડીવા જેબો 2 માર્ચે દિલ્હીના



સતનામ નામના યુવક સાથે લખનૌ આવી હતી અને વિજયંતખંડ સ્થિત એક હોટલમાં રોકાયા હતાં. 5 માર્ચે સતનામ અચાનક ગાયબ થઈ ગયો અને તે બાદ મહિલા એકલી જ હોટલમાં રહેતી હતી. હોટલ સ્ટાફે 9 માર્ચે રૂમનો દરવાજો અંદરથી બંધ હોવાનું જાણ્યું. બૂમ પાડી પરંતુ અંદરથી કોઈ જવાબ મળ્યો નહીં.

# અભદ્ર વર્તન કરનારાની ધોલાઈ કરો, બળાત્કાર કરનારાને નપુંસક બનાવો : રાજસ્થાનના રાજ્યપાલ

**દેહરાદુન**

રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ મહિલાઓ વિરુદ્ધ વધી રહેલા અત્યાચાર મુદ્દે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરનારાઓની ધોલાઈ થવી જોઈએ. તેમજ દુષ્કર્મ કરનાઓને નપુંસક કરી દેવા જોઈએ, જેથી આ પ્રકારનો ગુનો ઘટે. હરિભાઉએ 10 માર્ચે ભરતપુર જિલ્લા બાર એસોસિએશનના શપથ ગ્રહણ સમારોહમાં આ અંગે નિવેદન આપ્યું હતું કે, મહિલાઓ પર અત્યાચાર કરનારા લોકો વીડિયો બનાવે છે. આ વાત યોગ્ય નથી. જ્યાં સુધી આપણા મનમાં આ માનસિકતા નહીં આવે કે, આપણે છેડતી કરનારાઓ, દુષ્કર્મીઓને ઘટના સ્થળે જ અટકાવીએ, તેની ધોલાઈ કરીએ, ત્યાં સુધી ગુનેગારો અટકશે નહીં.

# આયુષ્માન ભારત યોજના : 1504 હોસ્પિટલને રૂ.122 કરોડનો દંડ, 549 હોસ્પિટલ સસ્પેન્ડ

## લાખોની સંખ્યાના બોગસ ક્લેમ અટકાવીને રૂ.643 કરોડ રૂપિયાની બચત કરાઇ

**નવી દિલ્હી**

સંસદના બજેટ સત્રના બીજા તબક્કા હેઠળ લોકસભા અને રાજ્યસભામાં ચર્ચા ચાલી રહી છે. શાસક પક્ષના નેતાઓ અને મંત્રીઓ વિપક્ષના દરેક સવાલોના જવાબ આપી રહ્યા છે. આવા જ એક સવાલના જવાબમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે આયુષ્માન ભારત યોજના વિશે મહત્વની માહિતી આપી છે. તેમણે કહ્યું કે તેમને આયુષ્માન ભારત યોજનામાં કૌભાંડો અને ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવા અંગે જાણ કરવામાં આવી છે. છેતરપિંડીનો દાવો કરીને વીમાની રકમ ઉપાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે સમયસર નિષ્ફળ ગયો હતો. લાખો બોગસ દાવાઓને ફગાવીને રૂ. 643 કરોડની બચત કરી હતી. આ ઉપરાંત 3000 થી વધુ હોસ્પિટલો સામે એકંદરે કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે સેંકડો હોસ્પિટલોને પેનલમાંથી દૂર કરવામાં આવી છે, તો બીજી સેંકડો હોસ્પિટલો પર પણ દંડ ફટકારવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે આયુષ્માન ભારત યોજના હેઠળ કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો કરવા માટે ત્રિ-સ્તરીય મિકેનિઝમ બનાવવામાં આવ્યું છે, જેથી કોઈ પણ પ્રકારની છેતરપિંડી સમયસર રોકી શકાય. કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે મંગળવારે રાજ્યસભામાં આયુષ્માન ભારત વિશે મોટી માહિતી આપી. તેમણે કહ્યું કે એક પ્રશ્નના લેખિત જવાબમાં તેમણે કહ્યું કે 1,504 દોષિત હોસ્પિટલો પર 122 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને 549 હોસ્પિટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે.

# શાળામાં વિદ્યાર્થી ફેઈલ થાય તો શિક્ષક સામે કાર્યવાહી થશે : મદન દિલાવર

## લેખીત પરીક્ષામાં ઓછામાં ઓછા 50 ટકા આવવા જોઈએ

**જયપુર**



રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરે શાળામાં નાપાસ થતા વિદ્યાર્થીઓ અંગે આજે મહત્વની જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'હવે રાજ્યની સરકારી શાળામાં વિદ્યાર્થી ફેઈલ થશે તો તેની જવાબદારી શિક્ષકની રહેશે અને તેમની સામે કાર્યવાહી પણ કરાશે.' શિક્ષણમંત્રીની આ જાહેરાતથી રાજ્યના શિક્ષણજગતમાં ખળભળાટ મચી ગયો છે. શિક્ષણમંત્રીએ મીડિયા સમક્ષ વાત કરતા કહ્યું કે, 'જો સરકારી શાળાઓના વિદ્યાર્થીઓના પરિણામ સારા નહીં આવે તો શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવશે. સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને લેખિત પરીક્ષામાં ઓછામાં ઓછા 50 ટકા આવવા જોઈએ. વિદ્યાર્થીઓ 80માંથી 40 નંબર લાવશે અને તેઓ પાસ પણ થઈ જશે, પરંતુ તેમના શિક્ષણને ફેઈલ કરી દેવાશે.'

# કેજરીવાલ બાદ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન મુશ્કેલીમાં : ભ્રષ્ટાચાર કેસમાં તપાસ કરાશે

## ગૃહમંત્રાલયના આદેશ બાદ તપાસ ઝડપી થવાની સંભાવના

**નવી દિલ્હી**

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને મંત્રી સત્યેન્દ્ર જૈન ફરી મુશ્કેલીમાં મૂકાયા છે. બે દિવસ પહેલા કોર્ટે કેજરીવાલ વિરુદ્ધ FIR નોંધવાનો આદેશ આપ્યો હતો અને આજે ગૃહમંત્રાલયે સિસોદિયા અને જૈન વિરુદ્ધના ભ્રષ્ટાચાર કેસમાં તપાસના આદેશ આપ્યા છે. મંત્રાલયે ગુરુવારે દિલ્હીના ઉપરાજ્યપાલ સચિવાલયને માહિતી આપી છે કે, ભ્રષ્ટાચારના કેસમાં AAPના બંને નેતાઓ સામે તપાસ કરવા માટે મંજૂરી આપી દેવામાં આવી છે.

વાસ્તવમાં મનીષ સિસોદિયા લિકર પોલિસી અને સત્યેન્દ્ર જૈન મની લોન્ડ્રિંગ કેસમાં તપાસનો સામનો કરી રહ્યા છે. હાલ બંને નેતાઓ જામીન પર બહાર છે. ગૃહમંત્રાલયના આદેશ બાદ બંને કેસમાં તપાસ કામગીરી ઝડપી થવાની સંભાવના છે.

# બિહારમાં પત્નીના મોતથી દુ:ખી પતિએ 4 બાળક સાથે દૂધમાં ઝેર ઘોળી પી લીધું, ત્રણના મોત

**પટના**

બિહારના આરાથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં અરવિંદ કુમાર નામના એક પિતાએ પોતાના 4 બાળકોના દૂધમાં ઝેર ભેળવીને બાદમાં પોતે પણ ઝેર પી આપઘાત કરી લીધો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઝેરની અસરથી ચારમાંથી ત્રણ બાળકોનું મોત નિપજ્યું છે અને પિતા તેમજ અન્ય એક બાળકની સારવાર ચાલી રહી છે.

હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં પુત્ર આદર્શે જણાવ્યું કે, મારી માતાનું



લાંબી બીમારીના કારણે મોત નિપજ્યું હતું. ત્યારથી મારા પિતા અંદરથી તૂટી ગયા હતા. તે બેનવલિયા બજારમાં એક નાનકડી ઇલેક્ટ્રોનિકની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મંગળવારે તેમણે અમને બધાને અમારી મનપસંદ પુરી ખવડાવી અને બાદમાં બધાને એક-એક ગ્લાસ દૂધ આપ્યું અને પોતે પણ પી લીધું. થોડીવારમાં બધાને ઉલટી થવા લાગી અને પેટમાં જોરથી દુખાવો થવા લાગ્યો. બધાં ઘરે તડફડતા હતાં પરંતુ, ત્યારે કોઈ બચાવવા આવી શકે તેવું નહતું, થોડીવાર બાદ દરવાજો ખુલ્યો. બાદમાં કોઈ અમને હોસ્પિટલ લઈ આવ્યું.' નોંધનીય છે કે, સારવાર દરમિયાન બે પુત્રી અને એક પુત્રનું મોત થઈ ચુક્યું છે.

# મધ્ય પ્રદેશના ધારમાં ભયંકર અકસ્માત, ગેસ ટેન્કરે બે વાહનોને અડફેટે લીધા, 7ના મોત

## રોંગ સાઇડથી આવી રહેલા ગેસ ટેન્કરે એક કાર અને પિકઅપને ટક્કર મારી હતી

**ભોપાલ**

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં 7 લોકોએ જીવ ગુમાવ્યા અને 3 ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત બુધવારે (12મી માર્ચ) રાત્રે બદનાવર-ઉજ્જૈન હાઈવે પર ગેસ ટેન્કર, કાર અને પિકઅપ વચ્ચે સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, પિકઅપ ટેન્કર નીચે કચડાઈ ગયું હતું. મૃતકો રતલામ અને મંદસૌર જિલ્લાના રહેવાસી હતા.



બદનાવર-ઉજ્જૈન ચાર રસ્તા પર થયેલા આ અકસ્માતે બધાને હચમચાવી નાખ્યા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગેસ ટેન્કર ખૂબ જ ઝડપથી રોંગ સાઈડમાં આવી રહ્યું હતું. તેની સામે આવી રહેલી કાર અને પિકઅપને ટક્કર મારી હતી. કાર અને પિકઅપમાં મુસાફરી કરી રહેલા લોકો અકસ્માતનો ભોગ બન્યા હતા. સ્થાનિક લોકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

# અકોલામાં પરીક્ષા આપવા ગઈ પત્ની તો પતિએ સાળી સાથે લગ્ન કરી લીધા

## વીડિયો કોલમાં પત્નીને કહી દીધું, હવે ઘરે ન આવતી

**અકોલા**

તમે પતિ-પત્ની અને પ્રેમ સંબંધો પર આધારિત ઘણી ફિલ્મો જોઈ હશે, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ આવા કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં સામે આવ્યો છે, જ્યાં એક વ્યક્તિએ તેની પત્નીની ગેરહાજરીમાં તેની જ સાળી સાથે લગ્ન કરી લીધા. આ પછી તેણે પત્નીને વીડિયો કોલ કર્યો અને કહ્યું કે હવે તેને ઘરે પરત ફરવાની જરૂર નથી.

આ સાંભળતા પત્ની ચોંકી ગઈ અને ગુસ્સામાં પોતાના પરિવારજનો સાથે પતિના ઘરે પહોંચી, પરંતુ પતિએ તેને ઘરમાં ઘૂસવા ન દીધી. ત્યારબાદ પત્નીએ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જ્યારે પોલીસે પતિને બોલાવ્યો તો પત્નીએ ત્યાં ગુસ્સામાં તેને માર માર્યો હતો. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે અને બંને પક્ષની પૂછપરછ કરી રહી છે. આ ઘટના બારશીટાકળી તાલુકાના વિજોરા ગામે બની હતી. અહીં રહેતા સુરજ તાયડે 9 મહિના પહેલા કોમલા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.

# માઉન્ટ આબુમાં દારુ ઉપર પ્રતિબંધ મૂકાશે, શહેરનું નામ પણ બદલાશે : ઓટારામ દેવાસી

**આબુ**

ગુજરાતીઓનું મનપસંદ રાજસ્થાનના પ્રખ્યાત પર્યટન સ્થળ માઉન્ટ આબુ ચર્ચાનો વિષય બન્યું છે. મંગળવારે વિધાનસભામાં માઉન્ટ આબુનું નામ બદલવાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. ગુજરાતની નજીક આવેલા રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુનું નામ બદલવાની વિધાનસભામાં માંગ કરવામાં આવી છે. રાજસ્થાન વિધાનસભામાં મંત્રી ઓટારામ દેવાસીએ આ માંગ કરી છે. આ સાથે જ મંત્રીએ માંસ-દારૂના વેચાણ પર પણ રોક લગાવવાની અપીલ કરી છે. રાજસ્થાન રાજ્ય સરકારના મંત્રી ઓતારામ દેવાસીએ વિધાનસભા ગૃહમાં માઉન્ટ આબુનું નામ બદલીને 'આબુ રાજ તીર્થ' કરવાની માંગ કરી હતી.

# કોંગ્રેસ નેતા સચિન પાયલોટના ભાઈ પર થયું ફાયરિંગ, પોલીસ દોડતી થઈ

## આરોપી કારચાલક અને તેના ભાઈની ધરપકડ કરાઈ

**ગાઝિયાબાદ**

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના લોની પોલીસ સ્ટેશન વિસ્તારના શકલપુરા ગામમાં રહેતા કોંગ્રેસ નેતા અને રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટના પિતરાઈ ભાઈ રોહન પર કેટલાક લોકોએ ગોળીબાર કર્યો હતો. આમાં રોહન નાસી છૂટ્યો હતો. ફાયરિંગ કરનાર લોકોએ બાઈક ચલાવી રહેલા રોહનને ઓવરટેક કેમ કરી અને તે બાબતને લઈ તેને રોકીને તેની પણ ફાયરિંગ કર્યુ હોવાની વાત સામે આવી છે. પોલીસે આરોપી કાર ચાલક કુણાલ અને તેના ભાઈ સુમિતની ધરપકડ કરી છે, જે ચિરોડીના રહેવાસી છે. તેમના કબજામાંથી ઘટનામાં વપરાયેલી ગેરકાયદેસર પિસ્તોલ મળી આવી છે.એસીપી લોની સિદ્ધાર્થ ગૌતમે જણાવ્યું કે પોલીસને બાતમી મળી હતી કે બંથલા ચોકીના શકલપુરા ગામમાં ફાયરિંગ થયું છે. તપાસમાં જાણવા મળ્યું કે રોહન બાઇક પર ઘર તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં કુણાલ તેની કારમાં ગામમાંથી પસાર થઈ રહ્યો હતો.

# મહાકુંભમાં 45 દિવસમાં 30 કરોડની કમાણી કરનાર નાવિકને ITની 12 કરોડની નોટિસ મળી

**પ્રયાગરાજ**

અરૈલ ગામના નાવિક પિન્ટૂ મહરા મહાકુંભ બાદ ખૂબ જ ચર્ચામાં આવ્યા છે. તેમણે મેળા દરમ્યાન જોરદાર કમાણી કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાવો કર્યો હતો કે, મહાકુંભ દરમ્યાન ફક્ત 45 દિવસમાં 30 કરોડ રૂપિયાની કમાણી કરી. આ સમાચાર બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા છેડાઈ ગઈ અને હવે એવી ખબર મળી રહી છે કે, નાવિકને ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી નોટિસ આવી છે. આ નોટિસમાં તેમની પાસેથી 12.8 કરોડ રૂપિયાનો ટેક્સ માગ્યો છે. આ મામલો વન ટાઈમ હાઈ ઈન્કમ અને તેના પર લાગતા ટેક્સને લઈને કેટલાય સવાલો ઊભા કરે છે. પ્રયાગરાજના રહેવાસી નાવિક પિન્ટૂ મહરાની કિસ્મત મહાકુંભ દરમ્યાન પલટાઈ ગઈ હતી.

# ભારતીય ટીમ ૧૨ મહિનામાં ૩૯ મેચો રમશે, ટી-૨૦ વર્લ્ડ કપ પણ સામેલ

## ભારત ૩૬૫ દિવસમાં IPL ઉપરાંત નવ ટેસ્ટ, ૧૨ વન-ડે અને ૧૮ ટી-૨૦ રમશે

નવી દિલ્હી : આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમના ખેડીઓ આગામી બે મહિના વિવિધ ટીમોમાંથી એકબીજા સામે આઈપીએલમાં રમશે. ૨૨મી માર્ચથી આ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ સમયગાળામાં ભાગ્યે જ કોઈ ઈન્ટરનેશનલ શ્રોણી રમાશે. મેગા હરાજી બાદ નવી સાઈકલ શરૂ થઈ રહી છે જેમાં ઘણા ટોપ સ્ટાર નવી ટીમો માટે રમશે અને મોટા ભાગની ફ્રેન્ચાઈઝીએ નવા સુકાની સાથે મેદાનમાં ઉતરવાની જાહેરાત પણ કરી દીધી છે.

ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચની શ્રોણી સાથે ૨૦૨૫-૨૭ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની શરૂઆત કરશે. ભારત ૧૮ વર્ષના લાંબા ગાળા બાદ પટોડી ટ્રોફી જીતવા માગશે કારણ કે૨૦૨૧-૨૨માં ઘણા ઓછા માર્જિનથી તે હારી ગયું હતું. આ શ્રોણી રેડ બોલ ક્રિકેટમાં દેશ માટે નવી શરૂઆત પણ કરાવી શકે છે. ભારતનો બીજો મોટો ટાર્ગેટ ૨૦૨૬નો ટી૨૦ વર્લ્ડ કપ છે જે આગામી ફેબ્રુઆરી તથા માર્ચમાં



ભારતના ઘરઆંગણે રમાવાનો છે. આ ઈવેન્ટમાં શ્રીલંકા પણ સંયુક્ત યજમાન છે. આગામી ૧૨ મહિનામાં ભારતીય ટીમ નવ ટેસ્ટ મેચ, ૧૨ વન-ડે રમશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ટીમ એસિયા કપ અને ટી૨૦ વર્લ્ડ કપ ઉપરાંત ૧૮ અન્ય ટી૨૦ મેચો રમશે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસમાં ૨૧મી જૂનથી ચોથી ઓગસ્ટ સુધી પાંચ ટેસ્ટ, ઓગસ્ટમાં જ બાંગ્લાદેશના પ્રવાસમાં ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦, સપ્ટેમ્બરમાં એશિયા કપમાં રમશે. ઓક્ટોબરમાં ભારત બે ટેસ્ટ માટે વેસ્ટ ઈન્ડિઝની યજમાની કરશે. ત્યારબાદ ભાત ઓક્ટોબર અને નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ખેડશે જેમાં તે ત્રણ વન-ડે અને પાંચ મેચની ટી૨૦ શ્રોણી રમશે. સાઉથ આફ્રિકાની ટીમ નવેમ્બર અને ડિસેમ્બરમાં બે ટેસ્ટ, ણ વન-ડે તથા પાંચ ટી૨૦ મુકાબલા માટે ભારતના પ્રવાસે આવશે. ૨૦૨૬ની શરૂઆતમાં ન્યૂઝીલેન્ડની ટીમ ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ માટે જાન્યુઆરીમાં ભારતનો પ્રવાસ ખેડશે. ફેબ્રુઆરી અને માર્ચમાં ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન થશે.

# ICC રેન્કિંગ : વનડેમાં ભારત નંબર-૧

## બેટ્સમેનોની રેન્કિંગમાં રોહિતની તથા બોલર્સમાં કુલદીપ યાદવની પીછેહઠ થઇ

**દુબઇ**

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ બાદ આઈસીસીએ નવી રેન્કિંગ જાહેર કરી છે. ફાઈનલ મુકાબલામાં ભારતે ન્યૂઝીલેન્ડને પરાજય આપ્યો હતો. વૈશ્વિક ઈવેન્ટ પહેલાં ટીમ રેન્કિંગમાં ભારત પ્રથમ સ્થાને હતું અને તેણે આ સ્થાનને વધારે મજબૂત કર્યું છે. ભારતના ૧૨૨ રેટિંગ પોઈન્ટ છે. ઓસ્ટ્રેલિયા ૧૧૦ રેટિંગ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ચેમ્પિયન્સ ટ્રોફીનું યજમાન પાકિસ્તાન હજુ પણ ત્રીજા ક્રમે છે અને તેના ૧૦૬ પોઈન્ટ છે. ચોથા અને પાંચમા સ્થાને અનુક્રમે ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા છે.

વન-ડે બેટ્સમેનોના રેન્કિંગમાં વિરાટ કોહલીને ફાયદો થયો છે. તેણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં કુલ ૨૧૮ પોઈન્ટ બનાવ્યા હતા જેના કારણે તે એક ક્રમાંકના ફાયદા સાથે ચોથા ક્રમે પહોંચી ગયો છે. રોહિતની બે ક્રમાંકની પીછેહેઠ થઈ છે અને તે હવે પાંચમા ક્રમે પહોંચી ગયો છે. રોહિત ટૂર્નામેન્ટમાં ૧૮૦ રન બનાવી શક્યો હતો. શુભમન ગિલ હજુ પણ વન-ડેમાં પ્રથમ સ્થાને જળવાઈ રહ્યો છે. શ્રોયસ ઐયર પણ એક ક્રમાંકના ફાયદા સાથે આઠમા ક્રમે આવી ગયો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં મોહમ્મદ શમી અને વરુણ ચક્રવર્તીએ સંયુક્ત રીતે ૧૮ વિકેટ હાંસલ કરી હતી. વન-ડે ટોપ-૧૦ બોલર્સમાં માત્ર એક જ ભારતીય છે. કુલદીપ યાદવ ત્રણ ક્રમાંકની પીછેહઠ કરીને છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. શમીને ત્રણ ક્રમાંકનો ફાયદો થયો છે અને તે ૧૧મા ક્રમે પહોંચી ગયો છે. વરુણ ચક્રવર્તીએ સૌથી મોટી છલાંગ લગાવી છે. તે ૧૪૩ ક્રમાંકની આગેકૂચ કરીને ટોપ-૧૦૦ બોલર્સમાં સામેલ થઈ ગયો છે.

# શેન બોન્ડની બુમરાહને ચેતવણી : વધુ એક ઈજા થશે તો કારકિર્દી પૂરી થઈ જશે

## બુમરાહ માટે નાજુક સમય છે, તેનો વર્કલોડ ઓછો કરવો પડશે

**મુંબઇ**

ન્યૂઝીલેન્ડના પેસ બોલર તથા મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ બોલિંગ કોચ શેન બોન્ડે જણાવ્યું હતું કે ભારતીય પેસ બોલર જસપ્રીત બુમરાહ માટે આ નાજુક સમય છે. તેની જે જગ્યાએ સર્જરી થઈ છે ત્યાં વધુ એક ઈજા થશે તો તેની કારકિર્દી પૂરી થઈ શકે છે. બુમરાહ ભવિષ્યમાં એક સાથે બેથી વધારે ટેસ્ટ ના રમે તેવું હું ઈચ્છું છું. પીઠની ઈજાના કારણે બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી



શક્યો નહોતો. તેને ઈજા થઈ હોવા છતાં તે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રોણીની છેલ્લી મેચમાં રમ્યો હતો. તે હાલમાં બેંગ્લુરુ સ્થિત એનસીએ ખાતે રિહેબિલિટેશન પ્રોગ્રામને પૂરો કરી રહ્યો છે.

# શુભમન ગિલ ફેબ્રુઆરી મહિનાનો પ્લેયર ઓફ ધ મન્થ બન્યો



દુબઈ : ભારતનો યુવા ખેલાડી શુભમન ગિલ ફેબ્રુઆરી મહિનાનો આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ બન્યો છે. આ એવોર્ડને રેસમાં તેણે ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથ અને ન્યૂઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સને પાછળ રાખી દીધો હતો. ગિલે પાંચ વન-ડે મેચમાં ૧૦૧.૫૦ની એવરેજ અને ૯૪.૧૯ના સ્ટ્રાઈક રેટથી ૪૦૬ રન બનાવ્યા હતા. તેણે ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે રમાયેલી ત્રણ વન-ડે મેચની શ્રોણીમાં સતત ત્રણ અડધી સદી નોંધાવી હતી. તેણે નાગપુરમાં ૮૭, કટકમાં ૬૦ તથા અમદાવાદમાં ૧૦૨ બોલમાં ૧૪ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૧૧૨ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ સામેની શ્રોણીમાં તે પ્લેયર ઓફ ધ મેચ તથા પ્લેયર ઓફ ધ સિરીઝ પણ બન્યો હતો. ગિલે પોતાના શાનદાર ફોર્મને જાળવી રાખીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામે અણનમ ૧૦૧ રન બનાવ્યા હતા તેણે પાકિસ્તાન સામે ૪૬ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.

# ગંભીર ભારત-એ ટીમ સાથે ઈંગ્લેન્ડના પ્રવાસે જશે, વન-ડે,ટી-૨૦ માટે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરશે

## કેટલાક ખેલાડીને બાદ કરતાં ભાગ્યે જ કોઇ પ્લેયર બે ફોર્મેટમાં એક સાથે રમી શકશે

**નવી દિલ્હી**

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ બાદ ભારતીય ટીમ આગામી ત્રણ મહિના ઈન્ટરનેશનલ ક્રિકેટથી દૂર રહેશે. ટીમના ખેલાડીઓ વિવિધ ફ્રેન્ચાઈઝી તરફથી આઈપીએલમાં રમશે. આ દરમિયાન હેડ કોચ ગૌતમ ગંભીર આરામ કરવાના મૂડમાં જણાતો હતો અને તે ભારત-એ ટીમ સાથે ઈંગ્લેન્ડના પ્રવાસે જઈ શકે છે. જૂન મહિનામાં ભારતીય ટીમ પાંચ મેચની ટેસ્ટ શ્રોણી પહેલાં એ-ટીમનો પ્રવાસ થશે. ૨૦મી જૂનથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રોણીમાં પ્રારંભ થશે. ગંભીર આગામી બે વર્ષ માટે તમામ ફોર્મેટની એક બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી રહ્યો છે. આ રોડમેપમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ તથા ૨૦૨૬ ટી૨૦ વર્લ્ડ કપ પણ સામેલ છે. ગંભીર ફોર્મેટને મિક્સ કરવા માગતો નથી. વન-ડે અને ટી૨૦ ટીમ અલગ રહેશે. કેટલાક સિનિયર ખેલાડીને બાદ કરતાં ભાગ્યે જ કોઈ ખેલાડી બંને ફોર્મેટમાં રમશે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ને ધ્યાનમાં રાખતા આ વર્ષની આઈપીએલ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. બીસીસીઆઈએ એ-ટીમો માટે કોઈ કોચ રાખ્યો નથી તેથી ગંભીર ઓબ્ઝર્વેશન માટે ઈંગ્લેન્ડ જશે કે બોર્ડ વીવીએસ લક્ષ્મણને આ ભૂમિકા સોંપે છે તે જોવાનું રહેશે. રાહુલ દ્રવિડે સિનિયર ટીમના મુખ્ય કોચની ભૂમિકા સંભાળ્યા બાદ ભારત-એ અને અંડર-૧૯ એસાઈનમેન્ટ માટે બોર્ડે એનસીએના પૂલમાંથી કોચને રોટેટ કર્યા હતા.

# ભારત WTC ફાઇનલમાં ના પહોંચતા લોડ્ઝને ૪૫ કરોડનું નુકસાન થશે

લંડન : વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રીજી ફાઈનલ જૂન મહિનામાં લંડનના ઐતિહાસિક લોડ્ઝ ગ્રાઉન્ડ ખાતે રમાશે. આ ફાઈનલ ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ભારતીય ટીમ ફાઈનલમાં નહીં હોય તેવું પ્રથમ વખત બનશે. ભારતના ફાઈનલમાં નહીં પહોંચવાના કારણે માત્ર બીસીસીઆઈને જ નહીં પરંતુ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને પણ નુકસાન થઈ રહ્યું છે. ભારતની ગેરહાજરીના કારણે ટિકિટોના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ભારત જો ફાઈનલમાં આવશે તો ટિકિટોની માગ વધારે રહેશે તે ધારણા સાથે આયોજકોએ ટિકિટોના ભાવ વધારે રાખ્યા હતા.

# PCB કંગાળ થયું : ડોમેસ્ટિક પ્લેયર્સની ફીમાં ૯૦ હજારનો કાપ

## હવે પ્લેયર્સને એક લાખના બદલે ૧૦ હજાર રૂપિયા મેચ ફી પેટે મળશે

**કરાચી**

ચેમ્પિયન્સ ટ્રોફી બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આર્થિક રીતે કંગાળ થયું હોય તેમ લાગી રહ્યું છે. પીસીબીએ ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્લેયર્સની મેચ ફીમાં તોતિંગ ઘટાડો કરતાં તેની નાણાંકીય સ્થિતિ કથળી હોય તેવા સંકેત મળી રહ્યા છે. પીસીબીએ આગામી નેશનલ ટી૨૦ ચેમ્પિયનશિપમાં પ્લેયર્સને પ્રત્યેક મેચ દીઠ એક લાખ રૂપિયાની જગ્યાએ હવે માત્ર ૧૦ હજાર રૂપિયાની ફી આપવાનો નિર્ણય કર્યો છે. ટીમના રિઝર્વ ખેલાડીને માત્ર પાંચ હજાર રૂપિયા મળશે. આ ટૂર્નામેન્ટ ૧૪મી માર્ચથી શરૂ થઈ રહી છે. પીસીબી ડોમેસ્ટિક ક્રિકેટના મુખ્ય અધિકારી અબ્દુલ્લાહ ખુર્રમ છેલ્લા કેટલાક મહિનાથી ડોમેસ્ટિક




ખેલાડીઓની સગવડોમાં મોટો કાપ મૂકી રહ્યા છે. અગાઉ જે ખેલાડઓને ફાઈવ કે ફોર સ્ટાર હોટેલની સગવડો મળતી હતી તેમને હવે સસ્તા એકોમોડેશન અપાઈ રહ્યા છે. મેચ ફીની સાથે તેમની હવાઈ મુસાફરી પણ મર્યાદિત કરી દેવામાં આવી છે.

પીસીબીએ પ્લેયર્સ અને અમ્પાયર્સને ગયા વર્ષના કોઈ પેમેન્ટ કર્યા નથી. બોર્ડની પોલિસીમાં હોવા છતાં ભૂતપૂર્વ ક્રિકેટર્સને અપાતા પેન્શનની રકમમાં પણ કોઈ વધારો કરાયો નથી. એક તરફ ખેલાડીઓની મેચ ફીમાં કપાત મૂકવામાં આવી રહ્યો છે ત્યારે કેટલાક અધિકારીઓ લાખો રૂપિયામાં પોતાની માસિક સેલેરી લઈ રહ્યા છે. પીસીબી તેના નેશનલ પસંદગીકારોને પણ માસિક જંગી પેમેન્ટ કરી રહ્યું છે. તાજેતરમાં રમાયેલા ચેમ્પિયન્સ કપ વખતે પાંચ ટીમો માટે પાંચ મેન્ટર્સની વરણી કરીને તેમને લાખો રૂપિયાની સેલેરી આપવામાં આવી છે.

# જાફર એક્સપ્રેસ હાઈજેકમાં 21 યાત્રીની હત્યા, 33 આતંકી ઠાર

## 37 મુસાફરો ઘાયલ થયા, સેનાએ બચાવ કામગીરી દ્વારા 190 લોકોને બચાવ્યા, હુમલો થયો ત્યારે ટ્રેનમાં 440 મુસાફરો હતા : રેલવે

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં હાઈજેક થયેલી જાફર એક્સપ્રેસ ટ્રેન અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાનના ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR)ના ડિરેક્ટર જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'પાકિસ્તાની સેનાએ વાયુસેના, ફ્રન્ટિયર કોર્પ્સ (FC) અને સ્પેશિયલ સર્વિસ ગ્રુપ (SSG) સાથે મળીને બોલાનમાં ટ્રેન પર હુમલો કરનારા 33 આતંકવાદીઓને બચાવ કામગીરીમાં ઠાર કર્યા છે અને તમામ બંધકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.' જોકે, આ અકસ્માતમાં 21 મુસાફરોના મોત થયા છે.



રિપોર્ટ મુજબ સેનાએ બચાવ કામગીરી દ્વારા 190 લોકોને બચાવ્યા છે. જેમાં 37 મુસાફરો ઘાયલ થયા અને 57 મુસાફરોને બચાવી લેવામાં આવ્યા અને ક્વેટા લઈ જવામાં આવ્યા. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ISPRના ડાયરેક્ટર જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે બચાવ કામગીરીના પરિણામે પાક સેનાએ 33 આતંકવાદીઓને ઠાર માર્યા છે અને તબક્કાવાર રીતે તમામ બંધકોને સુરક્ષિત રીતે મુક્ત કરાવ્યા છે.

આતંકવાદીઓએ 11 માર્ચે બપોરે 1 વાગ્યે ટ્રેન પાટા પરથી ઉતારી દીધી હતી અને મુસાફરોને બંધક બનાવ્યા હતા. સુરક્ષા દળોએ ઝડપી બચાવ કામગીરી હાથ ધરી અને તમામ બંધકોને સુરક્ષિત મુક્ત કરાવવાની ખાતરી કરી. જોકે, આ અકસ્માતમાં 21 મુસાફરો અને 4 સૈનિકોના મોત થયા છે. તેમણે અકસ્માતમાં માર્યા ગયેલા સૈનિકો વિશે પણ જણાવ્યું છે. તે અર્ધલશ્કરી ફ્રન્ટિયર કોર્પ્સનો સૈનિક છે. જ્યારે બલૂચ લિબરેશન આર્મીએ દાવો કર્યો હતો કે તેમણે 100થી વધુ લોકોને મારી નાખ્યા છે. BLA કહે છે કે પાકિસ્તાની સેનાના હુમલા બાદ (મુસાફરોને બચાવવાના પ્રયાસમાં) તેણે આ પગલું ભર્યું છે. ઉપરાંત, મંગળવારે થયેલા હુમલાની જવાબદારી લેતા, BLAએ કહ્યું કે તેમણે 30 પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા.

આ ઉપરાંત, પાકિસ્તાની રેલ્વે અધિકારીઓએ કહ્યું, 'જ્યારે હુમલો થયો.' તે સમયે ટ્રેનમાં 440 મુસાફરો હતા. દુર્ગમ ભૂપ્રદેશ અને બંધકોને ઢાલ તરીકે ઉપયોગ કરી રહેલા આતંકવાદીઓ સામે શરૂ કરાયેલા ઓપરેશનમાં સુરક્ષા દળોએ તેમને ઠાર માર્યા છે અને મોટી સંખ્યામાં મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

# US શિક્ષણ વિભાગ પર જોખમ, ટ્રમ્પનું 1300 કર્મચારીઓની છટણીનું એલાન

**ન્યૂયોર્ક**

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનએ 1300થી વધુ કર્મચારીઓની છટણીની જાહેરાત કરી હતી. આ સાથે કર્મચારીઓની સંખ્યા અડધાથી વધુ ઘટી જશે.

આ પછી પ્રશ્ન એ થાય છે કે વિભાગ તેની સામાન્ય કામગીરી કેવી રીતે ચાલુ રાખશે. આ પહેલા પણ ટ્રમ્પ વહીવટીતંત્રે વિભાગના કર્મચારીઓની છટણી કરી હતી. ઘણા કર્મચારીઓ પાસેથી બળજબરીપૂર્વક રાજીનામા લેવામાં આવ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વખત અમેરિકાની ગાદી સંભાળ્યા બાદ ખર્ચમાં ઘટાડો કરવાની વાત કરી છે. આ માટે તેણે ઈલોન મસ્કના નેતૃત્વમાં DOGE ની રચના કરી છે.

સરકારના વિવિધ વિભાગોમાં હજારો નોકરીઓ છીનવાઈ જશે. આ વિભાગોમાં વેટરન્સ અફેર્સ, સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન અને અન્ય એજન્સીઓનો સમાવેશ થાય છે. આ સિવાય શિક્ષણ વિભાગે ન્યૂયોર્ક, બોસ્ટન, શિકાગો અને ક્લેવલેન્ડ જેવા શહેરોમાં તેની ઓફિસના ભાડા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે.

# યુક્રેનની યુદ્ધ વિરામની તૈયારી વચ્ચે રશિયાનો હુમલો યથાવત્, 4 સીરિયન નાગરિકના મોત

**રિયાધ**

રશિયા-યુક્રેન વચ્ચે ચાલતી શાંતિ મંત્રણા વચ્ચે યુક્રેનના ડ્રોન હુમલાના જવાબમાં રશિયાએ બેલેસ્ટિક મિસાઈલ વડે ભીષણ હુમલો કર્યો હતો. તેમા ચાર વિદેશી નાગરિકો મૃત્યુ પામ્યા હતા. જ્યારે બે ઈજા પામ્યા હતા. યુક્રેને જણાવ્યું હતું કે આ હુમલો તેવા જહાજ પર કરવામાં આવ્યો છે જેને યુદ્ધ સાથે સ્નાન સૂતકનો પણ સંબંધ ન હતો. યુક્રેને ગઈકાલે મોસ્કો પર મોટાપાયે ડ્રોન હુમલો કર્યાનો રશિયાએ દાવો કર્યો હતો.

યુક્રેનના આ ડ્રોન હુમલાના લીધે મોસ્કોએ બે એરપોર્ટ બંધ કરી દેવા પડયા હતા. હવે રશિયાએ તેના જવાબમાં ઓડેશા પર હુમલો કર્યો છે. તેમા ચાર સીરિયન નાગરિકના મોત થયા હતા અને બાર્બાડોઝના ઝંડાવાળું જહાજ શ્રતિગ્રસ્ત



થયું હતું. બંને દેશોએ તાજેતરમાં એકબીજા સામે હુમલા ત્યારે શરૂ કર્યા છે જ્યારે સાઉદી અરેબિયામાં રિયાધમાં અમેરિકા સાથે મંત્રણામાં યુક્રેન ૩૦ દિવસના યુદ્ધવિરામ પર રાજી થઈ ગયું છે.

# યુરોપિયન યુનિયન-કેનેડાને ટ્રમ્પની સ્પષ્ટતા ટેરિફનો જવાબ વધુને વધુ ટેરિફથી મળશે

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયનની આવતી વસ્તુઓ પર વધુને વધુ ટેરિફ લગાવવાની ધમકી આપી દીધી છે જેના લીધે વૈશ્વિક સ્તરે વેપાર યુદ્ધ વધવાની આશંકા વધી ગઈ છે. જોકે અમેરિકાના મુખ્ય વ્યાપારિક ભાગીદારોએ કહ્યું કે અમે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા પહેલાથી લાદેલા વેપાર અવરોધોનો યોગ્ય જવાબ આપીશું.

અહેવાલ મુજબ ટ્રમ્પ ટ્રમ્પે કહ્યું કે જો યુરોપિયન યુનિયન આગામી મહિને અમુક અમેરિકન વસ્તુઓ પર જવાબી ટેરિફ કે ટેક્સ લાદવાની યોજના પર અમલ કરશે તો અમે પણ વધુને વધુ ટેરિફ લાદવા તૈયાર છીએ. તે અમારાથી જેટલો પણ ટેક્સ વસૂલશે અમે તે પાછો લઈ લઈશું.

ટેરિફ પર ભાર મૂકતા ટ્રમ્પે રોકાણકારો, ગ્રાહકો અને વેપાર જગતના વિશ્વાસને હચમચાવી નાખ્યો છે અને મંદીની આશંકા સતત વધતી જઈ રહી છે. તેમણે પાડોશી દેશ કેનેડાને અમેરિકામાં ભેળવી દેવાની વારંવાર ધમકી આપીને સંબંધોને પણ બગાડી નાખ્યા છે.

### અમેરિકાએ સ્ટીલ-એલ્યુમિનિયમની આયાત પર 25% ટેરિફ ઝિંક્યો

અમેરિકામાં સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા ટેરિફ બુધવારથી લાગુ કરવામાં આવી છે. ઊંચા ટેરિફને કારણે શેરબજારમાં કડાકો, આર્થિક મંદીના ભય વચ્ચે, ટ્રમ્પે દાવો કર્યો હતો કે નવી ટેરિફ સિસ્ટમ અમેરિકન ફેક્ટરીઓમાં રોજગારની તકો ઊભી કરવામાં મદદ કરશે. ભારતના સ્ટીલ સચિવ સંદીપ પૌંડ્રિકે કહ્યું કે, અમેરિકામાં આયાત ડ્યુટીમાં વધારાથી ભારતીય ઉદ્યોગ પર મોટી અસર થવાની અપેક્ષા નથી.

# ઈન્ડોનેશિયાની જેલમાં કેદીઓએ બબાલ કરી આગ લગાવી, ૧૦૦થી વધુ કેદી ફરાર

**ઈન્ડોનેશિયા**

ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પરની જેલમાં કેદીઓએ ભારે બબાલ કર્યા બાદ આગ ચાપી દીધી છે, જેના કારણે જેલમાંથી ૧૦૦થી વધુ કેદીઓ ફરાર થઈ ગયા છે. પોલીસના જણાવ્યા મુજબ, કેદીઓ વચ્ચે જેલમાં ભયાનક ઝઘડો થયો હતો, ત્યારબાદ તેઓએ ત્યાં આગ લગાવી દીધી હતી. આ દરમિયાન કેદીઓ ફરાર થઈ ગયા છે.

સ્થાનિક મીડિયામાં જેલમાં થયેલો ઝઘડો અને ફરાર કેદીઓના વીડિયો ફુટેજ પણ વાયરલ થયા છે. વીડિયોમાં ભીષણ આગ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ડોનેશિયામાં જેલોની અત્યંત ખરાબ હાલત છે અને ત્યાં કેદીઓ ફરાર થવાની ઘટના સામાન્ય બની ગઈ છે. પોલીસે દાવો કર્યો છે કે, 'અમને જેલમાં હોબાળો થયો હોવાની તેમજ કેદીઓ ફરાર થવાની માહિતી મળ્યા બાદ અમારી ટીમે તુરંત કાર્યવાહી શરૂ કરી હતી. ટીમે ફરાર થવાની થોડી જ મિનિટોમાં ૧૧૫ કેદીઓને પકડી પાડયા છે. રિઆઉ પ્રાંતના પોલીસ વડા વિડોડા ઈકોએ કહ્યું કે, જેલમાં ૬૫૦થી વધુ કેદીઓ છે. હજુ અનેક કેદીઓ ફરાર હોવાની આશંકા છે. જેલના વહીવટીતંત્રે ફરાર કેદીઓને પકડવા માટે સ્થાનિક પોલીસની મદદ લેવી પડી છે.

# ભારત અને મોરેશિયસ વચ્ચે દરિયાઈ સુરક્ષા સહિતના કરાર

**પોર્ટલૂઈ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસની મુલાકાતને પગલે ભારત અને મોરેશિયસે બંને દેશો વચ્ચેના સંબંધોને ઉચ્ચ વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવવાનો નિર્ણય કર્યો હતો. બંને દેશોએ દરિયાઈ સુરક્ષા સહિત અનેક ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા અને સ્થાનિક ચલણોમાં વેપારને પ્રોત્સાહન આપવા માટે આઠ કરારો પર હસ્તાક્ષર પણ કર્યાં હતાં. મોરેશિયસની યાત્રાનું સમાપન કરી મોદી ભારત આવવા નીકળી ગયાં હતાં.

મોરેશિયસના પ્રવાસના અંતિમ દિવસે મોદીએ મુખ્ય અતિથિ તરીકે ટાપુ રાષ્ટ્રના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી. અને વ્યૂહાત્મક રીતે સ્થિત આ દેશ માટે અનેક વિકાસ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીએ ટાપુ રાષ્ટ્રમાં ભારતના ફંડિગ સાથેના વિવિધ પ્રોજેક્ટ્સનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# 40 વર્ષના ઓસ્ટ્રેલિયનમાં કૃત્રિમ હૃદય લગાવાયું : 100 દિવસ પછી રજા અપાઈ

**સીડની**

ઓસ્ટ્રેલિયાનાં ન્યૂસાઉથ વેલ્સ રાજ્યમાં મુખ્ય શહેર સીડનીમાં ૪૦ વર્ષના એક દર્દીને હૃદય રોગનો હુમલો થયા પછી તેનું કુદરતી હૃદય દૂર કરી મીકેનિકલ તેવું કૃત્રિમ હૃદય ગોઠવી તબીબોએ જીવતદાન આપ્યું છે. આ કૃત્રિમ હૃદય ગોઠવ્યા પછી ૧૦૦ દિવસ સુધી તેને હોસ્પિટલમાં રખાયો હતો અને તેની તબિયત પર પૂરી નજર રાખવામાં આવી હતી. ૧૦૦ દિવસ સુધી કૃત્રિમ હૃદય સાથે તે જીવતો રહ્યો તે પછી તેને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. તબીબી ક્ષેત્રે માનવીએ હાથ કરેલી આ અદ્ભૂત સિદ્ધી છે. આ



પૂર્વે પણ અમેરિકામાં પાંચ વ્યક્તિઓએ કૃત્રિમ હૃદય બેસાડવામાં આવ્યાં હતાં. તેઓ હજી પણ જીવંત છે. સીડનીની સેન્ટ વિન્ચેન્ટ હોસ્પિટલમાં ૨૨ નવેમ્બર ૨૦૨૪ના દિન દાખલ કરાયો હતો. પછી સેન્ટવિન્ચેન્ટ હોસ્પીટલમાં દાખલ કરાયો. ડૉ. પૌલ ઝાન્ઝેની ટીમે છ કલાક સુધી મહેનત કરી આ કૃત્રિમ હૃદય ગોઠવ્યું છે.

# ચીને બનાવી નવી વેક્સિન : સ્ટ્રોક અને હાર્ટ અટેક નહીં આવે તેવો પણ દાવો કર્યો

**બેઈજિંગ**

હાર્ટ સંબંધિત બધી જ બિમારીઓ માટે એક નવી વેક્સિન બનાવવામાં આવી છે. ચીનની એક રિસર્ચ ટીમ દ્વારા રક્તવાહિનીમાં થતા બ્લોક સામે લડવા માટે આ વેક્સિન તૈયાર કરવામાં આવી છે. રક્તવાહિનીમાં બ્લડ ક્લોટ્સ થવાથી સ્ટ્રોક્સ અને હાર્ટ અટેક આવે છે, એના સામે આ વેક્સિન રક્ષણ આપશે. હાલ વિશ્વભરમાં ઘણા દેશોમાં આ કારણસર ઘણાં લોકોના મૃત્યુ થઈ રહ્યા છે. કોરોના બાદ આવી રીતે મૃત્યુ થવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ રિસર્ચ 'જર્નલ નેચર'માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. નેન્ઝિંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના વિજ્ઞાનીઓ દ્વારા આ વેક્સિન વિકસિત કરવામાં આવી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રમકડાં અને ખાદ્ય પદાર્થમાંથી કરોડોનું ડ્રગ્સ ઝડપ્યું

## એમડી, હશીશ અને હાઇબ્રિડ ગાંજાનો ઓનલાઇન ઓર્ડર કરવામાં આવ્યો હતો

**અમદાવાદ**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદમાં વિદેશથી આવતા ડ્રગ્સનો જથ્થો પકડી પાડયો છે. આ વખતે રમકડાં અને ખાદ્ય પદાર્થોની આડમાં ૩.૪૫ કરોડ રૂપિયાની કિંમતનો એમડી, હશીશ અને હાઈબ્રિડ ગાંજાનો ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ડાર્ક વેબ અને અલગ અલગ કેંદ્ર ની મદદથી ઓનલાઈન ડ્રગ્સનો ઓર્ડર આપવામાં આવી રહ્યો હતો. આ સંદર્ભમાં, ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય એજન્સીઓ તેના પર નજર રાખી રહી હતી. તે સમયે કેટલાક શંકાસ્પદ કુરિયર્સ ફોરેન પોસ્ટ ઓફિસમાં પહોંચ્યા અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોને તેના વિશે માહિતી મળી. જેના આધારે અમદાવાદની ટીમે તપાસ કરતાં રમકડાં અને ખાદ્ય પદાર્થોની અંદર ૩.૪૫ કરોડ રૂપિયાના ડ્રગ્સ મળી આવ્યા હતા. જેમાં હાઈબ્રિડ ગાંજા, હશીશ અને એમડી ડ્રગ્સનો ખુલાસો થયો છે. હાલમાં, તેની અંદાજિત કિંમત ૩.૪૫ કરોડ રૂપિયાથી વધુ છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, આ દવાઓ ઓનલાઈન મંગાવવામાં આવી હતી. પરંતુ તેના રીસીવર વિશે તપાસ ચાલુ છે. શક્ય છે કે આ ઓર્ડર અમેરિકા, કેનેડા અને થાઈલેન્ડ જેવા દેશોમાંથી ડાર્ક વેબ પરથી આપવામાં આવ્યા હોય. આ સંદર્ભે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ કરી રહી છે.

# CMમાં નોકરી આપવાના બહાને ૪૫ લોકો સાથે લાખોની છેતરપિંડી

**અમદાવાદ**

ગુજરાતમાં સરકારી નોકરી માટે લાખો યુવાનો લાઈનમાં હોય ત્યાં લેભાગુ તત્ત્વો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરનારા લોકો સક્રિય થઈ જાય છે. આવા જ એક બનાવમાં પીડિત સતત ૪ મહિનાથી પોલીસ સ્ટેશનથી મુખ્યમંત્રી કાર્યાલય સુધી ધક્કા ખાઈ રહ્યો છે પરંતુ, હજુ સુધી તેની ફરિયાદ લેવામાં આવતી નથી.

એક ફરિયાદી કે જે ખુદ પીડિત છે તેને સરકારી નોકરીનું સપનું દેખાડી ઠગાઈ કરવામાં આવી છે. અમદાવાદમાં એક વ્યક્તિ સાથે બોરસદના રહેવાસી નિલેશ મકવાણા અને આશિષ ક્રિશન નામના વ્યક્તિએ છેતરપિંડી કરી હતી. આ બંનેએ સરકારી નોકરીના નામે યુવાન પાસેથી ૯૭,૨૦૦ રૂપિયા પડાવી લીધા હતા. આ કૌભાંડ આચરનારાએ તમામ પૈસાનો વ્યવહાર ઓનલાઈન કરાવ્યો હતો. જેમાં પીડિતને જીઈઝ નો નકલી એપોઈમેન્ટ લેટર આપવામાં આવ્યો હતો તેમજ અનેક યુવાનોને નકલી આઈકાર્ડ બનાવી આપી અંદાજિત ૪૫ લોકો સાથે આ પ્રમાણે છેતરપિંડી કરાઈ હતી. પીડિતે આ છેતરપિંડી મામલે અમદાવાદના ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા અરજી આપી હતી.

# સ્વદેશી એસ્ટ્રા બીવીઆર મિસાઈલનું સફળ પરીક્ષણ

**નવી દિલ્હી**

દેશની સુરક્ષાને મજબૂત કરવા માટે સેનાની ત્રણ પાંખો અને રિસર્ચ એજન્સીઓ સતત કાર્યરત રહે છે. ત્યારે હવે ભારતના સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ તેજસે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીએ LCAAF MK1 પ્રોટોટાઈપ ફાઈટર એરક્રાફ્ટમાંથી સ્વદેશી એસ્ટ્રા બીવીઆર (ASTRA BVR)એર-ટુ-એર મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. બીવીઆર મિસાઈલ બીજા ફાઈટર એરક્રાફ્ટ સાથે લડવામાં અથવા કોઈ લક્ષ્યને નિશાન બનાવવામાં મદદ કરે છે.આ અંગે મળતી માહિતી મુજબ 12 માર્ચ ના રોજ ઓડિશાના ચાંદીપુર કિનારે તેજસ LCA AF MK1 પ્રોટોટાઈપ ફાઈટર એરક્રાફ્ટથી એસ્ટ્રા બીવીઆરનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, પરીક્ષણ દરમિયાન મિસાઈલે ઉડતા લક્ષ્ય પર સફળતાપૂર્વક સીધો પ્રહાર કર્યો હતો.

# બોટાદ પાસે કાળુભાર નદીમાં નહાવા પડેલા ચાર શ્રમિકો ડૂબ્યા, બેના મોત

## મૂળ રાજસ્થાનના ચારેય યુવાનો કડિયા કામ કરતા હતા

**બોટાદ**

બેલનાથ મહાદેવ મંદિરની નજીકમાં વહેતી કાળુભાર નદીમાં ચાર યુવાનો નહાવા પડ્યા હતા. આ દરમિયાન પાણી ઊંડુ હોવાથી તેઓ ડૂબી ગયા હતા. જોકે આ દરમિયાન બે યુવાનોને હેમખેમ બચાવવામાં સફળતા મળી હતી પરંતુ અન્ય બે લોકો ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા.

બોટાદ જિલ્લાના ગઢડાના ચોસલા ગામ નજીક આ ઘટના બની હતી. જ્યાં રાજસ્થાનથી આવેલા ચાર યુવાનો જેઓ શ્રમિક તરીકે કામ કરતા હતા તેઓ ગરમીથી રાહત મેળવવા નદીમાં ન્હાવા કૂદી પડ્યા હતા. જોકે તેમને ડૂબતાં જોઈને કેટલાક લોકો તેમને બચાવવા માટે દોડી આવ્યા હતા. જેના કારણે બેને તો બચાવી લેવાયા પરંતુ અન્ય બે ડૂબી ગયા હતા. મૃત્યુ પામેલા બંને યુવકોની ઓળખ પવનસિંહ અને પૃથ્વી સિંહ તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર ચારેય યુવાનો રાજસ્થાનના સિકર જિલ્લાના વતની હતા અને ચોસલા ગામમાં કડિયા કામ કરતા હતા.

# ટોરોન્ટોમાં કુતરાના હુમલામાં બાળકને ઈજા : મહિલાએ બેદરકારી કબુલી

**ટોરોન્ટો**

ટોરોન્ટોની એક મહિલા કેટલાક સમયથી કૂતરાએ કરેલા હુમલાને કારણે વિવાદમાં ઘેરાઈ હતી. હાલમાં તેણે બેદરકારીની કબૂલાત કરી લીધી છે. કોર્ટના રેકોર્ડ્સ દર્શાવે છે કે પેટ્રિયા સિયારેકે ગયા શુક્રવારે ટોરોન્ટોની એક કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેણી પર પ્રાંતીય કૂતરા માલિકોની જવાબદારી અધિનિયમ અને ટોરોન્ટોના મ્યુનિસિપલ કોડ હેઠળ ઉલ્લંઘનનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. ટોરોન્ટોની એક મહિલાના કૂતરાએ કરેલા હુમલામાં બાળક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટનામાં તેણી સામે બેદરકારી અને ફોજદારીના આરોપ મુકાયા હતા. આખરે તેણે આ આરોપોને સ્વીકારી લીધા હતા.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

| MONTREAL | OTTAWA | MISSISUAGA | CAMBRIDGE |
|---|---|---|---|
| 3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7<br>Phone: +1-514-260-2242 / +1-514-813-3850 | Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1<br>+1-613-601-1474 | 5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5<br>Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850 | 15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8<br>+1-647-542-1508 , +1-647-527-6030 |

https://clubceramic.com Email : sales@clubceramic.com



**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**
**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**Urgent Listing Require: Motels & Hotels**

Any Size, Any Price, Any Location

Qualified Buyers Having **40% To 50% Down Payment,** Are Ready To Sign The Offer And CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**

Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, banquet hall, party room, execellent seasonal business from the tour buses. Work for 7 months, make money then **holidays for 5 months, take a break – visit India, USA etc. in winter months**

**14 Room Motel + 2 Apartments – Near Sudbury - $1.1M**

Indoor corridor – easy to manage in winter months, right on Hwy 17 & snow mibile trail, Renovated Rooms. No competition, endless oportunities to grow for the right buyer.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make over 50K in pocket**

**12 Room Motel - $799,000**

Hwy 11, Near New Liskeard
Indoor Corridor, **Easy One Man Operation**
2 Hrs from North Bay

**Coming up For Sale – Motels**

- 12 Room Motel – Near North Bay
- 35 Room Motel – 8 Hrs North of GTA
- 21 Room Motel – Muskoka Area

**Need Working Partner to Run Motels**

Wiling to invest min $200,000. Partnership % + Salary to run the motel. **Must be PR or Citizen,** Must know good English & Computer

**Motel Jobs Avaiable**

Front Desk and Housekeeping
**(must speak good English)**
Free Acomodation + Compititive Salary

**Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100**